Website : www.rakhewaldaily.com     Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૧૦૭
તા.૨૩-૦૫-૨૦૧૮, બુધવાર
સંવત ૨૦૭૪ અધિક જેઠ સુદ - ૦૯
પાના : ૮ ● કિંમત રૂ.૨-૦૦

સૂર્યોદય : ૦૫:૫૬  સૂર્યાસ્ત : ૦૭:૧૭

તાપમાન

| | | | |
|---|---|---|---|
| ડીસા | ૪૪.૧ | વડોદરા | ૪૧.૬ |
| અમદાવાદ | ૪૩.૪ | સુરત | ૩૪.૦ |
| ગાંધીનગર | ૪૩.૫ | નલિયા | ૪૪.૨ |

ચાંદી : ૪૧૦૦૦  સોનું : ૩૧૭૦૦

P.R.No. GBK/06/2018-20  RNI No 20508/71  Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ  પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેકસ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭  જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# આજે કર્ણાટકમાં કુમારસ્વામીની તાજપોશી

## સોનિયા અને રાહુલ ગાંધી શપથવિધિમાં ઉપસ્થિત રહેશે : શપથવિધિને ભવ્ય બનાવવા માટે કોંગ્રેસ અને જેડીએસ દ્વારા ખાસ આયોજન : અનેક બિન ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓને પણ આમંત્રણ અપાયું

બેંગ્લોર

કર્ણાટકમાં જોરદાર નાટ્યાત્મક ઘટનાક્રમના દોર બાદ આવતીકાલે જેડીએસના કુમારસ્વામી મુખ્યપ્રધાન તરીકેના શપથ લેશે. શપથવિધીમાં હાજરી આપવા માટે યુપીએના અધ્યક્ષ સોનિયા ગાંધી અને કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી પણ પહોંચી રહ્યા છે. આ ઉપરાંત બિન ભાજપ શાસિત રાજ્યોના કેટલાક મુખ્યપ્રધાન પહોંચે તેવી પણ શક્યતા રહેલી છે. બેંગલોરમાં શપથવિધી યોજાનાર છે. કર્ણાટકમાં લાંબી કાયદાકીય લડાઇ બાદ હવે જેડીએસ અને કોંગ્રેસની સરકાર બનવા જઇ રહી છે. કુમારસ્વામી મુખ્યપ્રધાન રહેશે. કોંગ્રેસ પાર્ટીના સભ્યો સરકારમાં સામેલ થશે.



સરકારની રચનાને લઇને બેંગ્લોરમાં આજે મહત્વપૂર્ણ બેઠક થઇ હતી. બુધવારના દિવસે છે. ૧૬ ધારાસભ્ય લિંગાયત સમુદાયના છે. ૧૧ વોકાલિગા સમુદાયના છે. કુમારસ્વામી પોતે વોકાલિગા સમુદાયના છે. એમ માનવામાં આવે છે કે, કેબિનેટમાં મુસ્લિમોને પણ મોટું પ્રતિનિધિત્વ મળી શકે છે. કોંગ્રેસમાં સાત ધારાસભ્ય મુસ્લિમો હોવાનું જાણવા મળ્યું છે. ભાજપના એક વરિષ્ઠ નેતાનું કહેવું છે કે, યેદીયુરપ્પાના રાજીનામા બાદ પણ બાબત પુરી રીતે ખતમ થઇ નથી. કર્ણાટકમાં બાજી હવે શરૂ થઇ રહી છે. આ ખેલથી રાષ્ટ્રીય રાજનીતિમાં ફેરફાર થશે. કોંગ્રેસ પાર્ટી હજુ પણ સાવધાન થયેલી છે. કોંગ્રેસ હાઈકમાન્ડ માને છે કે, કર્ણાટક એવી જગ્યા છે જ્યાં શાહ અને તેમની ચાણક્ય પોલિટિક્સમાં દક્ષિણમાં ફટકો આપી શકાય છે. મુખ્યપ્રધાનપદના શપથ થશે. ત્યારબાદ સ્પીકરની ચૂંટણી યોજાશે. કુલ ૩૩ સભ્યોની સરકારમાં જેડીએસ ના મુખ્યપ્રધાન સહિત ૧૩ સભ્યો રહેશે. અને કોંગ્રેસના ૨૦ સભ્યોને પ્રધાનપદ અપાશે. કર્ણાટકના મુખ્યમંત્રી પદની શપથ લેતા પહેલા જેડીએસ નેતા એચડી કુમારસ્વામીએ ગઇકાલે સોમવારે દિલ્હીમાં કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીને મળીને તેમની સાથે વાત કરી હતી.

## પાલનપુરમાં બાકી કરવેરા પેટે બે હજાર દબાણકારોને પાલીકાની નોટિસ

પાલનપુર

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાની હદમાં કેટલાક લોકોએ દબાણ કરી કાચા- પાકા મકાનો બનાવ્યા છે. આ દબાણકારો પાસેથી નગરપાલિકા દર વર્ષે નિયત કરેલા કરવેરા વસુલ કરે છે. જોકે, કેટલાક રિઢા બાકીદારો કરવેરા ભરપાઇ કરતા નથી. ત્યારે આવા ૨૦૦૦ રીઢા દબાણકારોને કરવેરા ભરી જવા આખરી નોટિસ ફટકારતા બાકીદારોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

પાલનપુર શહેરના કેટલાક વિસ્તારોમાં નગરપાલિકા હદમાં લોકો વર્ષોથી દબાણ કરી કાચા- પાકા મકાનો બાંધી વસવાટ કરી રહ્યા છે. નગરપાલિકા દ્વારા આવા દબાણોનું વોર્ડ વાઈઝ સરવે કરી દબાણવાળી મિલ્કતો પાલિકાના દબાણ આકારણી રજીસ્ટરે નોંધવામાં આવી છે. અને દબાણકર્તાઓ પાસેથી નિયત કરેલો ઘરવેરો,

અનુસંધાન પાના નં.૬

### કયા વિસ્તારમાં દબાણો થયા છે

પાલનપુર નગરપાલિકાના અગિયાર વોર્ડ પૈકીના ગોબરીરોડ, પટણીનગર, ચામડા મીલ, હરિપુરા, એફસીઆઈ ગોડાઉન વિસ્તાર, અશોક સોસાયટી, બેચરપુરા, મીરા દરવાજા, કિર્તિપુરા વણકરવાસ, મીઠી વાવડી, સલેમપુર થુંબડા સહિતના વિસ્તારમાં લોકોએ દબાણ કર્યા છે.

### ૩ દિવસનું અલ્ટીમેટમ

પાલનપુર નગરપાલિકા દ્વારા ગત વર્ષે આ દબાણકર્તાઓ પાસેથી કુલ રૂપિયા ૨૧,૦૦,૫૪૦નો કરવેરો વસુલવામાં આવ્યો હતો. આ વર્ષે અત્યાર સુધીમાં સાત લાખના કરવેરાની વસુલાત કરવામાં આવી છે. બાકીનો કરવેરો ભરપાઈ કરી જવા દબાણકર્તાઓને આખરી નોટિસ આપવામાં આવી છે. જેમાં ૩ દિવસના અલ્ટીમેટમ બાદ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

## વિચાર વૈભવ...

### જાસૂદ

બે મિત્રો.. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર અને ખુદીરામ બોઝ...

અવારનવાર ભેગા થાય.. વિધવિધ વિષયો પર ચર્ચા-વિચારણા કરે..

એકવાર ઈશ્વરચંદ્રના ઘરે બન્ને બેઠા હતા. કલાકેક ગોષ્ઠી કરી. ત્યારબાદ ખુદીરામની આગતા કરવામાં મિત્રે નારંગી પીરસી..

હાથે માવજત કરેલી વાડીની સુંદર ગુણવત્તા ધરાવનારી નારંગીના મીઠાશની ભરપૂર પ્રશંસા કરી.. પ્રશંસા કરતાં કરતાં ખુદીરામ નારંગીની ચીરી ચૂસતાં જાય છે અને ચૂસી- ચૂસીને ચીરી બહાર નાંખતા જાય છે.

વિદ્યાસાગરજીએ આ પરિસ્થિતિને જોઈ.. ખુદીરામને કહ્યું: 'બોઝ, આ રીતે આ ચીરી ફેંકી દેવી ઉચિત નથી.. આ પણ કોઈકના કામમાં આવી શકે છે.'

'આ કચરો - કૂચો કોના કામમાં આવવાનો હતો? આ તે કોઈ ખાતું હશે?' ખુદીરામે નાક મચકોડતાં કહ્યું.

વિદ્યાસાગરજીએ સાગરની ગંભીરતા ધારણ કરતાં કહ્યું: 'મિત્ર! એક કામ કર. હવે પછીની ચીરી- કૂચો આ બારીથી બહાર ફેંકી ના દેતા. બારીની બહાર મૂકી રાખજે. આપણે અહીં બેઠા- બેઠા તેની ઉપયોગિતાને નીહાળીશું.' ખુદીરામે હવે નારંગીની ચીરી ચૂસીને બારીની બહાર મૂકી અને મિત્ર ઈશ્વરચંદ્ર પાસે આવી સ્થાન જમાવ્યું.

બન્ને મિત્રો વાતોએ વળગ્યા. પણ ધ્યાન તો બારી તરફ જ હતું.

થોડીવાર પછી ત્યાં બારી પાસે એક કાગડો આવ્યો અને એ કૂચો લઈને ઊડી ગયો.

ઈશ્વરચંદ્રે ખુદીરામ તરફ ઈશારો કરતાં કહ્યું: 'જોઈ આની ઉપયોગિતા!! ખુદીરામ આશ્ચર્યથી તે તરફ જોઈ રહ્યાં.

વિદ્યાસાગરે પોતાના નામને સાર્થક કરતાં આગળ કહ્યું: ' દરેક વસ્તુ કોઈને તો કામમાં આવે જ. વ્યવસ્થિત જગ્યાએ મૂકેલી હોય તો એ બીજાના ઉપયોગમાં આવી શકે. પણ ધૂળમાં રગદોળાઈ જાય પછી તો એ વિનષ્ટ થઈ જાય છે. નિરુપયોગી થઈ જાય છે.'

ઈશ્વરની વિદ્યાને આગળ ધપાવતાં તેમણે કહ્યું: 'કોઈ પણ વસ્તુને ફૂંકી દેતા પહેલાં તેની દરેક ઉપયોગી શક્યતાને વિચારી લેવી જોઈએ. વસ્તુનો સો ટકા ઉપયોગ કરવો એ જ તેની સાચી ઉપયોગિતા છે.'

ઉપયોગિતાના ઉપયોગી વકતવ્યને સાંભળી ખુદીરામ ઈશ્વર પ્રતિ નતમસ્તક થઈ ગયા.

-પં.રાજહંસવિજયજી ગણિ

## બનાસકાંઠામાં ટેકાના ભાવે રાયડાની ખરીદીમાં ભેદભાવ આચરાતો હોવાના ગંભીર આક્ષેપો

### પાલનપુરના ખેડૂતો પાસેથી ખાતા દિઠ ૧૬૦૦ કિલો જ્યારે અન્ય તાલુકામાં ૨૫૦૦ કિલો રાયડો ખરીદવામાં આવતો હોવાની રાવ

ડીસા

સરકાર દ્વારા રાયડાની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી રહી છે. જોકે, હવે સેન્ટરો ઉપર રાયડો લેવામાં ભેદભાવ રાખવામાં આવતો હોવાની રાવ ઉઠી છે. જ્યાં પાલનપુરના ખેડૂતો પાસેથી ખાતા દિઠ ૧૬૦૦ કિલો જ્યારે અન્ય તાલુકામાં ૨૫૦૦ કિલો રાયડો ખરીદવામાં આવી રહ્યો છે. આ મુદ્દે કિસાનસંઘ દ્વારા આંદોલનની ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

બનાસકાંઠા જિલ્લામાં રાયડાની ખરીદીમાં ખેડૂતો સાથે ભેદભાવ રાખવામાં આવી રહ્યો છે. આ અંગે ભારતીય કિસાન સંઘના પાલનપુર તાલુકા પ્રમુખ માવજીભાઇ ચૌધરીએ જણાવ્યું હતુ કે, જીલ્લાના તમામ સેન્ટરો ઉપર જઇને ખરાઇ કરતાં જણાયું હતુ કે, પાલનપુર તાલુકા સંઘ દ્વારા પાલનપુર તાલુકાના ખેડૂતોના એક ખાતા દિઠ ૧૬૦૦ કિલો રાયડો લેવામાં આવી રહ્યો છે. જ્યારે બાકીના સેન્ટર ઉપર એક ખેડૂત ખાતા દિઠ ૨૫૦૦ કિલો રાયડો લેવામાં આવી રહ્યો છે. આ અંગે તાલુકા સંઘમાં પુછતાં તેઓ એવું જણાવી રહ્યા છે કે, અમને સરકાર દ્વારા ૧૬૦૦ કિલો રાયડો ખરીદવાનો જ પરિપત્ર કરવામાં આવ્યો છે. તો શુ સરકાર આવી રીતે ખેડૂતો સાથે ભેદભાવ કરી શકે? પાલનપુર મામલતદાર પણ પહેલા રજુઆત કરો પછી તપાસ થશે તેવા ઉડાઉ જવાબ આપી રહ્યા છે.

### ધરણાં યોજવાની ચીમકી

સરકાર દ્વારા પાલનપુરતાલુકાના ખેડૂતોને રાયડાની ખરીદીમાં અન્યાય કરવામાં આવી રહ્યો છે. તાલુકા સંઘ અને વહિવટીતંત્રના અધિકારીઓ આ મુદ્દે ખેડૂતોને સહાય કરતા નથી. ત્યારે જો સરકાર દ્વારા પાલનપુર તાલુકાના ખેડૂતો પાસેથી પણ ખાતા દિઠ ૨૫૦૦ કિલો રાયડો ખરીદવામાં નહી આવે તો અમો તા. ૨૪-૦૫-૨૦૧૮ના રોજ પાલનપુર તાલુકા સંઘ આગળ ધરણાં યોજવાની ચીમકી ઉચ્ચારી હતી.

## ૮૫ ટકા સ્થાનિક યુવાનોની ભરતી મુદે..

# બહુચરાજી નજીક મારૂતિ-સઝુકી વિરૂધ્ધ ઉગ્ર આંદોલનના ભણકારા

### બેરોજગારોના હીતમાં કોંગ્રેસ આગેવાનો લડી લેવાના મૂડમાં





### ૧૨ જૂન સુધીનું અલ્ટીમેટમ : હાઈવે ઉપર કન્ટેનરો રોકાશે

ચાણસ્મા

યાત્રાધામ બહુચરાજી નજીક મારૂતિ-સઝુકી કંપનીને પ્લાન્ટ નાખવા રાજ્ય સરકારે કરોડોના મૂલ્યની જમીન પાણીના ભાવે આપી દીધા છતાં કંપની દ્વારા કરાર મુજબ ૮૫ ટકા સ્થાનિક બેરોજગારોને નોકરી આપવામાં આવતી નથી. જેની સામે બહુચરાજી, ચાણસ્મા, માંડલ અને અમદાવાદ વિસ્તારના બેરોજગાર યુવાનો અને વાલીઓમાં આક્રોશ ભભૂકી ઉઠ્યો છે. બેરોજગાર યુવાનોના હિતને ધ્યાને લઈ આજે બહુચરાજીમાં કોંગ્રેસ કાર્યકરોનું વિશાળ સંમેલન યોજાયું હતું. જેમાં ધારાસભ્ય ભરતજી ઠાકોરે ૧૨ મી જૂન સુધીમાં કંપની દ્વારા ૮૫ ટકા સ્થાનિક યુવાનોની ભરતી કરવા અંગે કોઈ નિર્ણય નહીં લેવામાં આવે તો હાઈવે પર મારૂતિના કન્ટેનરો રોકી ચક્કાજામ કરવાની જાહેરાત કરાઈ હતી.

બહુચરાજીની ઉમિયાવાડીમાં યોજાયેલા કોંગ્રેસ કાર્યકરોના સંમેલનને સંબોધતાં ધારાસભ્ય ભરતજી ઠાકોરે જણાવ્યું કે, રાજ્ય સરકાર દ્વારા મારૂતિ-સુઝુકી કંપનીને મફતના ભાવે ૭૦૦ હેકટર જમીન તેમજ રાહતદરે પાણી અને વીજળી પૂરાં પાડવામાં આવે છે. સામે સ્થાનિક ૮૫ ટકા બેરોજગાર યુવાનોની ભરતી કરવાની હતી. આ કરારનો છડેચોક ભંગ કરી કંપની દ્વારા સ્થાનિકની જગ્યાએ યુપી, બિહાર સહિત પર પ્રાંતિયોની મોટાપાયે ભરતી કરવામાં આવી રહી છે.ગુજરાતમાંથી જે યુવાનોની ભરતી કરાય છે તેમાંય ૫૦ કિમીની ત્રિજ્યાના બેરોજગારોને હડધૂત કરવામાં આવી રહ્યા છે. સ્થાનિક યુવાનોને થઈ રહેલા અન્યાય સામે અવાજ ઉઠાવવા આજથી ૨૦ દિવસ સુધી ગામેગામ બેરોજગાર યુવાનોની નોંધણી કરીશું. ત્યારબાદ બેઠક કરી ધરણાં અને પછી કંપનીના કન્ટેનરોનો ચક્કાજામ કરવાનો કાર્યક્રમ આપવામાં આવશે. જેમાં ૧૦ હજારથી વધુ યુવાનો જોડાશે. તેમણે એવી પણ ચીમકી ઉચ્ચારી કે કંપની આમ છતાં નહીં માને તો બહુચરાજી વિસ્તારમાં ભાડે રહેતા પરપ્રાંતિયો પાસેથી મકાનો ખાલી કરાવવામાં આવશે. ધારાસભ્યે જણાવ્યું કે, આ અગાઉ અમે કંપનીના સંચાલકોને મળ્યા ત્યારે તેમણે સ્થાનિક યુવાનોને રાખીએ તો તેઓ યુનિયન બનાવે છે અને કંપનીના નિયમોનું પાલન નથી કરતાં તેવા બહાના બતાવ્યા હતા.

અનુસંધાન પાના નં.૬

## હાર્દિક પટેલ કોંગ્રેસનું પીઠું : જીતું વાઘાણી






ભરત સુંદેશા

### ડીસા ખાતે પ્રદેશ ભાજપ પ્રમુખે સ્થાનિક અગ્રણીઓ સાથે બેઠક યોજી

ડીસા

આગામી ૨૦૧૯માં યોજાનારી લોકસભાની સામાન્ય ચૂંટણીઓ પૂર્વે ભારતીય જનતા પાર્ટી દ્વારા સંગઠનને મજબુત બનાવવા માટેની કવાયત શરૂ કરી દેવાઈ છે. ત્યારે આજે બનાસકાંઠા જીલ્લા ભાજપ સંગઠનને સંબોધવા માટે ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ ગતરોજ ડીસાની મહેમાનગતિ માણી સ્થાનિક અગ્રણીઓ અને કાર્યકરો સાથે બેઠક યોજી પક્ષના સંગઠનને વધુ મજબૂત કરવા આહવાન કર્યું હતું.આ બેઠક બાદ પત્રકારો સાથેની વાતચીતમાં જીતુભાઇ વાઘાણીએ પાટીદાર નેતા હાર્દિક પટેલને કોંગ્રેસનું પીઠું ગણાવ્યો હતો.

ડીસાના જલારામ મંદિરના સભાખંડમાં આગામી લોકસભાની ચૂંટણીને

અનુસંધાન પાના નં.૬

## ગતકડું....

- દેવન વ્યાસ



અધિકમાસનું હું પણ વ્રત કરૂ છું, આરોગ્ય અધિક સારૂ રહે ને ?

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ.રમેશ આઈ.પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

૧૦-૧૫ વર્ષથી સંતાન નથી ?
હવે... મુંબઇ-અમદાવાદ જેવી સારવાર ડીસામા...
ઉત્તર ગુજરાતનું પહેલું તથા એક માત્ર...
સીટી જેમ આઇ.વી.એફ. સેન્ટર
+ ટેસ્ટ ટયુબ બેબી સેન્ટર +
ડૉ. સંજય ગાંધી આઇ.વી.એફ.સ્પેશ્યાલીસ્ટ
સ્ત્રીને નસ બંધ હોય  પુરૂષને શુક્રાણું ઓછા હોય
આરતી હોસ્પિટલ - ડીસા (બનાસકાંઠા)
ફોન : (૦૨૭૪૪)૨૨૦૪૫૭ મો.૯૮૨૪૦૧૪૫૦૨

શું તમે નીચેની બિમારીઓથી પરેશાન છો ?
• માથાનો દુઃખાવો
• ખેંચ-વાઇ
• લકવો-પક્ષાઘાત
• મગજનો ટીબી
• ચક્કર
• યાદશક્તી ઓછી થવી
• હાથપગની ધ્રુજારી
• નસોની નબળાઇ
• હાથપગમાં ઝણઝણાટી
• સાયેટીકા
• ગરદન અને કમરના મણકાની તકલીફો
ડૉ.વિશાલ જોગી (D.M.Neurology) ન્યુરોફીઝીશીયન
અમદાવાદના મગજ અને ચેતાતંતુના નિષ્ણાંત ડોકટર
દર શુક્રવારે મળશે.
રાજસ્થાન હોસ્પિટલ
ડૉ.કલ્પેશ તલાટીની બાજુમાં, ગાયત્રી લેબોરેટરીની સામે, ગાયત્રી મંદિરની સામે, ડીસા. ફોન : ૦૨૭૪૪-૨૨૫૬૨૦

## બેસણું



સ્વ.શારદાબેન શંકરલાલ દવે

સ્વ.તા.૨૧/૫/૨૦૧૮, સોમવાર

અમારા પૂજ્ય માતૃશ્રી શારદાબેન શંકરલાલ દવેનું દુઃખદ અવસાન તા.૨૧/૫/૨૦૧૮ ને સોમવારના રોજ થયેલ છે. (પ્રભુને ગમ્યું તે ખરૂં), સદ્ગતનું બેસણું તા.૨૪/૫/૨૦૧૮ ને ગુરૂવારના રોજ રાખેલ છે.

સ્થળ : મું.લુદરા, તા.દિયોદર, જિ.બ.કાં.

લિ. કમલેશભાઈ શંકરલાલ દવે (પુત્ર)
મો.૯૦૯૯૪૪૫૪૩૨
સમસ્ત દવે પરિવાર લુદરા

## સૂર્યોદય - ૫.૫૭ સૂર્યાસ્ત - ૭.૧૭

## તિથિદર્શન

જેઠ સુદ-૯ બુધવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ જેઠ સુદ :નોમ બુધવાર નક્ષત્ર :પૂર્વ ફાલ્ગુની રાત્રે ૭.૫૫ પછી ઉત્તર ફાલ્ગુની યોગ :હર્ષણ કરણ: બાલવ આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ.ટ.) રાત્રે ૧.૫૧ પછી કન્યા (પ.ઠ.ણ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે. - જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

**કો ન યાતિ વશં લોકે, મુખે પિંડેન પૂરિતઃ**
**મૃદંગોઅપિ મુખલેપેન કરોતિ મધુરાધ્વનિમ્**

ભાવાર્થ : જો મોઢામાં લાંચની કટકીનો ટુકડો નાખવામાં આવે તો કોણ વશ થતું નથી? અર્થાત્ લાલચ આપવાથી સૌ કોઈ વશ થઈ જ જાય છે, દાખલા તરીકે, જાડી ચામડીનું નિર્જીવ મૃદંગ તબલું પણ તેના મુખ પર લેપન કરવામાં આવે તો એ પણ મધુર અવાજ ઉત્પન્ન કરવા લાગે છે.'

આપણા સંસ્કાર બચપણથી અને ગળથૂથીથી જ શરૂ થાય છે. ખાયકીના સંસ્કાર. બાળક જન્મે કે તરત કાગારોળ કરવા લાગે, મા માંડ ઊભી થઈ તેના હોઠ પર મધ મૂકે- બાળક શાંત થઈ જાય.

નિશાળ જવામાં, હોમવર્ક કરવા કે પરીક્ષાની તૈયારી માટે કેડબરીથી સાઈકલ સુધીનાં પ્રલોભનનો ગોળ આપણે કોણીએ ચોંટાડી 'કંઈક મળે તો જ કામ થાય, કામ કરાય' ની ટેવ દ્રઢ કરતાં રહીએ છીએ.

જો કોઈ 'નાણાં' દેખીતા સ્વરૂપે ન લેતા હોય તો તેને હેલિકોપ્ટર, પ્લેનની ટિકિટ, ભેટો- પેકેટો ભીડ ભેગી કરી આપવાનો ખર્ચ, ચૂંટણી ફંડ નિર્ણયમાં કમિશન, મલાઈનું મધ ચડાવવામાં આવે છે. આજના યુગમાં દરેક કામના ચાર્ટ, ભાવપત્રક નિશ્ચિત થઈ ગયા છે. વાળંદની દુકાને ભાવની યાદી મૂકેલી હોય છે, એવો જ ભાવ મૂંડન કરાવવા માટે સરકારી ખાતાં આસપાસ ફરતાં ક્રિયાકાંડ કરતા એજન્ટો પાસેય હોય જ છે. પ્રાચીન સમયનો આ શ્લોક જો આમ કહેતો હોય તો આજકાલના અન્ના આમાં શું કરી શકે ?!

## આપની આજ
- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)વ્યવસાયિક સંબંધિત કાર્યમાં પ્રગતિ થાય. સ્વમાન ભંગનો યોગ છે.**
**વૃષભ : (બ.વ.ઉ.) માનસિક ચિંતા અનુભવાય. કાર્યભારમાં વધારો થાય.**
**મિથુન : (ક.છ.ઘ.)આવક-જાવક સરભર રહે. હિતશત્રુઓને પીછેહટ કરવી પડે.**
**કર્ક : (ડ.હ.) અટકેલા કાર્યોમાં પ્રગતિ થાય. રોકાયેલા નાણાં છૂટા થાય.**
**સિંહ : (મ.ટ.)ધંધા-નોકરીને લગતા કાર્યમાં લાભ થાય. આકસ્મીક પ્રવાસ-મુસાફરી થાય.**
**કન્યા : (પ.ઠ.ણ.)ધંધા-નોકરીને લગતા કાર્યમાં સાવધાની રાખવી. ગેરસમજના ભોગ ન બની જવાય તે જોજો.**
**તુલા : (ર.ત.)આર્થિક વ્યવહારમાં સંભાળવો. અગત્યના કાર્યમાં સફળતા મળે.**
**વૃશ્ચિક : (ન.ય.)નવિન શુભ સમાચાર મળે. માનસિક પ્રસન્નતામાં વધારો થાય.**
**ધન : (ભ.ફ.ધ.) નવિન કાર્યમાં સફળતા મળે. નજીકના સંબંધીથી લાભ થાય.**
**મકર : (ખ.જ.) આર્થિક મુંઝવણમાં વધારો થાય. વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું.**
**કુંભ : (ગ.શ.સ.)વડીલવર્ગ કે ઉચ્ચ અધિકારીથી લાભ થાય. યશ, માન, પ્રતિષ્ઠામાં વધારો થાય.**
**મીન : (દ.ચ.જ.થ.)ગૃહવિવાદ ન થાય તે જોજો. ભાગીદાર સાથે મનદુઃખ થાય.**

## આજનો દિન મહાન
- યશવંત કડીકર

અર્વાચીન યુગના આર્ષદ્રષ્ટા, અમેરિકન ઋષિ અમેરિકાની નવી દુનિયામાં જગતને નવસંદેશ આપનાર રાલ્ફ વાલ્ડો એમર્સનની જન્મજયંતી છે.

એમોન જન્મ તા.૨૩/૫/૧૮૦૩ના રોજ અમેરિકાના બોસ્ટન મુકામે થયો હતો.

એમના સાહિત્યસર્જનમાં નિબંધનું સ્થાન સર્વોપરી છે. જગતના ઉત્તમોત્તમ સાહિત્યમાં આજે એમર્સનના નિબંધોની ગણના થાય છે.

આ મહાન સાહિત્યસ્વામીનું ઈ.સ. ૧૮૮૨માં અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001 : 2015 CERTIFIED
।। રોકાણકારોની શ્રદ્ધા અતૂટ.... અમે વિશ્વાસનું પ્રતિક ।।
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

## તા. ૨૩.૦૫.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

**નિફ્ટી ફ્યુચર ૧૦૪૭૪ પોઈન્ટ સ્ટ્રોંગ સપોર્ટ ....!!!**

**તા. ૨૨.૦૫.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૫૫૫ પોઈન્ટ :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૪૭૪ પોઈન્ટના પ્રથમ અને ૧૦૪૪૭ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૫૮૮ પોઈન્ટ થી ૧૦૬૦૬ પોઈન્ટ, ૧૦૬૧૬ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૦૬૦૬ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા. ૨૨.૦૫.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૫૮૩૭ પોઈન્ટ :- આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૫૭૦૭ પોઈન્ટના પ્રથમ અને ૨૫૬૩૩ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૫૯૦૯ પોઈન્ટ થી ૨૫૯૩૩ પોઈન્ટ, ૨૬૦૦૬ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૬૦૦૬ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**ડો. રેડી (૨૦૧૫) :- ફાર્મા ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૨૦૦૨ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૯૮૮ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૨૦૩૭ થી રૂ.૨૦૪૫ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૨૦૪૫ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**ઇન્ડીગો (૧૧૪૫) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૧૨૭ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૧૧૨ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૧૫૭ થી રૂ.૧૧૬૫ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**ટેક મહિન્દ્રા (૬૯૦) :- રૂ.૬૭૬ નો પ્રથમ તેમજ રૂ.૬૬૪ ના બીજા સપોર્ટથી ટેક્નોલોજી સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૭૦૪ થી રૂ.૭૧૩ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**જેટ એરવેઝ (૪૨૧) :- એરલાઇન્સ સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૪૩૭ થી રૂ.૪૪૨ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૪૦૭ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**HDFC લિમિટેડ (૧૮૧૭) :- રૂ.૦૨ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૧૮૦૧ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક ફાઇનાન્સ સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૧૮૩૪ થી રૂ.૧૮૪૨ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**બાટા ઈન્ડિયા (૭૫૫) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફૂટવેર સેક્ટર નો આ સ્ટોક રૂ.૭૭૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૭૨૭ થી રૂ.૭૧૮ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૭૮૮ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**તાતા મોટર્સ (૩૦૯) :- રૂ.૩૧૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૩૨૩ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૨૯૪ થી રૂ.૨૮૬ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૩૨૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**એસ્કોર્ટસ (૮૯૭) :- ઓટો સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૯૨૩ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૮૮૪ થી રૂ.૮૭૦ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**તાતા કેમિકલ (૭૩૦) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફર્ટિલાઈઝર સેક્ટરનો આ સ્ટોક રૂ.૭૪૪ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૭૧૮ થી રૂ.૭૦૭ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૭૬૧ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**બર્જર પેઈન્ટસ (૨૯૩) :- રૂ.૩૦૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૩૧૩ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૨૮૯ થી રૂ.૨૮૧ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૩૧૪ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!!

## સ્વ.હંસાબેન મહેન્દ્રભાઈ પંચાલની સ્મૃતિમાં કોમ્પ્યુટર કીટ અર્પણ કરાઈ



ડીસા

ડીસામાં રોટેરીયન મહેન્દ્રભાઈ પંચાલને જુના જમાનાની ચીજવસ્તુઓનો સંગ્રહ કરવો તથા દેશ દુનિયાની ટપાલ ટીકીટ તથા ચલણી નોટો તથા દુનિયાના પ્રસિધ્ધ વ્યક્તિઓના ઓટોગ્રાફ મેળવવાનો શોખ છે અને આ શોખ પ્રદર્શન રૂચિથી લોકોને માહિતગાર કરે છે. સાથે સાથે છેલ્લા ઘણા સમયથી ચિત્ર શિક્ષક ચંદુભાઈ એ.ટી.ડી.ની પ્રેરણા અને માર્ગદર્શનથી શાળાના ધોરણ એકથી આઠના વિકલાંગ બાળકોને શૈક્ષણિક કીટ તથા યુનિફોર્મ દર વર્ષે આપવાની એક પહેલ કરી છે. જે અંતર્ગત સ્વ. હંસાબેન મહેન્દ્રભાઈ પંચાલની સ્મૃતિમાં કુ.નીકીતી પરેશભાઈ નાઈ કે જે ચાલુ વર્ષે ધોરણ -૧૨ સરકારી ઉચ્ચતર માધ્યમિક કન્યા વિદ્યાલય, પાલનપુરમાં અભ્યાસ કરી પરીક્ષા આપી છે. તે વધુ અભ્યાસ સારી રીતે કરી શકે તેવા આશયથી કોમ્પ્યુટર- સીપીયુ- તથા કી બોર્ડની તમામ સાધન સામગ્રી આપી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે કુ.નીકીતાએ જણાવ્યું કે માતા- પિતાની પ્રેરણાથી મારે પ્રોફેસર બનવાની ઈચ્છા છે.

## ગુજરાતમાં આગઝરતી ગરમી જારી : પારો ૪૫ ઉપર પહોંચ્યો

અમદાવાદ

અમદાવાદ શહેરમાં આજે પણ કાળઝાળ ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. અનેક વિસ્તારોમાં પારો ૪૫થી પણ ઉપર પહોંચ્યો હતો. આગામી બે દિવસ માટે હિટવેવની ચેતવણી પણ જારી કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર અને કચ્છના જુદા જુદા ભાગોમાં પારો ૪૧થી ૪૫ સુધી રહી શકે છે જ્યારે ઉત્તર ગુજરાતના વિવિધ ભાગોમાં પારો ૪૦થી ૪૪ વચ્ચે રહેવાની ચેતવણી જારી કરાઈ છે. આવી જ રીતે દક્ષિણ ગુજરાતમાં પણ પારો વધારે રહી શકે છે. આજે સૌથી વધુ ગરમીનો અનુભવ કંડલા એરપોર્ટ અને સુરેન્દ્રનગરમાં થયો હતો. જ્યાં મહત્તમ તાપમાન ૪૫ ડિગ્રી રહ્યું હતું. અમદાવાદમાં આજે પારો ૪૩.૪ ડિગ્રી રહ્યો હતો. બપોરના ગાળામાં લોકોએ આગઝરતી ગરમીનો અનુભવ કર્યો હતો. બીજી બાજુ વધતી ગરમી વચ્ચે પાણીજન્ય કેસની વાત કરવામાં આવે તો મે મહિનામાં ૧૯ દિવસના ગાળામાં જ ઝાડા ઉલ્ટીના ૭૪૩ કેસ સપાટી ઉપર આવ્યા છે જ્યારે કમળાના ૧૯ જ દિવસમાં ૧૭૩ અને ટાઈફોઈડના ૨૦૪ કેસ સપાટી ઉપર આવ્યા છે. બીજી બાજુ મચ્છરજન્ય કેસોની વાત કરવામાં આવે તો સાદા મેલેરિયાના ૧૯ દિવસના ગાળામાં ૨૭૬ કેસ નોંધાયા છે. વર્ષ ૨૦૧૭માં મે મહિનામાં ૧૧૦૦ કેસ સાદા મેલેરિયાના નોંધાયા હતા. આ મહિનામાં ઝેરી મેલેરિયાના ૦૪ કેસો સપાટી ઉપર આવ્યા છે. રસ્તાઓ સુમસામ દેખાયા હતા. બપોરના ગાળામાં આગઝરતી ગરમીનો અનુભવ કર્યો હતો. તાપમાનમાં આંશિક ઘટાડો થયો હોવા છતાં અમદાવાદમાં બપોરના ગાળામાં ભરચક રહેતા વિસ્તારો પણ સુમસામ દેખાતા હતા.

અનુસંધાન પાના નં.૬

## પાલનપુરની ફેકટરીના બગીચામાં ગાંજાનો છોડ મળી આવતા ચકચાર



સંજય જોષી

**એસ.ઓ.જી.ની ટીમે રૂપિયા ૨૫,૨૦૦ની કિંમત કરી એક શખ્સ સામે કાર્યવાહી**

પાલનપુર

પાલનપુર ડીસા હાઈવે નજીક આવેલી એક ફેકટરીના બગીચામાં ગાંજાનો છોડ હોવાની બાતમી મળતા બનાસકાંઠા એસઓજીની ટીમે મંગળવારે સાંજે છાપો માર્યો હતો. જ્યાં છોડ મળી આવતા તેની રૂપિયા ૨૫,૨૦૦ની કિંમત ગણી એક શખ્સ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પાલનપુર ડીસા હાઈવે ઉપર લડબી નાળા નજીક આવેલી એક ફેકટરીના બગીચામાં ગાંજાનો છોડ હોવાની બાતમી મળતા બનાસકાંઠા એસઓજી પીઆઈ એસ.એ. ડાભીએ સ્ટાફ સાથે ગત સાંજે છાપો માર્યો હતો. જ્યાં ફેકટરીના બગીચામાં વાવેલો ગાંજાનો છોડ મળી આવ્યો હતો. તેની પંચો રૂબરૂ ૪ કિલો ૨૦૦ ગ્રામ વજન અને રૂપિયા ૨૫,૨૦૦ની કિંમત ગણી વિનોદભાઈ રામાભાઈ પટેલ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે પશ્ચિમ પોલીસ મથકે વિનોદભાઈ પટેલ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## પાલનપુર સરકારી પોલીટેકનીક ખાતે ઓનલાઈન પ્રવેશ માટેનો સેમીનાર યોજાશે

પાલનપુર

સરકારી પોલીટેકનીક પાલનપુર ખાતે ડીપ્લોમા એડમીશન-૨૦૧૮ માં પ્રવેશ મેળવવા માટે ઓનલાઈન પ્રક્રિયા અંગેની વિસ્તૃત માહિતી આપવા. તા. ૨૬/૫/૧૮ શનિવારના રોજ સવારે ૧૦ કલાકે સેમિનાર યોજાશે. જેમાં વિદ્યાર્થીઓ તથા વાલીઓને ઉપસ્થિત રહેવા પાલનપુર સરકારી પોલીટે કનીક કોલેજના આચાર્ય એ જ જણાવ્યું હતું.

## વડોદરામાં શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમા બેટી બચાવો - બેટી પઢાવોના શપથ લેવાયા



મનીષ જોષી

વડોદરા

વડોદરાના ઈસ્કોન મંદિર ના પ્રાંગણમાં પવિત્ર પુરષોત્તમ માસ નિમિતે શ્રીમદ ભાગવત જ્ઞાન યજ્ઞની પુર્ણાહુતિ પુર્વે વિધાનસભાના સ્પીકર રાજેન્દ્ર ત્રિવેદી અને બીઆરજી ગૃપના ફાઉન્ડર બકુલેશ ગુપ્તા અને ગિરિશ મહેશ્વરીની ઉપસ્થિતિમા બીઆરજી સ્કૂલની વિધાર્થિનીઓએ ' બેટી બચાવો - બેટી પઢાવો ' ના શપથ લીધા હતા. સુદામા - કૃષ્ણની પરમ મૈત્રી અને પરિક્ષિત મોક્ષની કથાનો મર્મ ભાગવત ભૂષણ પુ.શ્રી બાલ વ્યાસ ગોપાલજી મિશ્રએ સમજાવ્યો હતો.

## વક્તવ્ય યોજાયું

વડોદરા

વડોદરા ખાતે બરોડા મેનેજમેન્ટ એસોસિએશનના ઉપક્રમે ઈંગ્લિશ - ગુજલીશ - હિંગ્લીશ ચલતા આ રહા હૈ..ઔર ચલતા રહેગા વિષય પર મનનીય વક્તવ્ય કે.એચ.માંકડ દ્વારા યોજાઈ ગયુ.જેનો લાભ શહેરના પ્રબુધ્ધ નાગરીકોએ લીધો હતો.

## ટિકિટ બ્લોક કરતાં સોફ્ટવેર ડિસ્ટ્રીબ્યુટરની ધરપકડ થઈ

અમદાવાદ

રેલવેની તત્કાળ ટિકિટ સોફ્ટવેર દ્વારા બુકિંગ કરીને કાળાંબજાર કરનાર એજન્ટો સામે અમદાવાદ આરપીએફ દ્વારા હવે તવાઈ બોલાવવામાં આવી છે, જેમાં શહેરના ૫૦થી વધુ આવા એજન્ટો કાર્યરત હોઈ આરપીએફ દ્વારા તેઓની સામે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જેને પગલે આવા કાળાબજારિયા એજન્ટોમાં ફફડાટની લાગણી ફેલાઈ ગઈ છે. બીજીબાજુ, પાંચ જેટલાં સોફ્ટવેર દ્વારા એજન્ટ ટિકિટ બુક કરતા હોવાનુ તપાસમાં ખુલતાં અમદાવાદ આરપીએફની ટીમે ગુજરાતમાં રેડ મિર્ચ અને અન્ય બે સોફ્ટવેર સપ્લાય કરનાર સુરતના યુવકની ધરપકડ કરી છે. તેણે અત્યાર સુધીમાં અંદાજે ૧૦૦ જેટલા લોકોને સોફ્ટવેર સપ્લાય કર્યા હોવાનું બહાર આવ્યું છે. સેન્ટ્રલ રેલવે આરપીએફ દ્વારા તાજેતરમાં કરોડો રૂપિયાના ઈ-ટિકિટનાં કૌભાંડનો પર્દાફાશ કરાયો હતો. જેના પગલે પશ્ચિમ રેલવેમાં અમદાવાદ સહિત રાજયમાં આવા ઈ-ટિકિટના કૌભાંડીઓ સામે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. અમદાવાદ આરપીએફના પીએસઆઈ એમ.એસ.ગઢવી અને તેમની ટીમે તપાસ બાદ સુરતના કિમ રોડ પર આવેલી રાજાકૃપા સોસાયટીમાં રહેતા યતેન્દ્ર ઉર્ફે યશ પટેલની ધરપકડ કરી છે. આરોપીની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે છેલ્લાં ચાર વર્ષથી પોતે આ સોફ્ટવેર ડેવલોપિંગ સાથે સંકળાયેલો છે. ગુજરાત રાજ્ય સહિત સમગ્ર ભારતમાં પોતે આ સોફ્ટવેર સપ્લાય કરે છે. એક આઈડીના ૨૫૦૦ રૂપિયા લેખે આઈડી આપવામાં આવતો હતો.

અનુસંધાન પાના નં.૬

## ભાવનાનું ફળ

પુષ્ટીમાર્ગના ગુંસાઈજી પાસે એક વેપારી આવતા. તેની શ્રધ્ધા ખૂબ જ સાચી પરંતુ તેનો સ્વભાવ ભારે કંજૂસ. તેમની પાસે અનહદ ધન હતું. પરંતુ તે સદમાર્ગે એક પૈસો પણ ખર્ચ કરવા તૈયાર ન હતા.

એક દિવસ ગુંસાઈજી કહે છે કે, ''જો ભાઈ તારે કાયાનું કલ્યાણ કરવું જ હોય તો તું ઠાકોરજીની સેવા કર''

''ઠાકોરજીની સેવા તો કરવવા તૈયાર છું. પરંતુ પછી ઠાકોરજી માટે શણગાર લેવા પડે અને તેમને ધરવા માટે દૂધ સામગ્રીના ખર્ચા કરવા પડે અને કોઈપણ પ્રકારનો ખર્ચ કરવો પડે તેવી સેવા કરવાનું મને ન ફાવે'' વેપારી શિષ્યે ગુંસાઈજીને કહ્યું.

ગુંસાઈજી કહે છે '' જો ભાઈ તારે ઠાકોરજીની સેવા જ કરવી હોય તો તને એક પૈસાનો પણ ખર્ચ ન થાય તેવી સેવા બતાવું. ઠાકોરજીની માનસિક સેવાનો એક એવો પ્રકાર છે કે જેમાં એક પૈસાનો પણ ખર્ચ ન થાય.''

'' એવી સેવા હોય તો તે મને જરૂર બતાવ જો એક પણ પૈસાનો ખર્ચ ન હોય તો એવી સેવા હું જરૂર કરીશ. મને માનસી સેવાનો એ પ્રકાર સમજાવો.'' કહી અને વેપારી ઉત્સુકતા સાથે ઠાકોરજીની માનસિક સેવા કરવા તૈયાર થઈ ગયો.

ગુંસાઈજી તે વેપારીને સમજાવતા કહે છે, '' તારે દરરોજ વહેલી સવારે ઠાકોરજીને મનોમન જગાડવા પછી મનોમન દૂધમાં ખાંડ, કેસર નાંખી અને તે દૂધ ઠાકોરજીને ધરવું. પછી તેમને સ્નાન કરાવવું. પછી તેમને શ્રૃંગાર ધરવાનું, પછી તેને ભોગ ધરવો, આરતી કરવી.

બપોરે ફરી રાજભોગ ધરવો, સાંજે ફરી ઠાકોરજીને મેવો ધરવો, તેમની આરતી કરી પછી એમને પોઢાડી દેવાના. બસ આજ નિત્ય કર્મ પ્રમાણે દરરોજ ઠાકોરજીની હૃદયપૂર્વક સેવા કરવી. સેવા કરવાથી મન પવિત્ર થાય છે અને તેથી ઠાકોરજીની કૃપા પ્રાપ્ત થાય છે.''

આ પ્રમાણે ગુંસાઈજી પાસેથી નિત્ય ક્રમને સમજી લઈ અને વેપારી તો પોતાને ઘરે ગયો. પછી તેને તો દરરોજ ઠાકોરજીની માનસી સેવા શરૂ કરી દીધી. પાંચ પૈસાનો પણ ખર્ચ ન હતો તેથી તેને માનસિક સેવામાં અલૌકિક આનંદ આવવા લાગ્યો.

પછી જ્યારે જ્યારે ગુંસાઈજી વેપારીને મળતા ત્યારે ત્યારે પુછતા, ''કેમ ભાઈ, ઠાકોરજીની સેવા કેમ ચાલે છે?''

વેપારી કહે છે, '' ખરેખર, મહારાજ ઠાકોરજીની સેવામાં મને તો હવે અલૌકિક આનંદ આવતો જાય છે.''

આમને આમ સેવા કરતા એ વેપારીએ એક દિવસ માનસી સેવા કરતા ઠાકરોજીને જગાડયા. પછી તેમને ધરવા માટે દૂધનો વાટકો લીધો અને મનોમન લીધેલા એ દૂધના વાટકામાં ખાંડ પણ નાંખી. પરંતુ ઉતાવડમાં થોડી ખાંડ વધુ પડી ગઈ હોય તેવું વેપારીને લાગ્યું એટલે તુરંત જ વેપારીનો મુળ કંજુસીયો સ્વભાવ જાગૃત થયો તે પૂજામાં તન્મય થયો હતો. દૂધની વાટકીમાંથી ખાંડ કાઢવા જ્યાં દૂધમાં હાથ નાંખવા જાય છે ત્યાં સાક્ષાત શ્રી કૃષ્ણ પ્રગટ થયા અને વેપારીનો હાથ પકડી લીધો. પ્રભુ કહે છે કે, '' અલ્યા તું તો ભારે કંજુસીયો એક તો માનસી સેવામાં ખોટે ખોટું તું દૂધ ધરે છે. એમાં ખોટે ખોટી ખાંડ નાંખે છે ને વળી તેમાંથીય ખાંડ પાછી કાઢવાની કરે છે?''

સાક્ષાત ભગવાન શ્રી કૃષ્ણનો સ્પર્શ થતાં તે વેપારીને એક અલૌકિક આનંદનું અનુભવ થયો. પછી તે સાચો વૈષ્ણવ બની પોતાની સંપત્તિનો ઠાકોરજીની સેવામાં ઉપયોગ કરતો રહ્યો. અને જીવનના અંતે તેણે ગૌલોકમાં સ્થાન મેળવ્યું.

**આજનું ભજન**

મારો શામળો સાંભળે સહ વાત ને રે,
હું તો ભુલી ગયો છું મારી જાત ને રે...
કોણ કોનું ? આ ખોટા સંસારમાં રે,
હું તો જીવું છું એના આધારમાં રે....
જેમ થતું હતું હોય એમ ભલે થઈ જતું રે,
જગ આખુ યે છાનુ ડુબી જતું રે...
મારું ભજન મને તો બહુ ભાવતું રે,
'' પુનીત'' શામળીયો કરી લેશે ફાવતું રે...

**કનકચંદ્ર સી.વ્યાસ**
**સંકલન શ્રીમતી રમણતારા કે.વ્યાસ**

## હિંમતનગરના ગ્રામ્ય પોલીસે પવિત્ર રમજાન માસમા આઈ.પી.એલ. મેચ પર સટ્ટો રમતા ચાર નબીરાઓ ઝડપાયા

**આવા કૃત્યો કરનાર સામે સમાજએ વરસાવી ફિટકારની લાગણી**

હિંમતનગર

યુવાધન જુગાર ના રવાડે ચડેલો છે. તે વાત સાર્થક થતી હોય તેમ હિંમતનગર શહેર ને અડીને આવેલ ઝહીરાબાદ વિસ્તાર ના યુવાધન છેલ્લા કેટલાક સમય થી જુગાર ની બદી પર ચડેલો છે તે વાત ચર્ચાતી હતી પરંતુ આજ વિસ્તાર ના યુવાનોએ એ વાત સાબિત કરી આપી.

પ્રાપ્ત થતી વિગત અનુસાર હિંમતનગર બાય પાસ રોડ પર આવેલ નમો હોટેલ મા સાબરકાંઠા જિલ્લા ઈન્ચાર્જ પોલીસ અધિકસક શ્રી કે એન ડામોર સાહેબ નાઓએ હાલ મા આઈ. પી.એલ ક્રિકેટ મેચ ઉપર સટ્ટો રમતા ઈસમો પર વોચ રાખી સટ્ટા ની ગેરકાયદેસર પ્રવુતિ નસ્ત નાબૂદ કરવા સૂચના આપેલ હોય નાયબ પોલિસ અધિકારી શ્રી એ.ડી.શ્રીવાસ્તવ સાહેબ હિંમતનગર વિભાગ નાઓના માર્ગદર્શન હેઠળ આજ રોજ મદદનીશ પોલીસ અધિકારી શ્રી પ્રેમસુખ ડેલુ સાહેબ ની સૂચના થી અમો એસ.ડી.ચૌધરી તથા એ.એસ.આઈ.દિનેશ ભાઈ ,પૂજાભાઈ,તથા પોલીસ કોન્સ્ટેબલ જાહિદુસેન અકબરલી તથા પોલીસ કોન્સ્ટેબલ હરપાલસિંહ જશવંતસિંહ તથા પોલીસ કોમ્સ્ટેબલ રાજદીપસિંહ પૃથ્વીસિંહ નાઓ સાથે બાતમી હકીકત આધારે બાયપાસ રોડ ઉપર ટોલ ટેક્સ નજદીક મા આવેલ નમો હોટેલ ના રૂમ નંબર ૩૦૯ મા જડતી તપાસ કરતા ચાર ઈસમો આઈ.પી.એલ. ક્રિકેટ મેચ દિલ્લી ડેડેવિલ્સ તથા મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે જીવત પ્રસારણ ઉપર પૈસા થી હાર જીત નો સટ્ટો રમતા હોઈ જે ચાર ઈસમો અનુક્રમે ૧) ઈમરાનભાઈ સત્તારભાઈ મેમણ ઉંમર વર્ષ ૩૩ રહેઠાણ ઝહિરબાદ સવગઢ તાલુકો હિંમતનગર (૨)મુનિર સલીમભાઈ મેમણ ઉંમર ૨૮ રહેઠાણ સુકુન સોસાયટી આરટ-ીઓ પાસે, (૩)ઈમ્તિયાઝભાઈ એહમદભાઈ મન્સૂરી ઉંમર ૩૪ , રહેઠાણ આરટીઓ ઓફસ પાછળ સવગઢ, (૪) જાહુરમીયા રહીમ મિયા શેખ ઉંમર ૪૩ રહેઠાણ હસનનગર, જે ચારે ઈસમો પાસે થી જુગાર રમવાની રકમ રૂપિયા ૨૦૯૨૦/- તથા એલ સી ડી ટીવી નંગ એક તથા સેટઅપ બોક્સ રિમોટ કિંમત રૂપિયા ૧૨૦૦૦/- તથા જુદી જુદી કંપનીઓ ઓના મોબાઈલ નંગ ૬ કિંમત રૂપિયા ૭૧૦૦૦/- એમ મળી કુલ રૂપિયા એક લાખ ત્રણ હજાર સાતસો દર રૂપિયા નું મુદ્દા માલ જપ્ત કરી હોટેલ માલિક તથા મેનેજર તથા ચાર ઈસમો વિરુદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નંબર ૩૨/૨૦૧૮ જુગાર ધારા કલમ ૪.૫ મુજબ ગુનો દાખલ કરી કાયદેસર ની કાર્યવાહી કરવામાં આવેલ છે.

અત્રે ઉલ્લેખનીય છેકે રમજાન માસ એ મુસ્લિમ ધર્મનો સૌથી પવિત્ર માસ ગણવામાં આવેછે સમાજનાજ કેટલાક અનિષ્ટ તત્વો દ્વારા એવા કૃત્યો કરવામાં આવેછે કે સમાજ ને બદનામી મળતી હોય છે. આવા તત્વો સામે સમાજેજ લાલ આંખ કરવાની જરૂર છે આ ઘટના ને લઈ સમગ્ર મુસ્લિમ સમાજે આવા તત્વો સામે ફિટકારની લાગણી વારસાવી રહ્યા છે.

# તંત્રી સ્થાનેથી ...

### અધિક ધનથી માણસમાં આળસ વધે છે...

## પાણીની લાઈનોમાં લીકેજની સમસ્યાને ઝડપથી નિવારવી જરૂરી

વર્તમાન સંજોગોમાં પીવાના પાણીની ગંભીર કટોકટી દરમ્યાન રોડ ઉપર ખોદકામથી તૂટતી પાઈપ લાઈનો તથા કેટલીક સડી ગયેલી પાઈપ લાઈનોમાંથી રોજ લાખો લિટર પાણી વેડફાળ છે, શું તેને રોકવાનો અમદાવાદ મ્યુનિ. તંત્ર પાસે કોઈ વિકલ્પ હશે નહિં.. રાજ્ય સરકાર દ્વારા એક બાજુ પાણી બચાવવા તેમજ લોકજાગૃતિ કેળવવા ''સુજલામ્ સુફલામ્'' જળસંચય અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. ત્યારે બીજી બાજુ શહેરના જુદા જુદા વિસ્તારોમાં મહિને પાણી લીકેજની એક હજારથી વધુ ફરિયાદો નોંધાતી હોવાનું પ્રકાશમાં આવ્યું છે. ત્યારે તંત્ર દ્વારા ફરિયાદોનો નિકાલ લાવવાના શા માટે પ્રયત્નો થતા નહિં હોય?

મ્યુનિ. દ્વારા શહેરમાં છ ઝોનમાં રોજ જરૂરિયાત મુજબનું પાણી આપવામાં આવે છે. જો કે હાલમાં પાણીની તંગીના કારણે પાણી વિતરણમાં થોડો ઘટાડો થયો છે, પરંતુ કેટલાય સમયથી ચોક્કસ વિસ્તારના નાગરિકો પીવાના પાણીમાં પ્રદુષણ તથા પ્રેશરમાં ઘટાડો અને પૂરતા પ્રમાણમાં પાણી મળતું ન હોવાની ફરિયાદો ઉઠી છે તેનું શું? અમદાવાદ શહેરના નવા પરિશ્રમ ઝોનમાં મોટાભાગની સોસાયટીઓમાં પોતાના બોરવેલ અને પાણીની ટાંકીઓ હોવાથી ત્યાં પ્રેશર કે અન્ય સમસ્યા લોકોને બહુ સતાવતી નથી. પરંતુ બાકીના છ ઝોનમાં પાઈપ લાઈનોથી પાણી મેળવતા વિસ્તારોમાં કેટલીક સમસ્યાઓ સર્જાઈ હોવાનું બહાર આવેલ છે.

શહેરમાં નાની - મોટી પાઈપ લાઈનોમાં લીકેજની સમસ્યા વધી છે તે બાબતની ઢગલાબંધ ફરિયાદો વધી છે ત્યારે એ ફરિયાદોનો નિકલા લાવવામાં તંત્ર દ્વારા યુધ્ધના ધોરણે કામગીરી થાય તે જરૂરી છે. રાજ્યના દૂર- દરાજના ગામડાઓમાં પુરતું પાણી મળતું નથી. ક્યારેક ત્રણ- ચાર દિવસે પાણી આવતું હોય છે. ગ્રામ્યજનો ભલે ગમે તેટલી ફરિયાદો કરે પણ એ ફરિયાદો ફાઈલોમાં જ ફસાયેલી રહેતી હોય છે. ત્યારે અમુક વિસ્તારો એવા પણ છે કે પાંચ - સાત ફુટના ખાડા- ખોદી ડહોળુ પાણી મેળવવામાં આવતું હોય છે.

અમદાવાદ શહેરમાં પીવાના પાણીની લાઈનોમાં લીકેજ અંગે ઈજનેર વિભાગના સૂત્રોનું કહેવુ છે કે રોડ હેઠળની સર્વિસીઝ માટે થતાં ખોદકામ તેમજ હાલમાં મેટ્રોની કામગીરીના કારણે પાણી-ગટરની લાઈનો તૂટવાનું પ્રમાણ વધી ગયું છે, ત્યાર અમુક જગ્યાએ તો રોડની નીચે થતાં અંડરગ્રાન્ડ ડ્રિલીંગના કારણે પાણીની લાઈનો તૂટી જાય તો તે બાબતે તંત્રને ખ્યાલ પણ આવતો નથી.

રોડ ઉપરના ખોદકામથી પીવાના પાણીની પાઈપલાઈનોની અંદર જે ભંગાણ થાય છે. ત્યારબાદ તેને ઝડપથી રિપેર કરવામાં આવતી નથી. જેથી પુષ્કળ પ્રમાણમાં પાણીનો વેડફાટ થાય છે. તે ચલાવી લેવાય નહિં.

લીકેજની સમસ્યાનો કોઈ ચોક્કસ ઉકેલ શોધી કાઢવામાં મ્યુ.તંત્ર નિષ્ફળ નિવડેલ છે. તેના કારણે લાખો લિટર પાણી ફૂટી નિકળે છે. ત્યારે આ બાબતે જાગૃત નાગરિકોની ફરિયાદો તરફ સમગ્ર તંત્ર બેજવાબદાર હોવાનું માની શકાય. વેડફાતા પાણીનો બચાવ કરવો તે દરેક વ્યક્તિની ફરજમાં આવે છે. આશ્ચર્યની વાત એ છે કે પાણી લીકેજ રિપેરની કામગીરી મ્યુ.કર્મચારીઓ પાસે કરાવવાના બદલે કેટલાય વર્ષોથી એક જ માનીતા અધિકારીઓને સાચવતાં કોન્ટ્રાક્ટરને કોન્ટ્રાક્ટ આપવામાં અવાતો હોવાનું પણ કહેવાય છે.

## ઝી એક્શન સાઉથ સુપરસ્ટાર ચીરંજીવીની ગબ્બર શેર ૨ ને ૨૪ મે રાત્રે ૮ વાગે પ્રસારીત કરશે




એક પ્રોફેશર ભ્રષ્ટાચાર વિરુદ્ધ લડવા માટે તેના પહેલાના વિદ્યાર્થીઓ સાથે રહીને એક ગ્રુપ બનાવવાનું નક્કી કરે છે. તેલુગુ સુપરસ્ટાર ચીરંજીવી દ્વાર અભિનીત, ગબ્બર શેર ૨ એ તેની રીલીઝના વર્ષ દરમ્યાન સૌથી વધુ કમાણી કરનાર સાઉથ ઈન્ડિયન ફિલ્મ હતી. વી.વી. વિનાયક દ્વારા દિગ્દર્શીત અને બીજા ઘણાં મોટા અભિનેતા જેવા કે જ્યોતીકા, પ્રકાશ રાજ અને શ્રીયા શરન સાથે, ગબ્બગ શેર ૨ એ ઝી એક્શન- ભારતની એક્શન મુવીઝ માટેની એક માત્ર સ્થળ પર ગુરૂવારે ૨૪ મે, રાત્રે ૮ વાગે પ્રસારીત થવા તૈયાર છે.

## આઈવૂમીએ પોતાના અત્યારસુધીના સૌથી મહત્વાકાંક્ષી સ્માર્ટફોન લોન્ચ કર્યા



ભારતીય સ્માર્ટફોનમાં અલગ ઓળખાણ બનાવેલી બ્રાન્ડ, આઈવૂમીએ પોતાની 'આઇ-સીરિઝ' હેઠળ આજે પોતાના નવા સ્માર્ટફોન આઇ-૨ના લોન્ચની જાહેરાત કરી. ૩ડી મિરર ફિનિશ બેક પેનલની સાથે આ ફ્લેગશિપ બાઝારનો પ્રથમ સ્માર્ટફોન છે, જે માત્ર ૭૪૯૯ રૂપિયામાં ડ્યુયલ એક્ટિવ ૪જી વોલ્ટે સિમને સપોર્ટ કરતી વિશેષતાઓ છે. ફુલ વ્યુ ડિસ્પ્લે તથા ફેશિયલ રિકગ્નિશન જેવી વિશેષતાઓથી ભરપૂર આઈવૂમી આઇ-૨ માત્ર કેવલ ફ્લિપકાર્ટ પર ઉપલબ્ધ છે.

૧૦ હજારથી ઓછી શ્રેણીમાં વધારે સ્માર્ટફોન સિંગલ એક્ટિવ ૪જીને સપોર્ટ કરે છે, પરંતુ આઈવૂમી ડ્યુઅલ એક્ટિવ ૪જી વોલ્ટે કનેક્ટિવિટી પ્રદાન કરતાં સૌથી શ્રેષ્ઠ છે. તેમાં તમે બંને સિમને એક જ સમયે કોલ અથવા ડેટામાં સંકળાયેલ હાઈસ્પીડ ૪જી વોલ્ટે કનેક્ટિવિટીનો આનંદ લઇ શકો છો.

આ સ્માર્ટફોનની શ્રેષ્ઠ વિશેષતાઓ ઉપરાંત ૩ડી મિરર ફિનિશ બૈક પેનલમાં ૧૫ સ્તરનું ઓપ્ટિકલ કોટિંગ છે, જે પ્રીમિયમ લુક ઉપરાંત ફિનિશિંગ પૂરું પાડે છે. મિરર ફિનિશીંગવાળા આ સ્માર્ટફોન ૨એ ફાસ્ટ ચાર્જ સાથે ૪૦૦૦ એમએએચની શક્તિશાળી બેટરીનો ઉપયોગ કરે છે, જે ૨ દિવસ સુધી ચાલે છે. આ ૧૮:૯ની સ્ક્રીનના રેશિયા સાથે ૫.૪૫ ઈંચ એચડી + ફુલ વ્યૂ ડિસ્પ્લેને સપોર્ટ કરે છે.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# ઊર્મિ

'હું'' છું... છતાં જાણે કોઈ ન હોઉં, તેવો અનુભવ કરી રહ્યો છું. મારા મોં ઉપર એક ઉદાસી છવાયેલી છે. ઘણીવાર દમયંતી મને પૂછે છે! શું થયું છે તમને'?

હું કેવી રીતે કહું કે, 'દમયંતી જીવનની થોડીક ક્ષણો ખરી પડી છે; આમ તો...? ને આટલા વિશાળ જીવનમાં થોડીક ક્ષણોનું જેટલું મૂલ્ય હોય તેટલું જ એનું ય છે...?'

પણ, પણ... દમયંતી એને સાચું ના પણ માને! કદાચ, તમે પણ ના માનો! તમને થતું હશે કે એવું તે શું હશે? આવો, તમને હું મારી એ જીવંત ક્ષણો સુધી લઈ જાઉં કે જ્યાંથી હું તૂટ્યો હતો... ઓગળ્યો હતો...!

''ટપાલ...'' કહીને તે દિવસે ટપાલીએ ટપાલ ફેંકી દમયંતીએ કવર ઊઠાવ્યું. તેણે દરવાજામાં જ કુતૂહલવશ એ કવર ઉપર મરોડદાર અક્ષરે લખાયેલું જોયું... ''પ્રિય ઘનશ્યામ બિરાદર'' ને એ એકદમ ચમકી. તેણે કવર ખોલ્યું તેમાંથી એક ચીઠ્ઠી નીકળી પડી. ધડકતા શ્વાસે તેણે ઉપરનું સરનામું જોયું. ઉપર લખ્યું હતું. ''ઊર્મિ ઘનશ્યામ બિરાદર.''

દમયંતીના શ્વાસના ધબકારા તેજ થયા. તેણે એકદમ સંબોધન ઉપર નજર નાખી. ''પ્રિય ઘનશ્યામ બિરાદર'' ઘનશ્યામને પ્રિય સંબોધન કરનાર ઊર્મિ...? કોણ હશે આ ઉર્મિ? તેણે પત્ર વાંચ્યો ને વાંચતાં- વાંચતાં એ ત્યાં જ બેહોશ થઈને ઢળી પડી. અમારી કામવાળી સીતાએ તેને ઉપાડીને પલંગમાં સુવાડી ને એજ સમયે મને ફોન કર્યો જોકે, હું ઘેર આવ્યો ત્યાં સુધી એની મૂર્ચ્છા વળી ગઈ હતી. એ ઉશ્કેરાયેલા ચિત્તે મારી પ્રતીક્ષા કરતી હતી.

''શું થયું દમયંતી એકાએક?'' મેં ગભરાઈને પૂછ્યું.

તેણે મારા પ્રશ્નનો જવાબ આપવાના બદલે સીતાને ઉદ્દેશીને કહ્યું ''સીતા, તું જા હવે સાંજે આવજે.''

''ભલે...'' કહીને સીતા ગઈ તેના ગયા પછી દમયંતીને રોષ મારા ઉપર ઠલવાયો

''અમદાવાદ ક્યારે જવું છે?''

''કેમ? તારી તબીયત સારી નથી ને અમદાવાદની વાત કરે છે?''

''મારે કોર્ટમાં આવીને તમારી સાથે છૂટાછેડા લેવા છે.'' તેણે ગુસ્સાથી બરાડો નાખ્યો.

'દયમંતી વાત શું છે?' મને કંઈ સમજાતું ન હતું.

'મૂંઝાવાની જરૂર નથી આ સમાજમાં તમારી પ્રતિષ્ઠા છે... માન છે... સમાજ સેવક તરીકે તમારી ઉજ્જવળ કીર્તિ છે. પણ એ સમાજને ક્યાં ખબર છે કે તમે એક રખાત રાખી છે તમે તમારી પત્નીને દગો કર્યો છે. તમારી જિંદગીના કેટલાંય રૂપ છે!'' એક શ્વાસે દમયંતી ઘણુ બધું બોલી ગઈ

'આ બધું જુઠ્ઠું છે, દમયંતી.'' મેં હવે તેને સમજાવતાં કહ્યું.

''પુરૂષ ક્યારેય એના પાપનો સ્વીકાર એટલી જલ્દી નથી કરતો કેમ કે, તમે સમર્થ છો.




તમે બધું છૂપાવી શકો છો પણ યાદ રાખો. પાપ છાપરે ચઢીને પોકારે છે'' કહીને તેણે પલંગના ગાદલા નીચે છૂપાવેલ કવર કાઢીને મારા તરફ ફેંક્યું. મેં કવર ખોલીનું વાંચ્યું. પછી મોં ઉપર ચિતરાયેલી ગંભીર રેખાઓને તહસ- નહસ કરવા કૃત્રિમ હાસ્ય ફરકાવવાની કોશિશ કરતાં કહ્યું ''દમયંતી, કોઈ પાગલના બબડાટને સત્ય માને ખરું?''

''એટલે... આ ઊર્મિ પાગલ છે?'' તેણે ધારદાર નજરે મારી સામે જોઈને સવાલ કર્યો.

''એવું જ લગભગ, કોઈ ફૂલની ખુશ્બુ આપણી પાસે આવે. આપણે ઈચ્છતા ન હોઈએ ને આપણા નાકમાં પ્રવેશીને આપણા મગજને થોડીવાર તરબતર કરી દે તો એમાં આપણો શો દોષ?''

''લાજો... લાજો હવે બેશરમ! તમને પારકાં બૈરાં હવે ફૂલની ખુશ્બુ જેવાં દેખાય છે કેમ? ને હું હવે મસાણિયું ઓઢવા બેઠી હોઉં એમ લાગે છે!'' કહીને તેણે જોરદાર ઠૂંઠવો મુક્યો.

''દમયંતી, મારું કહેલુ એમ છે કે આપણા નાકને ક્યાં ઢાંકણું છે? તે હું વાસી દઉં....? એમ....!'' પણ હું તને વ્યવસ્થિત સમજાવી ન શક્યો. અને લાગ્યું કે મેં તેને સમજાવવા ખોટું ઉદાહરણ પસંદ કર્યુ હતું. એ રડતી હતી. ઘાંટા પાડી ને રડતી હતી. તેણે માથાના વાળ ચૂંથી નાખ્યા. રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું. દમયંતીને પહેલી વખત મેં આ સ્વરૂપમાં જોઈ માણસના અસ્તિત્વ ઉપર ઘા થાય ત્યારે એની પ્રતિક્રિયા કેટલી ભયંકર આવે છે તેનો હું અનુભવ કરતો હતો.

રડી રડીને થાકી ગયા પછી એ જરાક શાંત થઈ એટલે મેં તને કહ્યું, ''દમયંતી, તું મારી સાથે આવ. તને હું સત્ય બતાવું. શબ્દોથી હું તને સમજાવી શકે તેમ નથી.

''સમજાવો... તમે શું સમજાવવા માગો છો...?'' તેણે રોષથી કહ્યું.

હું દમયંતીની પાસે બેઠો. તેના માથા પર હાથ ફેરવતાં મેં તેને એ વાત કહેવાનો પ્રારંભ કર્યો

''દમયંતી, તને યાદ છે? આજથી ચાર મહિના પહેલાં આપણે બાયડ- નખત્રાણા બસમાં ગાંધીધામ જતાં હતાં. તે કચ્છની સીમાથી બાયડ સુધી જિલ્લાઓને આવરી લેતા આ લાંબા બસ રૂટમાં બેસવાની જગ્યા મેળી એ એક સદ્ભાગ્ય કહેવાય ને આપણને હારીજથી ત્રણ સીટવાળી એક સીટમાં બેસવાની જગ્યા મળી ગઈ. આપણી પાસે જ બારીવાળી સીટમાં બેસવાની જગ્યા મળી ગઈ. આપણી પાસે જ બારીવાળી સીટમાં એક તરૂણ યુવતી બેઠી હતી આમ તો બારીમાંથી નજર નાખીને તે સતત બહારની સુકીભઠ્ઠ ઉત્તર ગુજરાતની ચીમળાઈ ગયેલી ધરતીને નિહાળી રહી હતી. બસ હારીજથી ઉપડીને સમી ગામમાં આવીને ઊભી રહી ત્યાં ખાંસતી ખાંસતી એક બેન મારી પાસે આવીને ઊભી રહી. તેના હાથમાં એક છોકરૂં તેડેલું હતું. સમીથી બસમાં એટલા બધા પેસેન્જરો ચડ્યા કે પગ મૂકવાની જગ્યા ન હતી ત્યારે મારી પાસે ઊભેલી પેલી મુસ્લિમ બહેન... એના ઉધરસના હુમલા સામે એના બાળકને સાચવવાનો વૃથા પ્રયત્ન કરતી હતી. મેં ઊભા થઈને એ બેનને બેસવાની જગ્યા આપી. ત્યારે તેં કતરાતી નજરે મારી સામે જોઈને કહ્યું, ''તમે બેસોને? જ્યાં- ત્યાં ઊભા થઈ જાઓ છો તે?''

એ વખતે પાસે બેઠેલી પેલી તરૂણીનું ધ્યાન આપણા તરફ દોરાયું. જો કે, વિશેષ તો મારા તરફ એની આંખ મારી સામે મંડાઈ. મને લાગ્યું કે એના હૃદયમાં કંઈક તોફાન જાગ્યું છે... ને એ તોફાન પરથી ઉઠેલી મૌન લહરો એની આંખના તારા દારા મારી આંખમાં ઝીલાઈ રહી છે...

**કનુ આચાર્ય**

**ક્રમશ**

## વનપ્લસ કમ્યુનિટીએ તેના અત્યાધુનિક મોડેલને ખરીદવા માટે વનપ્લસ ૬ પોપ-અપ્સ સ્ટોર્સ પર ભીડ કરી દીધી



અમદાવાદ

વનપ્લસ ૬ની વૈશ્વિક રજૂઆત બાદ, પ્રિમિયમ એન્ડ્રોઈડ સ્માર્ટફોન મેક્રસે તેના ચાહકો માટે ગુલમોહર પાર્ક મોલ, સેટેલાઈટ રોડ પર બે દિવસ માટે તેના અત્યાધુનિક ડિવાઈસની ખરીદી માટે એક પોપ-અપ સ્ટોર શરૂ કર્યો છે. પ્રથમ ખરીદનાર તિર્થ શાહને પ્રસિદ્ધ સેલિબ્રિટી ધર્મેશ યેલાન્દે સાથે અનબોક્સ ઝોનમાં આ ડિવાઈસને રજૂ કરવાનો મોકો મળ્યો હતો.

ખૂબ જ રાહ જોવાતા પોપ-અપ સ્ટોર્સની શરૂઆત થતા જ, ઉત્સાહિત હજારો લોકો ફોનને સૌપ્રથમ મેળવવા માટે ભીડ લગાવી હતી, કારણકે, ફોન પ્રથમ આવનારને પ્રથમ મળવાનો હતો. દરેક લોકો જેમને આ ફોનની ખરીદી કરી, તેમને ખાસ એડ-ઓન્સ અને વનપ્લસ ગૂડીસ પણ મળ્યું છે.

આ પ્રસંગ અંગે જણાવતા, વનપ્લસ ઈન્ડિયાના જનરલ મેનેજર વિકાસ અગ્રવાલ કહે છે, ''પોપ-અપ્સ સ્ટોર્સ પરનો પ્રતિસાદ અદભુત છે, હજારો ચાહકોએ આ નવા ડિવાઈસ પર તેના હાથ અજમાવી જોયા. વન-પ્લસ એ એક માત્ર એવી બ્રાન્ડ છે, જેના વૈશ્વિક સ્તરે પોપ-અપ સ્ટોર્સ છે. આનાથી અમારી કમ્યુનિટી સાથે વનપ્લસની ટીમને જોડાવાનો અને તેમની સાથે ચર્ચા કરવાનો મોકો મળે છે તથા તેનાથી એક બ્રાન્ડ તરીકે અમને તેમનો અનુભવ પણ વધુ સારી રીતે સમજી શકીએ છીએ.''

## ઉમંગ કુમાર ઝી ટીવીના ઈન્ડિયાઝ બેસ્ટ ડ્રામેબાઝથી તેનો જજ તરીકે પ્રવેશ કરશે



ભારતના શ્રેષ્ઠ અભિનય પ્રતિભા દ્વારા કેટલાક પ્રેરણાદાયક કૃત્યો અને પ્રદર્શન સાથે પ્રેક્ષકોને મનોરંજન કર્યા બાદ, ઝી ટીવીના પ્રખ્યાત પ્રતિભા વાળા રીયાલ્ટી શો ઈન્ડિયાઝ બેસ્ટ ડ્રામેબાઝ ફરી એકવાર તેની ઉજી આવૃતિ લઈને આવી ગયું છે. શો, તેના પાછલી સીઝન્સમાં, ઘણાં ઉભરતાં બાળ કલાકારોને તૈયાર કર્યા છે જેવા કે સ્વાસ્તી નિત્યા, કાર્તિકિય રાજ, તમન્ના દિપક, કાર્તિકેય માલવિયા અને પ્રનિત શર્મા જેવા બીજા ઘણા જેમને પોતાના માટે મનોરંજનની દુનિયામાં એક અલગ વ્યક્તિત્વ બનાવ્યું છે. તેની આ સીઝનમાં, ઈન્ડિયાઝ બેસ્ટ ડ્રામેબાઝ શુદ્ધ મનોરંજનની સાથે એક્ટીંગના ઉત્સાહીઓની ક્ષમતાને ઉભારી તેમને ભવિષ્યના સુપરસ્ટાર બનાવવા માટેનો ધ્યેય છે.

## એનટીપીસીના દરેક પ્રોજેક્ટ્સમાં કરવામાં આવ્યું સ્વચ્છતા પખવાડાનું આયોજન



દેશની સૌથી મોટી વિદ્યુત સંસ્થા એનટીપીસી લિમિટેડે સ્વચ્છ ભારત મિશનના તત્વાવધાનમાં પોતાના દરોક પ્રોજેક્ટ્સમાં ''સ્વચ્છતા પખવાડા'' અભિયાનની શરૂઆત કરી. આ અભિયાન હેઠળ પ્લાન્ટ પરિસર અને તેના આજુ-બાજુના ક્ષેત્રોમાં સ્વચ્છતાનું મૂલ્યાંકન કરવામાં આવશે અને વરિષ્ઠ અધિકારી. અન્ય કર્મચારીઓ તથા તેમના પરિવારજનોના સહયોગ થી આ અભિયાનને આગળ વધારવામાં આવશે.

સ્વચ્છતા અભિયાનના સમર્થન માં ''સ્વચ્છતા પખવાડા''નું આયોજન ૧૬ મે થી ૩૧ મે, ૨૦૧૮ વચ્ચે એનટીપીસીના દરેક પ્રોજેક્ટ્સમાં કરવામાં આવી રહ્યું છે. સ્વચ્છતા પખવાડા દરમિયાન ના ફક્ત સમુદાયોને સ્વચ્છતામાં યોગ્ય યોગદાન આપવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે, પરંતુ વિભિન્ન ગતિવિધિઓના માધ્યમથી લોકોને પોતાના વ્યવહારમાં સકારાત્મક બદલાવ લાવવાં માટે પ્રેરિત પણ કરવામાં આવશે, જેથી સ્વચ્છ ભારત અભિયાનના લક્ષ્યને પ્રાપ્ત કરી શકાય.

વિભિન્ન સમુદાયોથી લોકો એનટીપીસી પ્રોજેક્ટ્સની આજુ-બાજુના ક્ષેત્રોની સફાઈ માટે આગળ આવી રહ્યાં છે. સફાઈના ઉદ્દેશ સાથે ગામડાંની સ્કૂલોમાં સ્વચ્છતા જાગરૂતતા કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી રહી છે.

સરકારના સ્વચ્છ ભારત મિશન હેઠળ કાર્યાલય પરિસરામાં સ્વચ્છતાને પ્રોત્સાહિત કરવા માટે એનટીપીસી સફાઈ અભિયાન દ્વારા ગ્રામીણ તથા સ્કૂલોમાં સફાઈને વધારો આપવામાં આવી રહ્યો છે.

## રાઈઝ ઓટોની જનરલ મોટર્સના અધિકૃત સર્વિસ આઉટલેટ તરીકે નિયુક્તિ



કાર પ્લસની સહાયક કંપની રાઈઝ ઓટો કે જે અમદાવાદમાં મલ્ટી બ્રાંડ કાર સર્વિસ પ્રદાતા છે તેની જનરલ મોટર્સના અધિકૃત સર્વિસ આઉટલેટ તરીકે નિયુક્તિ કરવામાં આવી છે. આ અમદાવાદમાં શેવરોલેના ગ્રાહકો માટેનું બીજું સર્વિસ સેન્ટર હશે. કાર પ્લસ પાંચ વર્ષથી પણ વધુ સમયથી પેસેન્જર ટ્રાન્સપોર્ટ ચાર્ટર્ડ સ્પીડમાં ભારતના અગ્રણી નામ દ્વારા સ્વામિત્વ ધરાવતી અને સફળતાપૂર્વક સંચાલિત છે. આ સર્વિસ સેન્ટર ચાર્ટર્ડ સ્પીડના વર્કશોપ, સનાથળ સ્થિત છે. આ પહેલ દ્વારા જનરલ મોટર્સે તેના ગ્રાહકોને વધુ કાર્યક્ષમતા પુરી પાડવા માટેના સમર્થન અને વચનબદ્ધતાને વિસ્તારી છે.

## અવીવા લાઈફ ઈંશ્યોરેંસ એ 'અવીવા આઈ-ટર્મ સ્માર્ટ' ટર્મ વિમા પોલિસી રજુ કરી

અવીવા લાઈફ ઈંશ્યોરંસ એ 'અવીવા આઈ-ટર્મ સ્માર્ટ' ટર્મ વિમા પોલિસી રજુ કરી છે. આ 'પ્રોટેકશન ઓરિયંટેડ' લાઈફ ઈંશ્યોરેંસ પ્લાન ગ્રાહ-કોને ઓછા ખર્ચે લાઈફ કવર સાથે કેટલાક વધારાના પ્રિમિયમ સાથે ગંભીર બિમારીઓ અને અપંગતા (ડિસએબિલીટી) માટે પણ વિમા સુરક્ષા આપશે. આ પ્લાનનો હેતુ ઓછા ખર્ચે પરિવારને સારી વિમા સુરક્ષા પ્રદાન કરવાનો છે અને જો દુભાગ્યવશ જો વિમાધારકનું મૃત્યુ થાય ત્યારે તેના પરિવારના જીવનને આર્થીક સુરક્ષા આપીને સામાન્ય બનાવી રાખવાનું છે. અવીવા આઈ-ટર્મ એક ટર્મ ઈંશ્યોરેંસ પ્લાન છે જે વિમાધારકના મૃત્યુ બાદ નોમિની (નામાંકિત) વ્યક્તિ/ વ્યક્તિઓને વિમાની રકમની લમસમ (એકસાથે) ચૂકવણી કરે છે. વધુમાં તેમાં ક્રિટિકલ ઈલનેસ (ગંભીર બિમારીઓ) અને ડિસએબિલીટી રાઈડર નોન લિંકડ રાઈડરનો વિકલ્પ પણ આપે છે. આ રાઈડર અંતર્ગત વિમાધારકને ૧૬ ગંભીર બિમારીઓ અથવા કોઇ દુર્ઘટનાના કારણે જો અપંગતા આવે તો વિમાધારકને વધારાની વિમા સુરક્ષા મળે છે. આ પોલિસી ૧૮ થી ૬૫ વર્ષના ગ્રાહકો માટે છે અને તેની મેચ્યોરીટી (પરિપકવતા) વિમાધારકની ૮૦ વર્ષની વય સુધી હોય છે. જો ગ્રાહક રાઈડરનો વિકલ્પ પસંદ કરે તો તેની મેચ્યોરીટીનો અધિકતમ સમય વિમાધારકની ૭૦ વર્ષ વય સુધી છે. વિમા પ્રિમિયમની ચૂકવણી માટે સમયગાળાના વિવિધ વિકલ્પોની સુવિધા ઉપલબ્ધ છે. ગ્રાહક ૭૫ લાખથી ૨૫ કરોડની વિમા રકમનું પ્રિમિયમ વાર્ષિક, છમાસિક કે માસિકરીતે ચૂકવી શકે છે અને ગ્રેસ પિરિયડનો લાભ મળે છે. પ્રિમિયમની ચુકવણી ન થતા લેપ્સ થયેલ પોલીસી તેના છેલ્લા પ્રિમિયમની ચૂકવણી બાદ બે વર્ષમાં પુનઃજીવિત (રિવાઈવ) કરી શકાય છે (નિયમો અને શરતોને આધીન).

## કથાસાગર-ઈશ્વરનું પ્રતીક છે મૂર્તિ

રાજસ્થાનના અલવરના મહારાજાને મૂર્તિ પૂજામાં લગીરેય વિશ્વાસ ન હતો. આ વિષય પર તેઓ ધર્મના પ્રકાંડ વિદ્વાનો સાથે વાદ-વિવાદમાં ઉતરી જતાં અને મૂર્તિ પૂજાને નિરર્થક ગણાવતા તેનો ત્યાગ કરવાની સલાહ આપતા હતાં.એક દિવસ સ્વામી વિવેકાનંદ અલવર મહારાજના મહેલમાં પધાર્યા. મહારાજ સાથે તેમની પણ મૂર્તિ પૂજાને લઇને ચર્ચા છેડાઇ. સ્વામી વિવેકાનંદે કહ્યું, જૂઓ, મૂર્તિ પૂજા ઉપાસનાનું એક સ્વરૂપ માત્ર છે. તેમાં ખોટું શું છે? પરંતુ અલવરના મહારાજે ઈશ્વરના નિરાકાર હોવાનો તર્ક આપ્યો અને તર્કના પરિણામમાં અનેક આદ્યગ્રંથોના કથન રજૂ કર્યા.અંતે વિવેકાનંદે તેમને એક કર્મચારીને દીવાલ પર લટકતા મહારાજના ફોટાને ઉતારવા કહ્યું. જ્યારે આ ફોટો ઉતારીને લાવવામાં આવ્યો ત્યારે સ્વામીએ તેને ફોટા પર થૂંકવા માટે કહ્યું. કર્મચારી ડરતો-ડરતો બોલ્યો, મારા આદરણીય મહારાજના ફોટા પર હું કઇ રીતે થૂંકી શકું? ત્યારે સ્વામી વિવેકાનંદે મહારાજને કહ્યું, આ તો તમારો ફોટો જ છે, પરંતુ તમારા કર્મચારીએ તેના પર થૂંકવાની ના પાડી દીધી, કારણ કે આ તમારૂ જ પ્રતીક છે. આ જ રીતે મૂર્તિઓ પણ ઈશ્વરનું પ્રતીક છે. લોકો માટે ભગવાનનું અમૂર્ત રૂપ સમજવું અઘરૂ છે તેથી મહાત્માઓએ પ્રતીક રૂપે મૂર્તિઓ બનાવી. મૂર્તિ પૂજા અંતે ઈશ્વરની આરાધના જ છે. મૂર્તિ પૂજા કોઇ અનુચિત કે ખોટી બાબત નથી.અલવરના મહારાજને વાતનો મર્મ સમજાઇગયો અને તેમણે મૂર્તિ પૂજાનો જાહેરમાં વિરોધ કરવાનું બંધ કરી દીધું. આ ઘટના આસ્થાના માનના ઔચિત્યને રેખાંકિત કરે છે. મૂળ બાબત આસ્થા છે જે કોઇ પણ રીતે પ્રગટ કરવામાં આવે, તે પ્રણમ્ય હોય છે અને તેનો વિરોધ કરવો ન જોઇએ. વસ્તુતઃ આસ્થાની અભિવ્યક્તિની અંગત ભાવના છે અને ત્યાં સુધી તેના પર ટિકા-ટિપ્પણી કરવી ન જોઇએ જ્યાં સુધી તે અન્યોની ભાવનાઓ પર કુઠારાઘાત ન કરે.

## સલમાન સાથે ફિલ્મ કરવા પ્રિયંકા ચોપડા સહમત

**મુંબઈ**

**બોલિવુડ અને હોલિવુડમાં પોતાની કુશળતાના કારણે હાલમાં છવાયેલી સ્ટાર પ્રિયંકા ચોપડા હવે સલમાન ખાનની સાથે તેની ભારત ફિલ્મમાં કામ કરવા માટે તૈયાર થઇ ગઇ છે. આ ફિલ્મમાં આશાસ્પદ સ્ટાર દિશા પણ કામ કરી રહી છે. આ ફિલ્મનુ નિર્દેશન અલી અબ્બાસ જાફર કરનાર છે. આ પહેલા પ્રિયંકા ચોપડા છેલ્લે પ્રકાશ ઝાની ફિલ્મ જય ગંગાજલમાં નજરે પડી હતી. હવે તે કેટલીક નવી ફિલ્મોમાં કામ કરવા જઇ રહી છે. પ્રિયંકા હાલમાં ટીવી સિરિઝ ક્વાન્ટિકોના ત્રીજા ભાગને લઈને ન્યુયોર્કમાં છે. પ્રિયંકા ગયા સપ્તાહમાં સમય કાઢીને મુંબઇ આવી હતી. જ્યાં તે કેટલાક નિર્માતા નિર્દેશકોને મળી હતી. કેટલાક પ્રોજેક્ટ પર તેની વાતચીત પણ થઇ છે. નિર્દેશક શોનાલી બોસે હાલમાં પ્રિયંકા ચોપડાને લઈને ફિલ્મ બનાવવા માટેની જાહેરાત કરી હતી. આ ફિલ્મને રાની સ્કુવાલા અને સિદ્ધાર્થ રોય કપુર નિર્દેશન કરનાર છે.**



# પાલવના પડછાયા

નારી જગત માટે ઉપયોગી અને સમૃદ્ધ, માર્ગદર્શક માહિતી...


## વેડમી (પુરણપોળી)

સામગ્રી - ચણાની દાળ ૨૫૦ ગ્રામ, ખાંડ અથવા ગોળ ૨૫૦ ગ્રામ, ૨૦૦ ગ્રામ ઘઉંનો લોટ અને ૨૦૦ ગ્રામ મેદો, ૨ ચમચી તેલ ૧૦૦ ગ્રામ ઘી. એક ચમચી એલચી, બદામ પીસ્તાનો ભુકો.

બનાવવાની રીત - ચણાની દાળ ને ધોઈ ને કુકરમાં બાફવા મુકો. દાળ બરાબર બફાય ગઈ છે કે નહિ એ જરા ચેક કરો. વધારાનું પાણી હોય તો નીતારી લો . દાળને મિક્સરમાં વાટી લો. એક પેનમાં વાટેલી ચણાની દાળ નાંખી ગેસ પર મુકો. એકદમ ગળી જાય એટલે તેમાં ગોળ કે ખાંડ નાંખો. ધીમા તાપે હલાવતા રહો. એકદમ ઘટ્ટ થાય એટલે ગેસ બંધ કરી દો. પુરણ તેમાં એલચી, બદામ ,પીસ્તા નો ભૂકો નાંખી ઠંડુ થવા દો. હવે ઘઉં-મેંદો મિક્સ કરો તેમા તેલ નાખીને લોટ બાંધી લો. એક લુંવો લઇ રોટલી અડધી વણી તેમાં પુરણ વચ્ચે મૂકી તેને ફરી પેક કરી રોટલી વણો. નોનસ્ટીક તવા પર રોટલીને શેકી લો.

રોટલી ઉતારી તેના પર ઘી ચોપડીને ગરમાગરમ પીરસો.



# લગ્નસંબંધને સફળ બનાવવા માટે આધુનિકતા સાથે વફાદારી પણ જરૂરી...!?

**નારી ચેતના**

લાઈફ ઈઝ નોટ ફેર ઓલવેયઝ. આ વાત આપણે બધાંએ ક્યારેકને ક્યારેક અનુભવી હશે. કોઇ ઝઘડો થયો, કોઇ નુકસાન થયું, કોઇ આપ્તજનને ગુમાવ્યાં. ડગલેને પગલે નજીકના સંબંધોની અકળામણ. ક્યારેક થાય કે જો લાઈફ પણ મેન્યુઅલ સાથે આવતી હોય તો? જ્યાં અટવાયાટ, કે મેન્યુઅલમાં જોઈને સમાધાન કરી લેવાય. ખેર, લાઈફનું કોઇ ઈન્સટ્રક્શન મેન્યુઅલ નથી. એટલે જ લાઈફ ઈઝ નોટ ફેર ઓલવેયઝ એવું લાગે. સૌથી અઘરુ હોય છે જીવનમાં સંબંધોને સાચવવાનું. તેને નિભાવવાનુ. જો એ આવડી જાય તો પછી આપણે કહીએ કે લાઈફ ઈઝ બ્યૂટિફૂલ.આ સંબંધો પૈકીનો મહત્વનો સંબંધ એટલે લગ્ન સંબંધ. આમ તો બધા સંબંધ મહત્વના જ હોય, પણ એ સંબંધો લોહીના હોય, જન્મજાત હોય, કેટલાક સંબંધ એવા પણ હોય જે સમયની સાથે આત્મીયતા કેળવીને બન્યા હોય. પણ લગ્ન સંબંધ અલગ છે, કારણ તેમાં બે જુદીજુદી હસ્તી જે એકસાથે જીવન જીવવાનો નિર્ધાર કરે છે. સાથ પણ ગમે તેવો નહીં. પૂરી જિંદગીનો. બે વ્યક્તિનો જ નહીં, બે પરિવારની જવાબદારીઓનો મિલાપ થાય છે. હવે વિચારો જો આ લગ્નસંબંધમાં તમે અકળાવા લાગો તોપ આવી બને, આખું જીવન વેરવિખેર થઇ જાય. પણ અંદરની વાત એ છે કે, તમારાં જ હાથમાં છે તમારું લગ્ન જીવન. તમે ઈચ્છો તો આ સંબંધ બંધન પણ બની શકે, અને તમે ઈચ્છો તો એ તમારી પાંખો બનીને તમને બંધનમાંથી મુક્ત પણ કરી શકે.

સંબંધોને સાચવવા માટે આમતેમ ફાંફા મારવાની જરુર નથી. આપણાં ઘરમાં આપણાં જ વડીલો, માતાપિતાથી આપણને એ શીખ મળી જાય છે. બસ જરૂર છે આપણે નીરખવાની. કેવી રીતે આપણાં વડીલ પરિવારમાં બધાનું ધ્યાન રાખે છે. તેમની જરૂરતોને પારખીને પૂરી કરે છે. કેવી રીતે એકબીજા સાથે વાત કરીને તેમના હૃદયનો ભાર હળવો કરે છે. આ જ બધી વાતો છે જેનાથી આપણે પણ સારું જીવન જીવતાં શીખી શકીએ છીએ. સંબંધોને સાચવીને તેમાં રહેલી આત્મીયતા, પ્રેમ અનુભવી શકીએ. અને સાથે જ પોતાના અસ્તિત્વના અહેસાસને ખીલવી શકીએ. તમારી જરૂરત કોઈક ને તો છે જ એ અનુભવે મન મહોરી ઉઠે છે.આજના સમયમાં જો તમે નજર દોડાવશો તો લગ્ન બાદ છૂટાછે઼ડાના મહત્તમ કિસ્સા જોવા મળી જશે. ક્યારેય વિચાર્યુ છે કે પહેલાંના સમયમાં તો છૂટાછેડાનું ચલણ આટલુ સામાન્ય ન હતું, તો હવે શું થયુ? શા માટે લગ્ન સંબંધની સફળતા હોડમાં લાગી છે. આનુ કારણ છે આજની પેઢીની વિચારધારા. અહીં આજની પેઢીની કહેવુ જરુરી બની જાય છે કારણ કે આપણે જનરેશન ગેપના નામે વડીલોની કેટલીય શીખને કાને ધરી નથી. આપણામાં ધીરજ, ઉદારતા એવા ગુણ છે ખરાં?. લગ્ન સંબંધમાં આવા જ ગુણો કામ લાગે છે. કોઈ વ્યક્તિ પરફેક્ટ નથી હોતું એ આપણે જાણીએ, પણ જ્યારે ખરો સમય આવે ત્યારે એ સમજીએ છીએ ખરા? ના, બીજા માટે ભલે બ્રોડમાઈંડેડ બનીએ, પણ જ્યારે ઘરના સદસ્યનો વારો આવે ત્યારે અપેક્ષાઓની સામે બૃહદ દ્રષ્ટિકોણ પણ ટૂંકો પડી જાય. આવા સમયે આપણે જો એ વિચારીએ કે આ સ્થિતિમાં આપણા માતાપિતાએ શું કર્યુ


**અનુસંધાન પાના નં.૬ ઉપર**


# ઈમોશનલ બાળકોને તેમનો નિર્ણય જાતે જ લેવા દો...

આજકાલ કોઈપણ પ્રકારના બાળકોની દેખરેખ કરવી સહેલુ કામ નથી. ખાસ કરીને ઈમોશનલ બાળકોની દેખરેખ. આવા બાળકો સાથે તમારે ધૈર્ય રાખીને વાત કરવી પડે છે. કારણ કે આ પ્રકારના બાળકોનો સ્વભાવ ક્યારેક શાંત તો ક્યારેક હિંસક અને પછી ઝગડાલૂ બની જાય છે.

તેથી હંમેશા ધ્યાન રાખો કે તમે જ્યારે પણ ઈમોશનલ બાળકો સાથે વાત કરો તો દરેક શબ્દ સમજીને અને માપી તોલીને જ બોલો. આજે અમે તમને કેટલીક એવી વાતો બતાવીશુ જેમા તમે ઈમોશનલ બાળકોની સારી રીતે દેખરેખ કરી શકો છો.

૧. સહનશીલતા - જો તમારા બાળકો ઈમોશનલ છે તો તેમની સાથે ધૈર્ય રાખીને વાત કરવી જોઈએ. આવા બાળકો સાથે વાત કરવા માટે તમારામાં સહનશીલતાનું હોવુ ખૂબ જરૂરી છે.

૨. બાળકોની વાત સારી રીતે સાંભળો - તમારે ઈમોશનલ બાળકોની વાતને સારી રીતે સાંભળવી જોઈએ. વાતને સારી રીતે સાંભળીને જ તમે કોઈ પગલું ઉઠાવો. મોટાભાગે એવુ જોવા મળે છે કે તમારુ ધ્યાન તમારી તરફ કરવા માટે બાળકો નખરા પણ કરે છે. છતા પણ તમે તેમની વાત સારી રીતે સાંભળો.

**બાળ ઉછેર**

૩. બાળકોની ભાવનાઓને સમજો - જો તમે તમારા બાળકોની ભાવનાઓને સારી રીતે સમજો છો તો તે તમને પોતાના દિલની વાત સારી રીતે કરશે. આવુ કરવાથી તે તમારી સાથે જોડાયેલા અનુભવશે અને ખુદને સુરક્ષિત અનુભવશે. ઙ્ઠરૈંક્ક

૪. બાળકોને મનની વાત કહેવાની તક આપો - તમારા બાળકોમાં આત્મવિશ્વાસ વધારવા માટે તેમને મનની વાતો કહેવાની તક આપો. આવુ કરવાથી તેમને તેમની ભાવનાઓ અને વિચાર મુકવામાં મદદ મળે છે.

૫. બાળકોના વિચારોને સમજવાની પરખ - હંમેશા જરૂર નથી હોતી કે ઈમોશનલ બાળકોના દરેક વિચાર અને ભાવનાને સાચી સમજવામાં આવે. પણ છતા પણ તમારે બાળકોની ભાવનાઓને અને વિચારોનુ યોગ્ય મૂલ્યાંકન કરવુ જોઈએ. આવામાં તમારા બાળકોને ધૈર્યથી સમજાવવા જોઈએ.

૬. તમારી સાથે બાળકો પણ રહેશે ખુશ - જો તમારા બાળકો પોતાની ખુશીથી કામ કરશે અને જો તમે તેના કામથી ખુશ થશો તો તે પણ ખુશ રહેશે. જો તમે નારાજ થશો તો તમારુ બાળક પણ નારાજ જ રહેશે. તેથી આવા બાળકો સાથે પ્રેમથી વાત કરવી જોઈએ.

૭. બાળકોને પોતાનો નિર્ણય લેવા દો - ઈમોશનલ બાળકોને તેમનો નિર્ણય જાતે જ લેવા દો જેથી તેઓ હેલ્ધી રહે. જો તેનો નિર્ણય ખોટો પણ લે છે તો પણ તમે હંમેશા તેમની સાથે રહો. આવુ કરવાથી તેમનો આત્મવિશ્વાસ વધશે અને તેઓ પોતાના સારા-ખરાબ વિશે જાણી શકશે. સાથે રમવું પણ જરૂરી છે.

આજકાલ બાળક મોબાઈલ અને ઈંટરનેટમાં આટલા મસ્ત રહેવા લાગ્યા છે કે રમતની તરફ તેનો બિલ્કુલ પણ ધ્યાન નહી છે. બાળકના મગજને તેજ કરવા માટે દિવસમાં કેટલાક સમય આઉટડોર અને ઈંડોર ગેમ્સ માટે પણ આપવું જોઈએ. દુનિયામાં બહુ એવા રમત પણ છે જેમાથી મગજ દિવસો-દિવસ તેજ હોય છે.

શારીરિક અને મગજની કસરત માટે ગેમ્સ બહુ જરૂરી છે . કેટલાક લોકો તો તેમના શોખના કારણે ચેપિયન બની ગયા છે. માઈંડ શાર્પ ગેમ્સની ટેવ નાખી બાળક મગજને તેજ કરી શકાય છે.

## રસથાળ

**વાસી ભાતના પકોડા**

શુ તમે વાસી ભાત ફેંકી દો છો ? ઘણા લોકો આવુ કરે છે. કારણ કે તેમને ખબર નથી હોતી કે વધેલા ભાત પણ ખૂબ કમના હોય છે. અહી અમે તમને એક આવી જ ડિશ બતાવી રહ્યા છે જેને તમે રાતના વધેલા ભાત દ્વારા બનાવી શકો છો. સાંજની ચા સાથે વાસી ભાતથી બનેલ સ્નેક્સનો સ્વાદ તમને જરૂર ગમશે.

**સામગ્રી** - એક મોટી વાડકી વાસી ભાત, ૪ મોટી ચમચી બેસન, ૧ ડુંગળી ઝીણી સમારેલી, ૨-૩ લીલા મરચા ઝીણા સમારેલા, ૧ મોટી ચમચી સમારેલા ધાણા, ૧ નાની ચમચી ધાણાજીરુ, અડધી ચમચી ગરમ મસાલો, અડધી ચમચી લાલ મરચુ, મીઠુ સ્વાદમુજબ. તળવા માટે તેલ.

**બનાવવાની રીત** - રાતના બચેલા ભાતને એક મોટા વાડકામાં કાઢી લો. તેમા બેસન નાખીને સારી રીતે મસળી લો. બેસનને એ રીતે મસળો કે તેમા ગાંઠ ન રહી જાય. હવે બધા મસાલાને આ બાઉલમાં નાખીને મિક્સ કરી લો. તેમા ડુંગળી, ધાણા અને લીલા મરચા પણ નાખીને હાથથી દબાવીને મિક્સ કરી લો. હવે આ મિશ્રણ દ્વારા વેલણના શેપના ગોળ તૈયાર કરી લો. એક વાસણમાં પાણી ઉકાળો. જ્યારે પાણી ઉકળી જાય ત્યારે તેમા ૨-૩ ચમચી તેલ નાખી દો. હવે આ તૈયાર પકોડાને આ પાણીમાં નાખીને થોડી વાર સીઝવા દો. થોડીવાર પછી ઢાંકણ હટાવીને જોશો તો પકોડા ઉપર આવી જશે.

હવે એક બીજી કડાહીમાં તેલ ગરમ કરવા માટે મુકો. તેલ તપી જાય ત્યારે પકોડા પાણીમાંથી કાઢીને સુકાવી લો. જ્યારે પાણી સુકાય જાય ત્યારે તેને ડીપ ફ્રાય કરી લો. ગરમાગરમ પકોડા ચા સાથે સર્વ કરો.

**મગ મઠના ચિલા**

સામગ્રી- - આખા મગ ૧ કપ ,મઠ ૧ / ૨ કપ,છીણેલું ચીઝ -૧કપ,સમારેલી ડુંગળી ૨, ૨ ટામેટા, લીલા મરચાં - ૨,મોથમીર ,મરી અને મીઠું સ્વાદપ્રમાણે

બનાવવાની રીત - મગ અને મઠને અંકુરિત કરી મિક્સરમાં ગ્રાઈંડ કરી ઢોંસા જેવો ખીરું બનાવી લો. એમાં મીઠું અને મરી મિક્સ કરો.હવે તવા ઉપર તેલ લગાવી ખીરું પાથરો.

જ્યારે થોડું શેકાઈ જાય તો સમારેલી શાકભાજી અને પનીર છંટકાવ કરી .ચમચીથી હળવા દબાવો , અને શેકી સૉસ કે ચટણી સાથે ગરમ -ગરમ સર્વ કરો. આરોગ્ય માટે લાભકારી મગ-મઠનો ચિલા તૈયાર છે.

# એકડો સંધાયો જે તુટયો હતો

**આગ ભીતર ભીતરની** — રેણુ વિષ્ણુકુમાર બારોટ

છોકરાંઓને વેકેશન પડી ગયું હતું ને એ બધા મામાના ઘેર જવાની લઈ જવાની હઠ કરતા હતા. મને અવારનવાર કહેતા હતા મા અમારી શાળાના.. અમારા વર્ગના સાથે ભણતા છોકરાઓ વેકેશનમાં એમના મામાના.. કયાંક કાકાના ઘેર જાય છે.. અમને પણ લઈ જાવ.. અરે એ તો દિવાળીની રજાઓમાં પણ જાય છે. જ્યારે હું તો કયાંય લઈ જ જતી નથી. કંટાળો આવે છે ને તું પણ કેવી મા છે.. પોતાના સંતાનોને મામાનું ઘર બતાવતી પણ નથી.. મારા છોકરાં કહેતા હતા.. હું સાંભળી રહેતી.. પછી કહેતી આ વખતે તો ચોક્કસ એટલે ચોક્કસ અને વેકેશન પડતું ત્યારે વાત ટાળતી.. છોકરાં પુછે તો મોં કટાણું કરી નાખતી .મને ખબર હતી કે કયા સંજોગોમાં ઘરથી ભાગીને લગ્ન કર્યા હતા. મારા ગયા પછી હું જાણવા પણ ગઈ ન હતી કે પાછળ શું થયું છે ? બધાય એ રાતે ઉકળાટમાં મારા મિસ્ટરનો સાથ સજ્જડ હતો. નહીં તો જો એમણે મને ઠુકરાવી હોત તો.. મારી દશા શું થાત ? કલ્પના બહારની... પણ એ એક વાસ્તવિક સ્થિતિ હતી. જેની મને મારા છોકરાં કરતાં પાકી ખબર હતી. બાકી છોકરાં એટલે છોકરાં વેકેશન આવતું હોય કે આવી ગયું હોય ત્યારે એ જ રટણ ચાલુ થઈ જતુ.

મારે આજકાલ કરતાં ત્રણ છોકરાં થયાં હતા. બે છોકરા અને એક છોકરી. હું જેની સાથે ભાગી હતી એ કુંજબીહારીના પેટનુ પ્રથમ સંતાન તો નવ મહીનામાં થઈ ગયું હતું. મારા કુંજબિહારી સાથે લગ્ન થાય એ પહેલાં શારીરિક એ સંબંધો હતા. મેં કુંજબિહારીને હું ગર્ભવતી થઈ હોવાનું જણાવ્યું અને સાથે સાથે લગ્ન માટે કહેલું ત્યારે અન્ય કિસ્સામાં બને છે એવું મારી સાથે બન્યું ન હતું. કુંજબિહારી મારા મિસ્ટરે જણાવેલું તું સહેજ પણ ચિંતા કરીશ નહીં, ડરીશ નહીં, હું પછી રીતે તને વળગી રહીશ.. પ્રેમ કર્યો છે અને તારા શરીર સાથે સંબંધ બાંધ્યો છે એને ગમે તે ભોગે પાળીશ બસ..

એ શબ્દો હતા..પહેલી છોકરીનો જન્મ થયો એ પુર્વે હું અને કુંજબિહારી એક રાત્રે ભાગ્યા હતા. લોકલ ગાડી અને ઠીચુક ગતીમાં મેં કુંજબિહારીનો હાથ પકડતાં કહેલું, આપણે કયાં જઈશું ?

મારા દેશમાં.. દેશમાં ?

હા મારી માસીના ઘેર જેણે મને ઉછેરીને મોટો કર્યો હતો. છતાંય હું એને એક છેદ છેદ કરતો આઘાત આપીને તારી સાથે બંધાઈ ગયો. એ માસીના ઘેર તું જોજે મને અને તને જોતાં જ માસી કેવીક થઈ જાય છે..

કયાંક આપણને ધક્કો તો નહીં આપેને ? મેં એક ભય વ્યકત કર્યો હતો.

ના.. બિલકુલ તું એકવાર તારો પગ તો મુકી જો.. કદાચ તારા ઘરવાળાઓ કરતાં આ માસી કંઈક ચડીયાતી છે..નાનકડા સ્ટેશને ઉતર્યા ત્યારે ધોધમાર એવો વરસાદ હતો . જો કે વરસાદે એની સીઝનની પ્રથમ ધમાકેદાર એન્ટ્રી મારી હતી. આખાય ભીનખાં થઈ ગયા હતા. માસીનું ઘર બંધ હતું, સાંકળ ખખડાવીને સાદ દીધો હતો.. માસી...

પહેલી સાંકળે જ અવાજ તો થયો હતો. ઠર્યો હતો પણ વરસાદ જ એટલો બધો હતો કે સાંકળનો અવાજ માસી શબ્દનો સુર દબાઈ ગયો હતો. બીજી વાર સાંકળ ખખડાવતા.. શરીર સંકોરીને માસી એ દરવાજો ખોલ્યો હતો. સામે જોતાં જ એમણે કહેલું.. કું-જબિહારી

માસી કુંજબિહારીને કુંજ કહેતા હતા, ઓળખી ગયા હતા. આવ આવ અંદર આવતો રહે, નાહક પલળે છે તને કયાંક શરદી થશે..

માસી ગુજરાતથી ઘણે આઘે રહેતા હતા પણ એમની બોલીમાં ગુજરાતી જેમની તેમ હતી. ગુજરાતી ભાષાની, ગુ-જરાતી બહારની સ્થિતિ જેમની તેમ રાખી હતી.

આ છોકરી કોણ છે, અને તું વળી એને તારી સાથે કેમ લઈને આવ્યો છે.અહીં આ વરસાદમાં ? માસીએ સ્વાભાવિક સવાલ કર્યો હતો.

માસી એ મારી...'

મારા કુંજબિહારીને શરમ આવી ગઈ હતી.. પણ અનુભવી માસી સમજી ગયાં હતા. જોકે માસીએ આગળ સવાલ કર્યો ન હતો કે પરણીને લાવ્યો છેકે ભગાડીને ?

વરસાદ બરાબરનો ઉતરી આવ્યો હતો. માસીએ વધુમાં કહેલું આમ તો કન્યાનાં શુભ પગલાં થયાં છે. ઘરમાં કંઈક મીઠું રાંધવું જોઈએ પણ વરસાદની સાંજે મજા નહીં આવે.. હું અત્યારે તો પરોઠા અને લીલી ડુંગળી પડી છે.. એ બનાવી દઉં છું.. તમોને ભાવશે..

મેં માસીને કહ્યું તમો બેસો


**અનુસંધાન પાના નં.૬ ઉપર**


## બાળકિશોરો માટેની મોજકથાઓ
## ડ્રાઉં..ડ્રાઉં..દાબેલી પાઉં

**શબ્દ સમીપે** - નટવર હેડાઉ

સાહિત્યના દરેક પ્રકારનું મુલ્યાંકન કે માપદંડ સમયની પરિવર્તનશીલતા પર આધારિત હોય છે. જેવો યુગ તેવો સમાજ, સાહિત્ય તેનું પ્રતિનિધિત્વ કરે છે. અને તે અનુસાર તે રચાતું આવ્યું છે. બદલાતા પરિવેશની સાથે સાહિત્યનું સ્વરૂપ અને કથન શૈલીમાં પણ નવી તાજગી આવતી હોય છે. કોઈક જુની કથાને પણ નવી રીતે કહેવાય ત્યારે તે વાંચવી કે સાંભળવી ગમે છે. કેમકે તેમાં નવા વિચારીનું તત્વ ઉમેરાયેલું હોય છે. આજે મારે તમને બાળ કિશોરો માટેની એવી જ મોજ કથાઓની વાત કરવી છે. તેમાં બાળ ચેતનાને ઉજાગર કરવા બાળકોની જીજ્ઞાસાને સંતોષવા માટે આજે પણ પ્રાણીઓ અને પશુઓની વાત તો આવે છે. પણ તેના સંદર્ભે બદલાતા નજરે પડે છે.

'ડ્રાઉં..ડ્રાઉં..દાબેલી પાઉં' નામે પુસ્તકનું શિર્ષક વાંચતાં જ ચોમાસામાં ડ્રાઉં..ડ્રાઉં નો સમૂહ આલાપ કરતા દેડકાઓ અને તેની કુદાકુદ યાદ આવે તે સાથે સાથે વરસાદી મૌસમમાં દાબેલી-પાઉંનો ચટકો પણ સાંભરી આવે કેવું મજાનું શિર્ષક છે. બાળકોને તો એ દુરથી જોતાં જ વાંચવાનું મન થઈ જાય. આમ તો આ વાર્તા સંગ્રહની પ્રથમ વાર્તાનું શિર્ષક પણ છે. એ રીતે લેખિકાએ બાળકોને વાર્તા તરફ આકર્ષિત કરવાનો સુંદર પ્રયાસ કર્યો છે.

આ બાળકિશોર કથાઓમાંથી પસાર થતાં આપણને સુંદર મજાની ૨૪ જેટલી નાની નાની વાર્તાઓ મળે છે. વાર્તાઓની સાથે તેને લગતાં સુંદર ચિત્રો પણ છે. અને વાર્તામાં બાળકોને રસ પડે તેવાં જોડકડા પણ છે. તેમાં પણ બાળકને ભાર ન લાગે તે રીતે સુંદર વિચારબોધ પણ આપવામાં અપાયો છે.

'જીવ માત્ર એક સમાન
સહુએ ખાય ભુલી ભાન
ડ્રાઉં.. ડ્રાઉં..દાબેલી પાઉં..'

વળી વરસાદી મૌસમમાં ચડ્ડીવાળા દેડકા અને તેના આગેવાન ડબ્બુજી મોબાઈલ લાવે ત્યારે કુવામાંના દેડકાંવાળી કહેવતની પણ દેડકાઓમાં ચર્ચા ચાલે. માછલીઓની ઈર્ષા અને મોબાઈલ મેસેજ દ્વારા ડિઝાસ્ટર મેનેજમેન્ટની વાત બાળકોને સરસ રીતે સમજાવાઈ છે. લેખિકા પરિઓના પગલે પગલે બાળકોને પરિઓના દેશમાં લઈ જાય છે પણ કોઈનું ભલું જ થાય તો કાંઈ નહી પરંતુ ક્યારેય કોઈનું બુરું વિચારશો કે કરશો


**અનુસંધાન પાના નં.૬ પર**


# સ્ત્રીને આરક્ષણ પહેલાં સંરક્ષણની જરૂર છે

**નારી**

વિશ્વની સ્ત્રીઓને આરક્ષણ પહેલાં સંરક્ષણ આપો. આખા વિશ્વવમાં માત્ર સ્ત્રી હોવાને કારણે જ અત્યાચાર સહન કરવાના તે બહુ મોટો અન્યાય છે. વિશ્વના દેશોમાં પુરુષોને પ્રાધાન્ય મળે છે. પુરુષનું લક્ષ્ય પ્રેમ, પદ, પ્રતિષ્ઠા (વ્યવસાય)અને પૈસા તરફ વધારે હોય છે. બે વાસણ ઘરમાં ખખડે ત્યાંથી માંડીને ઘરેલુ હિંસાચારનું સ્વરૂપ ધારણ કરે ત્યારે પુરુષો તેને રોજની કટકટ સમજી આંખ આડા કાન કરે છે અને તેથી જ વાત વધારે વણસે છે. ઘરનું મોટું સ્વરૂપ આપણને દેશમાં જોવા મળે છે. સ્ત્રીઓ પરના અનેક સામાજિક, માનસિક, ભાવાત્મક, શારીરિક અત્યાચારમાં બળાત્કાર એક ભયંકર, ભયજનક અરેરાટી ફેલાવનાર અત્યાચાર છે. જેમાં નવજાત બાળકોથી માંડીને ૯૦ વર્ષની વૃદ્ધા પણ માત્ર "લાચારીને કારણે ભોગ બને છે. અને આનો ભય દરેક સ્ત્રીને અનેક બંધનોમાં મૂકી દે છે. તે અમુક દાયરાની બહાર પગ નથી મૂકી શકતી અને વિકાસના અનેક ક્ષેત્રમાં સિદ્ધિનાં શિખરો સર કરતાં અટકી જાય છે. આજે બળાત્કાર કરનાર સામાન્ય માણસ કે ગુંડો હોય પણ જ્યારે રક્ષક ભક્ષક બને (પિતા, ભાઈ, પોલીસ, સામાજિક, રાજકીય, ધાર્મિક પદાધિકારી હોય) ત્યારે હાહાકાર મચે છે. બળાત્કાર કરનાર નરાધમ કે પીડિતાની જાતિ-ધર્મ સામાજિક-આર્થિક દરજ્જા સાથે કોઇ જ સંબંધ નથી. ખાસ બળાત્કારના કિસ્સામાં સ્ત્રી પુરુષનો નજરિયો જુદો હોય છે. પુરુષને મન આવી નાની બાબતોને મીડિયા ચગાવે છે કે રાજકીય સ્વરૂપ આપે છે કે આ તો ચવાઇ ગયેલી બાબત છે. આવા કિસ્સા તો રોજ બને છે. માત્ર અમુક કિસ્સાને શા માટે આટલું મહત્ત્વ આપવામાં આવે છે ત્યારે ચચરી જવાય છે. લોહી ઊકળી જાય છે. આ સૃષ્ટિનું મહત્ત્વ માનવથી છે. અને માનવનું સર્જન માત્ર સ્ત્રીની કૂખ કરે છે. સ્ત્રી માટે માતૃત્વ શ્રેષ્ઠ સ્થાન અને અનેરી અનુભૂતિ છે અને હવસખોર હેવાનો આ સ્ત્રીની કૂખને રહેંસી નાખે છે. તેવે વખતે આવા કિસ્સાની છણાવટ કોઇક વિચારક વ્યવસ્થિત રીતે કરે છે. જ્યારે કોઇ તેને રાજકીય કલંક ન લાગે તે માટે છાંવરવાના પ્રયત્ન કરે છે. આ તો રોજબરોજની વાત છે, આમાં નવું શું છે. તેમ ઘણા ખરા પુરુષો માને છે. આજે કોઇ પણ ઉંમરની સ્ત્રી ઘરની બહાર ગઇ હોય અને


**અનુસંધાન પાના નં.૬ ઉપર**


# સમરમાં માનુનીઓને જલસા ટ્યુબ ડ્રેસ અને તેની વેરાઇટી

**રૂપના રખોપા**

ઉનાળાની શરૂઆત થતા જ માર્કેટમાં કંઈક નવું અચૂક જોવા મળે છે જે લેવાનું અને પહેરવાનું મન થઇ જાય છે. આજે એવી જ એક કૂલ ફેશન વિશે જાણકારી મેળવીએ કે જેને પહેરવાની સમરમાં ખૂબ મજા આવશે

સમર આવે એટલે માનુનીઓને જલસા પડી જાય, કારણ કે આ સીઝનમાં તમે મનગમતી દરેક ફેશનને શાનથી અપનાવી શકો. કારણ કે આ સીઝનમાં તમારે ઠંડીથી રક્ષણ આપતા મોટા જેકેટ, ભારેખમ સ્વેટર, કે વરસાદથી રક્ષણ આપતા રેઈની આઉટફિટની ચિંતા કરવાની હોતી નથી. તેથી શોર્ટ, ઓફ શોલ્ડર વગેરે જેવા અનેક ફેશનેબલ વસ્ત્રો તમે બિન્ધાસ્ત પહેરી શકો છો. હા રહી વાત તડકામાં નીકળીએ ત્યારે સ્કિનને સૂર્ય કિરણોથી બચાવવાની તો હાલમાં તેના માટે પણ ઘણા બધા ઓપ્શન્સ અવેલેબલ છે જ. જે માનુનીઓની ત્વચાને ટોન થતી અટકાવી શકે છે. માટે જે પણ સ્ત્રીઓ વેસ્ટર્ન આઉટફિટ્સનો શોખ ધરાવે છે તેનામાટે સમર બેસ્ટ ઓપશન બની રહે છે.

સમરમાં વળી બજારમાં નવી નવી કેટલીયે વેરાયટી ઉપલબ્ધ હોય છે, અને ઉનાળાની શરૃઆત થતા જ માર્કેટમાં કંઈક નવું તમને અચૂક જોવા મળે છે, જે લેવાનું અને પહેરવાનું મન થઇ જાય છે. આજે પણ આપણે એવી જ એક કૂલ ફેશન વિશે વાત કરવાની છે, જેને પહેરવાની આ સમરમાં ખૂબ મજા આવશે. હાલના સમયે નવા નવા નામ સાથે નવી નવી ફેશન બજારમાં અવતરી રહી છે. ડિઝાઈનર્સ પણ આજના કોમ્પિટિશનના યુગમાં સ્ત્રીઓને ગમે તેવું નવું નવું ડિઝાઈન કરતા રહે છે, આ અંગે ડિઝાઈનર્સનું કહેવું છે કે કસ્ટમર્સ કંઈક નવું માંગે એટલે અમે એ માટે તૈયારી રાખીએ જ. જેથી તેમને નિરાશ ન કરી શકાય. અને એટલે જ આ સમરમાં ટ્યુબ ડ્રેસ બજારમાં ધૂમ મચાવી રહ્યા છે.

આ ડ્રેસ અલગ-અલગ ફેમમાં માનુનીઓ ઈચ્છે તે રીતે પહેરી અને ડિઝાઈન કરાવડાવી શકે છે, તેમજ તેની સાથે કોમ્બિનેશનમાં પણ ઈચ્છિત મેચિંગ લઈ શકે છે. તો ચાલો જાણી લઈએ ટ્યુબ ડ્રેસ


**અનુસંધાન પાના નં.૬ ઉપર**

## બહુચરાજી...

**પાના નં .૧ ચાલુ**

તે સમયે અમે એક કમિટિ બનાવીએ તે કમિટી કહે તે યુવાનોને નોકરી આપો તેવી માગણી કરી હતી, પરંતુ તેમાં પણ તેઓ તૈયાર થયા નથી. આમ, કંપની કોઈપણ હિસાબે સ્થાનિક બેરોજગારોને નોકરી આપવા તૈયાર ન હોઈ હવે કંપની સામે આંદોલન કરવાનો નિર્ધાર કરાયો છે. આ પ્રસંગે મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, મહેસાણા જિલ્લા પંચાયત પ્રમુખ રણજીતસિંહ ઠાકોર, બહુચરાજી તાલુકા કોંગ્રેસ પ્રમુખ વાઘુભા જાડેજા, તા.પં.પ્રમુખ રાજેન્દ્રસિંહ દરબાર, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કીર્તિસિંહ ઝાલા સહિતના મહાનુભાવોએ પ્રાસંગિક પ્રવચનો કરી બેરોજગાર યુવાનોને નોકરી માટે ઉગ્ર લડત આપવા હાકલ કરી હતી. કાર્યક્રમમાં આજુબાજુના ૫૫ ગામોના આગેવાનો હાજર રહ્યા હતા.

## હાર્દિક...

**પાના નં .૧ ચાલુ**

લઈ ભારતીય જનતા પાર્ટી દ્વારા ગતરોજ સંગઠનની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ જીતુભાઈ વાઘાણી,પ્રદેશ મહામંત્રી કે.સી.પટેલ, ગુજરાત સરકારના પૂર્વ મંત્રી શંકરભાઈ ચૌધરી, બનાસકાંઠા જીલ્લા ભાજપ પ્રમુખ કેશાજી ચૌહાણ, ગુજરાત વેર હાઉસિંગ કોર્પો-રેશનના ચેરમેન મગનલાલ માળી, ડીસાના ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા સહીત પક્ષના અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.આ બેઠકમાં ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી અંગે વિસ્તૃત ચર્ચા કરી આગામી ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી આસાનીથી વિજયી બનશે તેવો આશાવાદ પણ પક્ષના પ્રદેશ પ્રમુખ જીતુંભાઈ વાઘાણીએ વ્યક્ત કર્યો હતો.

આજે ડીસા ભાજપના કાર્યકરોને સંબોધવા આવેલા ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ પત્રકારો સાથેની વાતચીતમાં હાર્દિક અંગે પુછાયેલા સવાલ અંગે સહુ પ્રથમ તો હાર્દિકને ઓળખવાનો જ ઈનકાર કરી દઈ હાર્દિક પટેલને નજર અંદાજ કરવાનો પ્રયાસ કર્યો હતો ત્યારબાદ હાર્દિક પટેલ પર આક્ષેપ કરતા તેમણે જણાવ્યું હતું કે હાર્દિક પટેલ કોંગ્રેસનો પીઢ્ઢું છે અને તે કોંગ્રેસના નાણા પર જ તાગડધિન્ના કરતો હોવાના આક્ષેપો પણ કર્યા હતા. ઉપરાંત પાટીદાર સમાજના આગેવાનો અને ભારતીય જનતા પાર્ટી પાટીદાર સમાજની ચિંતા કરે છે તેવું પણ તેમણે જણાવ્યું હતું. હાર્દિક પટેલ ચૂંટણી સમયે ભાજપમાંથી ચૂંટણી લડી રહેલા પાટીદારોને હરાવવા માટે મેદાનમાં આવે છે તેવો આક્ષેપ પણ જીતુભાઈ વાઘાણીએ કર્યો હતો. જીતું વાઘાણીએ પત્રકારો સમક્ષ રાજકોટ દલિત કાંડની ઘટના અંગે દુખ વ્યક્ત કરી કોંગ્રેસ હંમેશા જાતિવાદનું ઝેર ફેલાવવાનું કામ કરે છે તેવો આક્ષેપ કરતા જણાવ્યું હતું કે ગુજરાતની ભાજપ સરકાર પુરી સંવેદનશીલતા સાથે દરેક સમુદાયની ચિંતા કરતી હોવાનો દાવો પણ કર્યો હતો.

## બાકી કરવેરા...

**પાના નં .૧ ચાલુ**

શિક્ષણવેરો, ખાસ પાણીવેરો, જાહેર દિવાબત્તી વેરો, ભૂગર્ભ વેરો અને ખાળકુઇ વેરો વસુલવામાં આવે છે. જોકે, કેટલાક રિઢા બાકીદારો નિયમિત કરવેરો ભરપાઇ કરતા નથી. જેમની પાસેથી નગરપાલિકા દ્વારા કડક ઉઘરાણી શરૂ કરવામાં આવી છે. આ અંગે પાલિકાના દબાણ સુપરવાઇઝર મુકેશ ભાઇ પઢિયારે જણાવ્યું હતુ કે, વોર્ડ નં. ૧, ૨, ૩, ૮, ૧૨માં વસવાટ કરતા ૨૦૦૦ દબાણકર્તાઓને આખરી નોટિસ આપી દેવામાં આવી છે.

## ટિકિટ બ્લોક...

**અનુસંધાન ૨ નુ ચાલુ..**

અત્યાર સુધીમાં તેણે ૧૦૦ જેટલા લોકોને આઈડી આપ્યા છે. પોલીસે તેની પાસેથી લેપટોપ, મોબાઇલ ફોન અને કેટલાક એજન્ટ તથા ડીલરના મોબાઇલ નંબર મેળવ્યા છે. કુલ પાંચ જેટલાં સોફટવેર દ્વારા આખી રેલવેની ઈ-ટિકિટ કાઢવાનું કૌભાંડ ચાલે છે જેમાં રેડ મિર્ચ, આઈબીએસ અને કાઉન્ટર નામના સોફટવેરનો મુખ્ય સપ્લાયર આરોપી યતેન્દ્ર હોવાનું બહાર આવ્યું છે. આરોપી પાસેથી પાંચ જેટલા અલગ અલગ બેન્ક એકાઉન્ટ મળી આવ્યાં છે. જેમાં લાખો રૂપિયાની એમાઉન્ટ મળી આવી છે. રેડમિર્ચ નામના સોફટવેર દ્વારા લાખો રૂપિયા કમાતો હોવાનું બહાર આવ્યું છે. સેન્ટ્રલ રેલવેમાં આરપીએફ દ્વારા જે આરોપી સલમાનની ધરપકડ કરવામાં આવી છે તેનો આ સાગરીત હોવાનું બહાર આવ્યું છે. સાથે બેસીને સલમાન અને યતેન્દ્રએ આ સોફટવેરની ટ્રેનિંગ લીધી હોવાનું આરપીએફનાં સૂત્રોએ જણાવ્યું છે. સમગ્ર રાજ્યમાં રેડ મિર્ચના સોફટવેરનો સપ્લાયર યતેન્દ્ર હોવાનું આરપીએફની પૂછપરછમાં બહાર આવ્યું છે. અમદાવાદ શહેરમાં અનેક લોકોને તેણે આ સોફટવેર સપ્લાય કર્યાં છે. આરપીએફને યતેન્દ્ર પાસેથી મળી આવેલા મોબાઇલ નંબર અને લેપટોપમાંથી મળેલી વિગતના આધારે હવે આવા ઈ-ટિકિટના કૌભાંડી સામે અમદાવાદ આરપીએફએ કાળાબજારિયા એજન્ટો સહિતના લોકો સામે તવાઇ બોલાવી છે.

## ગુજરાતમાં...

**અનુસંધાન ૨ નુ ચાલુ..**

લોકોએ બપોરના ગાળામાં બહાર નિકળવાનું ટાળ્યું હતું. તબીબો પણ વધુ પ્રમાણમાં પાણીનો ઉપયોગ કરવાની સલાહ આપી રહ્યા છે. અમદાવાદ શહેરના જુદા જુદા વિસ્તારમાં બપોરના ગાળામાં જનજીવન સંપૂર્ણપણે ખોરવાયેલું રહ્યું હતું. લોકોએ બહાર નિકળવાનું ટાળ્યું છે. આગામી દિવસોમાં પણ ગરમીના પ્રમાણમાં વધુ વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. આગામી દિવસોમાં પારો હજુ પણ ઉપર જઈ શકે છે. વધતી જતી ગરમીના કારણે લોકો હવે વધુમાં વધુ સાવધાન થયા છે અને બપોરના ગાળામાં બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લોકોને રાહત આપવા માટે જુદા જુદા વિસ્તારમાં પાણીની વિશેષ વ્યવસ્થા પણ કરવામાં આવી છે. ઘણી જગ્યાઓએ પાણીના જગ મુકાયા છે. સ્વૈચ્છિક સંસ્થાઓ પણ અનેક વિસ્તારોમાં સક્રિય થયેલી છે. જેના પરિણામ સ્વરૂપે લોકોને તીવ્ર ગરમી વચ્ચે મદદ કરવામાં આવી રહી છે. આવતી-કાલે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૪ની આસપાસ રહી શકે છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પણ આજે તીવ્ર ગરમીનો અનુભવ થયો હતો. બપોરે ગરમ હવાના કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. હવામાન વિભાગ તરફથી હિટવેવને લઈને કોઈ ચેતવણી જારી કરાઈ નથી પરંતુ લોકો જોખમ લઈને બહાર નીકળવા માટે તૈયાર નથી. ગરમીના કારણે ઈન્ફેક્શનની શક્યતા પણ દેખાઈ રહી છે. તંત્ર તરફથી પણ બિનજરૂરી રીતે લોકોને બહાર ન નિકળવા માટે સૂચના આપી દેવામાં આવી છે. તીવ્ર ગરમી વચ્ચે સાવચેતી રાખવા જરૂરિયાત દેખાઈ રહી છે.

વધતી જતી ગરમી વચ્ચે હાલમાં લોકોને સાવધાવ રહેવાની જરૂર છે. બીજી બાજુ હાલમાં ગરમીથી બચવા માટે તમામ પ્રયાસો જરૂરી છે. વધુ પ્રમાણમાં પાણી પીવાની સલાહ આપવામાં આવી રહી છે. બીજી બાજુ બહારની ચીજવસ્તુઓને ટાળવા માટે પણ તબીબોની સૂચના છે.

## કોંગ્રેસના દલિત...

**અનુસંધાન 3 નુ ચાલુ..**

જેના કારણે બંને પક્ષો વચ્ચે ખેંચતાણની સ્થિતિ હતી. જો કે, વિવાદને આખરે ઉકેલી લેવામાં આવ્યો હતો. મંત્રીમંડળ સહિત અનેક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યા હતા. આવતીકાલની શપથવિધિમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી, બસપના વડા માયાવતી, સપાના અધ્યક્ષ અખિલેશ યાદવ, આંધ્રના મુખ્યમંત્રી નાયડુ પણ હાજર રહેશે.

## પેટ્રોલ-ડીઝલની...

**અનુસંધાન 3 નુ ચાલુ..**

બીજા પગલા પણ લેવામાં આવનાર છે. કેન્દ્ર અને રાજ્યોને વેટમાં ફેરફાર કરવા માટે પણ કહેવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સરકાર પેટ્રોલ-ડિઝલની કિંમતોમાં ભાવ વધારને અંકુશમાં લેવા માટે બનતા તમામ પ્રયાસ કરી રહી છે. પેટ્રોલિયમ પ્રધાન ધર્મેન્દ્રપ્રધાને આજે કહ્યું હતું કે, કયા પગલાં લેવા જોઈએ તે દિશામાં પણ સરકાર વિચારી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે નવી દિલ્હી અને ફાઈનાન્સિયલ હબ ગણાતા મુંબઈમાં પેટ્રોલ અને ડિઝલની કિંમત રેકોર્ડ ઉંચી સપાટીએ પહોંચી ગઈ છે. છુટક કિંમતો રેકોર્ડ ઉંચી સપાટીએ પહોંચતા લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. પેટ્રોલ પંપ ઉપર કિંમતો રોકેટગતિથી વધી રહી છે. ક્રુડ ઓઈલ માટે આંતરરાષ્ટ્રીય માર્કેટ પર ભારતને આધારિત રહેવાની ફરજ પડે છે. વર્ષ ૨૦૧૪ બાદથી સૌથી ઉંચી સપાટી ક્રુડ ઓઈલની થઈ ગઈ છે. ઓર્ગેનાઈઝેશન ઓફ પેટ્રોલિયમ એક્ષપોર્ટીંગ કન્ટ્રી દ્વારા પેટ્રોલિયમ પેદાશોમાં કાપ મુકવામાં આવ્યા બાદ સ્થિતિ વણસી રહી છે. ધર્મેન્દ્ર પ્રધાને સંબોધનમાં કહ્યું હતું કે જુદા જુદા વિકલ્પો પર ધ્યાન આપવામાં આવી રહ્યું છે. ટુંક સમયમાં જ પેટ્રોલિયમ પેદાશો પર અંકુશ માટે કોઈ નવી રણનીતિ તૈયાર કરવામાં આવશે.

## પાલનપુર બસસ્ટેન્ડમાં...

**અનુસંધાન 3 નુ ચાલુ..**

આ અંગેના મિડીયામાં પ્રસિધ્ધ થયેલા અહેવાલને પગલે શહેરના જન સેવા એજ પ્રભુ સેવા ગૃપ દ્વારા મંગળવારે બસ સ્ટેન્ડમાં વિનામૂલ્યે પાણીની પરબ શરૂ કરવામાં આવી હતી. જ્યાં રવીભાઈ મહેશ્વરી, વસંતીબેન મહેશ્વરી, વિભાગીય નિયામક જયદીપ સોલંકી, અનીલભાઈ જનસેવા એજ માનવ સેવા ગૃપના પ્રમુખ જયેશભાઈ સોની, પવનભાઇ પ્રજાપતિ, જીગરભાઈ સોની, નરેશભાઈ સોની, અનીલભાઈ, રૂપેશભાઈ ગુપ્તા, પાર્થભાઇ રાવલ સહીત સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## બનાસકાંઠા જિલ્લામાં...

**અનુસંધાન 3 નુ ચાલુ..**

સારું કામ કરીશું તો પડકારો તો અનેક સામે આવવાના છે, સારું કરનારને તો સતયુગમાં પણ હેરાન કરવામાં આવતા હતા. પરંતુ આપણે સારું કર્મ કરવાનું છોડી દેવાનું નથી. દૂધ ઉત્પાદકો માટે હોસ્પિટલમાં વિશેષ પ્રકારની સાવ નજીવા દરે સારવાર મળી રહે તે માટે ડેરીના મંત્રી કે ચેરમેનની સહી ધરાવતું આઈકાર્ડ આપવામાં આવે તેવા પ્રકારની વ્યવસ્થા આવનારા સમયમાં ઉભી કરવામાં આવશે. કોઈ પશુપાલક બિમાર થાય તો તેના ઘેરથી હોસ્પિટલ સુધી લાવવા માટેની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવશે. જિલ્લામાં બનાસ મેડિકલ કોલેજ અને ૭૦૦ બેડની હોસ્પિટલના નિર્માણ માટે દૂધ મંડળી પણ પોતાની યથા શક્તિ પ્રમાણે દાન આપી તેમાં સહભાગી થાય તેવી લાગણી વ્યક્ત કરી હતી. ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ અને બનાસ ડેરીના વાઈસ ચેરમેન માવજીભાઈ દેસાઈએ સ્વાગત પ્રવચન કરતાં કહ્યું હતું કે બનાસ મેડિકલ કોલેજની મંજૂરી મળવાથી બનાસકાંઠા માટે જાણે એક નવો સૂર્યો ઉગ્યો છ

બનાસ ડેરીના ડિરેક્ટર અને ટ્રસ્ટના ખજાનચી દિલીપસિંહ બારડે કહ્યું હતું કે જ્યારે બનાસ મેડિકલ કોલેજની મંજૂરી લાવવા માટેની પ્રક્રિયા થઇ રહી હતી ત્યારે કેટલાક સ્થાપિત હિતો વિરોધ કરી રહ્યા હતા. પરંતુ શંકરભાઈ ચૌધરીના સફળ પ્રયત્નોથી મેડિકલ કોલેજ લાવી શક્યા છીએ. રાજકીય હેતુથી પ્રેરિત અને કોઈક તત્વોના ઈશારે સ્વાર્થી હેતુઓ માટે ખોટા બહાના હેઠળ વિરોધ કરવામાં આવતો હતો. બનાસ ડેરીના ડિરેક્ટર અને ટ્રસ્ટના મંત્રી અણદાભાઈ પટેલે કહ્યું હતું કે ગુજરાત રાજ્યમાં માત્ર એક જ મેડિકલ કોલેજની મંજૂરી મળી છે તે પણ બનાસ મેડિકલ કોલેજને, તેના લીધે બનાસકાંઠાનું ગૌરવ વધ્યું છે બનાસ ડેરીના ડિરેક્ટર અને પૂર્વ ચેરમેન પરથીભાઈ ભટોળ કહ્યું હતું કે બનાસકાંઠાને મેડિકલ કોલેજ મળ્યા પછી હવે આપણા સૌની વિશેષ જવાબદારી બને છે. જિલ્લાવાસીઓએ સાથે મળીને ઝડપથી મેડિકલ કોલેજ વિકાસ પામે તે દિશામાં કામ કરવા માટે લાગી જવું પડશે. તમામ દૂધ ઉત્પાદક મંડળી પોતાની યથા શક્તિ પ્રમાણે દાન આપીને તેમાં ભાગીદાર થાય તેવી લાગણી વ્યક્ત કરીને મેડિકલ કોલેજ અને હોસ્પિટલના નિર્માણમાં ઉદાર હાથે ફાળો આપવા આહવાન કર્યું હતું. બનાસ ડેરીના ડિરેક્ટર જોઈતાભાઈ પટેલે કહ્યું હતું બનાસકાંઠા જિલ્લા માટે વિકાસના નવા સોપાનની શરૂઆત થઇ છે. શંકરભાઈ ચૌધરીની મહામહેનતે મેડિકલ કોલેજ બનાસકાંઠાને મંજૂરી મળી તે માટે તેઓને ખૂબ અભિનંદન પાઠવું છું. જિલ્લાના વિકાસની વાત આવે ત્યારે પક્ષાપક્ષીથી દૂર રહી તેમાં ભાગીદાર થવું જોઈએ. બનાસકાંઠા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ દલસંગભાઈ પટેલે બનાસ મેડિકલ કોલેજની મંજૂરી મેળવવામાં અથાગ પ્રયત્ન કરનાર બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીને અભિનંદન આપ્યા હતા. બનાસ ડેરીના સિનીયર જનરલ મેનેજર ડૉ.વિરેન દોશીએ પ્રાસંગિક ઉદબોધન કરીને બનાસ મેડિકલ કોલેજ અંગે વિગતવાર માહિતી આપી હતી. ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટના ઉપપ્રમુખ અને બનાસ ડેરીના ડિરેક્ટર પી.જે.ચૌધરીએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે બનાસ ડેરીના ડિરેક્ટર ખેમજીભાઈ ચૌધરી, રતનશીભાઈ પટેલ, ભાવાભાઈ રબારી, દિનેશભાઈ ભટોળ, ફલજીભાઈ ચૌધરી, કરશનભાઈ ચૌધરી, કરશનજી રાઠોડ, બનાસ બેંકના વાઈસ ચેરમેન જીગરભાઈ દેસાઈ, જિલ્લા ખ.વે સંઘના વાઈસ ચેરમેન ખેતાભાઈ રબારી, સામાજિક આગેવાન વિરજીભાઈ જુડાલ, નુરભાઈ ઉમતીયા, લક્ષ્મણસિંહ રાઠોડ, સરદારજી રાજપૂત, બલુભા બારડ, બનાસ બેંકના ડિરેક્ટર જશુભાઈ ચૌધરી, જીતેન્દ્રસિંહ ડાભી, જિલ્લા પંચાયતના સભ્ય લાલજીભાઈ કરેણ, માર્કેટ સમિતિના ચેરમેન અમથાભાઈ ચૌધરી, રૂપસિંહભાઈ પટેલ, ફતાભાઈ ધરિયા, મુળજીભાઈ ચૌધરી, અગ્રણી સોમાભાઈ પટેલ, શામળભાઈ પટેલ, ડી કે દેસાઈ, પરથીભાઈ પટેલ, બાદરસિંહ વાઘેલા, ઈન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર કામરાજભાઈ ચૌધરી અને બનાસ ડેરીના વરિષ્ઠ અધિકારીઓ અને દૂધ મંડળીઓના ચેરમેનઓ/મંત્રીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## બ ા ન ા ા સ ા ક ા ં ઠ ા મ ા ં ઘાસચારો...

**પાના નં .૮ ચાલુ**

સુચકતા વાપરી ટ્રક નજીકના તળાવ સુધી હંકારી ગયો હતો. જ્યાં ગ્રામજનો દોડી આવતાં પાણીનો મારો ચલાવ્યો હતો. એ પછી ડીસા પાલિકાનું ફાયર ફાયટર પણ દોડી આવ્યું હતું અને પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી. પરંતુ ત્યાં સુધી ઘાસચારો અને ટ્રક બળીને ખાખ થઈ ગઈ હતી. ત્યારે જિલ્લામાં ઘાસચારો ભરેલી ટ્રક સળગવાનો સિલસિલો યથાવત રહેતા લોકોમાં અવનવી શંકા - કુશંકાઓ જન્મી છે જો કે ના.કલેક્ટર એચ.એન.પટેલે આ બાબતે વીજ વાયર નીચા હોવાના કારણે ટ્રકોમાં આગ લાગવાના બનાવો બને છે તેમ જણાવી વિજ કંપનીના સત્તાધીશોને વાયર ઉંચા ખેચવા સુચના આપી હોવાનું ઉમેર્યું હતું.

## ડીસામાં ૪૫..

**પાના નં .૮ ચાલુ**

નજીક એક મજુરનું પણ ગરમીના લીધે ચક્કર આવી જતા મોત થયું છે. આ મજુરનું નામ કનુજી ફતેહસિંહ ઠાકોર છે અને શહેરના શિવનગર વિસ્તારમાં રહે છે. કનુજી ઠાકોર નામનો આ આધેડ મજુરી કરે છે અને આજે બપોરના સમયે સાઈબાબા મંદિર નજીક ઉભો હતો ત્યારે અચાનક ગરમીના લીધે તેને ચક્કર આવી જતા તે ત્યાં જ ઢળી પડ્યો હતો. આ ઘટના બનતા આસપાસના લોકોએ તાત્કાલિક સિવિલ હોસ્પીટલમાં જાણ કરી હોવા છતાં ગરમીથી બેહોશ થયેલા યુવકને સમયસર સારવાર ન મળતા તેનું મોત નીપજ્યું હતું. બાદ આ યુવકને જયારે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો ત્યારે સિવિલ હોસ્પીટલના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. પ્રાથમિક દ્રષ્ટીએ જ આ યુવકનું મોત ગરમીથી થયું હોવાનું સામે આવ્યું છે.

# આ ૩ કારણથી થાય છે કમરનો દુખાવો

બદલાતી જીવનશૈલી સાથે, લોકોને આજે ઘણી બધી સ્વાસ્થ્ય સમસ્યાઓ થઈ મળી રહી છે. સ્વાસ્થ્ય સમસ્યામાં કમરનો દુખાવો થવાની સમસ્યા વધી રહી છે. અગાઉ આ સમસ્યા માત્ર વયના લોકો માટે જ હતી, પરંતુ આજકાલ, બાળકો પીઠના દુખાવાની ફરિયાદ કરે છે. આજે આપણે કહીશું કે પીઠનો દુખાવો શું છે.

સ્નાયુઓ પર ભાર મૂકવાને કારણે તમને પીઠનો દુખાવોનો સામનો કરવો પડી શકે છે.

ઘણી વખત આપણને જરૂર કરતાં વધુ વજન મળે છે. ખૂબ વજન ગુમાવવાથી પીઠનો દુખાવાની સમસ્યા પણ થઈ શકે છે.હાઈ હીઈલ્ડ શૂઝ અથવા સેન્ડલ પહેરવાથી પણ તમારી કમરમાં પીડા થઈ શકે છે.

# ગરમીમાં શા માટે પીવું જોઈએ ખસનો શરબત, જાણો ૬ ખાસ વાત

ખસની તાસીર ઠંડી હોય છે અને ગર્મીમાં ખસનો શરબત પીવું શરીરને ઠંડક પહોંચાડે છે. આ પોતાને હાઈટ્રેટ રાખવાનો એક બેસ્ટ ઑપ્શન છે. ગર્મીમાં તેને પીવાથી ઘણા લાભ હોય છે જેમાંથી આ કેટલાક છે.

ખસનો શરબત પીવાથી તરસ જલ્દી શાંત હોય છે. તેને લીંબૂનો શરબત મિક્સ કરી પણ પી શકાય છે.

તેના સેવનથી શરીર હીટ સ્ટ્રોલથી બચ્યું રહે છે. સાથે જ શરીરના બળતરા પણ મટે છે.

ખસમાં વિટામિન મ્૬, મેગનીજ વગેરે ભરપૂર માત્રામાં હોય છે જેનાથી બ્લડ પ્રેશર કંટ્રોલમાં રહે છે.

આંખમાં થતી લાલાશની મુશ્કેલીને પણ દૂર કરે છે. ખસના શરબતનો સેવન.

ખસના શરબત એંટીઓક્સીડેંટથી ભરપૂર હોય છે અને ઈમ્યુનિટી વધારવામાં ખૂબ લાભકારી છે.

ખસનો શરબતના નિયમિત રૂપથી પીવું ક્યારે પણ શરીરમાં પાણીની ઉણપ નહી થવા દેતો.

## નારી ચેતના...

**અનુસંધાન ૫ નું ચાલુ**

હોય. જવાબ સરળ જ છે, ક્યારેક બેમાંથી એકે ધીરજ ધરી હોય, તો ક્યારેક સંજોગો સાથે સમાધાન કર્યું હોય. પણ, જો આજે કોઇ આવું કરે તો તેને ઓર્થોડોક્સ ગણી લેવામાં આવે. ટીપીકલ પીપલ કહીને તેમની હાંસી ઉડાવવામાં આવે. પણ આ હાંસી ઉડાવનાર શું ખરેખર મોર્ડન કહેવાય!

દરેક જનરેશન અપડેટેડ જનરેશન હોય છે. એટલે આપણે આ ઓર્થોડોક્સ કે ટિપિકલ વાતોમાં નવો ફ્લેવર ઉમેરી શકીએ. મોર્ડનિટીમાં જો મોડેસ્ટી મળે તોપ મજા પડે. ધીરજ રાખવાના અને જરુર પડ્યે સમાધાન કરવાના ગુણની સાથે જો એક બીજાને થોડી સ્પેસ આપીએ, એકબીજાને થોડો સપોર્ટ આપીએ તો આકાશ દૂર નથી. લગ્નમાં કદાચ પ્રેમ ન હોય, પણ જો અપેક્ષાઓ પ્રત્યે સતર્કતા, જવાબદારીની સભાનતા અને એક બીજા પ્રત્યે સમજ કેળવશો તો પ્રેમ પણ પાંગરી જ જશે. એટલે જ તો કહ્યુ કે મોર્ડનિટીમાં મોડેસ્ટી મળશે તો પછી તો મજ્જાની લાઇફ બની જશે.

## શબ્દ સમીપે...

**અનુસંધાન ૫ નું ચાલુ**

નહીં. એવો મેસેજ પણ આપી દે છે. અસલામી ટંગડી હોય કે ગ્રેટ ટેટુવાલા તેમાં આજનાં કાર્ટુન કેરેક્ટરોથી પ્રભાપન અને વિડીયો ગેમોથી ગ્રસ્ત બાળકો માટે કંઈક નવીનતા પીરસવાનો પ્રયાસ થયો છે. છતાં છેવટમાં લેખીકાએ ગલબા ધોબી ના મુખે એવું તો કહેવડાવ્યું છે કે :

દેખાદેખી કરવી નહીં

અક્કલને વાપરવી ભઈ

તો પછી "મળ્યુ તેને માણો " અને 'ચતુર કાગડાઓએ વાંદરાઓને નમાવ્યા તેમાં રહેલ પરપીડન વૃતિની વાતને બાળક સહજ રીતે સમજી શકે તે રીતે મુકી આપી છે.' ગાતા અને કતરાતા બે ભૈયાજી, કોયલની નમ્ર રજુઆત, સારપ, મોટાઈનો ગાંઠિયો ચણામમરાનો જંગ, બાળકોને વાંસળી ગમે તેવી નાનકડી વાર્તાઓ છે. અઢાર અંક વાંકાવાળી કવિતા વડીલોને હજુ યાદ હશે તો અહી ગિરાબહેન 'મીસ વર્લ્ડ વકી ઉડેડી' લઈને આવ્યાં છે. અને વાદળી સાતવારની સમજુતી આપે છે. જુની ગધેડા અને શિયાળની વાર્તા ખુબજ જાણીતા હતા. પણ અહીં તેનાથી ઉલ્ટુ અક્કલમંદ ગુલ્લીચંદ ગધેડા અને ઉંદરની વાત લેખિકા એ કરી છે. સ્વાસ્થ્યનો સંદેશ આપની વાર્તા કુબેરદાસ હોય કે 'સસલાભાઈની શાળા', 'મનમોજી', 'માંજળ માંકડું', 'બલ્લુ ભણ્યો પાઠ', 'હાથીએ બનાવ્યો હલવો','મંથરા મેડમની માયાજાળ', 'છેલ્લો મલ્બો' અને 'રંગ રંગ રંગટોળી' પણ મહત્વપૂર્ણ વાર્તાઓ છે. જ્ઞાન સાથે ગમ્મત કરાવનારી બાળકો અને કિશોરો માટેની આ મોજ કથાઓ આપવા બદલ ગિરાબહેનને અભિનંદન પાઠવું છું અને આ મજાની મોજ કથાઓને આવકારું છું.

દ્રાઉં..દ્રાઉં..દાબેલી પાઉ

- નટવર હેડાઉ

## આગ ભીતર ભીતરની...

**અનુસંધાન ૫ નું ચાલુ**

હું એ બનાવી દઉં છું .. મને આવડે છે...

આવડતું જ હોય ને..

એ પ્રથમ ચરણ હતા. હું માસીની પાસે સુઈ ગયેલી. મારા મિસ્ટર કું-જબિહારી મેડા પર.. જોકે મોડે સુધી જાત જાતની વાતો થયેલી મેં સાંભળેલી.. મને થયેલું પહેલી રાત છે. કદાચ મારી પર પ્રભાવ.. પાડવાને માટે માસી આવી મીઠી મીઠી વાતો કરતી હોય પણ પાછળથી આકરી કડવી સાસુ બનીને ભૂમિકા ભજવશે. એ મારો ખ્યાલ, માન્યતા હતી.. સવારે વરસાદ થંભી ગયેલો, ચારેકોર પાણી ભરાયા હતા. એક જ વાતાવરણ ભેજવાળું થયું હતું. જોકે બપોર બાદ બફારો વધી ગયો હતો. મારા ઘરમાં મારા માટે એ વખતે લગ્નની જાત જાતની વાતો ચાલતી હતી. ને હું એનો સતત વિરોધ કરતી હતી.. 'મારે પરણવું નથી..' તો બાવણ થવું છે ?

મારા મોટા બાપાની જીભ કડવી નહીં અતી કડવી હતી. અને સ્વભાવ તો ન જાણે કેવો ય ખરાબ હતો. મારા પિતાનું કે માતાનું બે ભાઈઓનું એમની પાછળ કશું ઉપજાતું નહીં. મોટા બાપ જો આંખ કાઢીને ચુપ કહે તો કીડી ચપોચપ થઈ જતી.. મારા ઘરમાં એમની ધાક દાબ હતી.

એક રાતે હું એમના લપેટામાં આવી ગઈ હતી. લગ્ન અંગેની સતત મારી ના ના લીધે તેઓ અકળાયા હતા. જોકે કુંજબિહારી સાથેની કયાંક છાની છપની વાતો એમની આગળ પહોંચી ગઈ હશે.

તું લગ્નની ના પાડે છે એની મને ને ગંધ આવી ગઈ છે.. તું ધારે છે એવું હું નહીં થવા દઉં.. આખરે મારી ઈજ્જત છે, આ ઘર આખી જ્ઞાતિમાં ઉંચુ છે ઉંચા ઘરની છોકરી ગમે તેવા છોકરાં સામે ફજેતા કરે એ ચાલશે નહીં.. રાઘવ.. મણી... મારા પિતાનું નામ રાઘવ હતું અને માતાનું નામ મણિ હતું.

દસ પંદર દિવસમાં આ છોડીના લગ્ન ગોઠવી દો.. એનું ખોટું પગલું ભરવાની ઈચ્છા પાર પાડવા દેશો નહીં.. એમણે કહ્યું.

એ રાતે હું હચમચી ગઈ હતી. આખી રાત ઉંઘી ન હતી. કુંજબિહારીને દિલ ખોલી પ્રેમ કર્યો છે. લગ્નનાં એકબીજાએ વચન આપ્યાં છે. .ત્યાં શું બીજાની સાથે સાત ફેરા ફરવા પડશે..

સાત ફેરા બીજાની સાથે ? ના..ના.. ના.. હું કોઈક એવું પગલું ભરીશ કે.. મેં નક્કી કરેલું.. ભાગી જવાનું..

બીજા દિવસે બપોરે મને કુંજબિહારી સાથે મોટા બાપા જોઈ ગયા હતા. જો કે એ દિવસે કુંજબિહારી સાથે ભાગી જવાની આખીય વાત નક્કી થઈ ગઈ હતી. કુંજબિહારીએ મને કહેલું, તું તારે ઘરેથી માત્ર હાથ પગ અને મક્કમ મજબુત હૈયું લઈને આવજે.બાકીનું હું ફોડી દઈશ.. એ દિવસ સોમવાર.. ગુરૂવારે સાંજે ઘરમાંથી બધું છોડી મારે નીકળી જવાનું હતું.. પણ એ સાંજે મોટા બાપાએ મારી સાથે મારઝુડ કરી હતી. ત્યારે મારી મા.. મારા પિતા.. ભાઈએ બધાંય ખામોશ રહ્યા હતા.. ત્યારે પણ એમણે એ જ કહેલું, આ છોકરી આપણા સૌનું નાક કપાવે એ પુર્વે જ દસ દિવસમાં ઉકેલી નાખો..

હું માર ખાઈને ખુણામાં બેસી રહી હતી. એ તબક્કે મારા ઘરવાળાને કાયર સમજતી હતી. કે જેઓ મોટા બાપાને કશું કહી શકતા નથી.

જીંદગી હતી બધું યાદ હતું આંખોમાં ડુબી ગયેલી સ્મૃતિઓ સમ હતું. ગુરૂવારે ઘર છોડવાનું હતું પણ કુંજબિહારીને મળેલી સંડાસ જવાને બહાને.. દસ દિવસમાં લગ્ન અંગેનું જણાવી દીધું હતું.

આમ તો ગુરૂવારે ભાગવાનું હતું પણ બુધવારે બપોરે જ કુંજબિહારીએ કહેલું.. ચાલ આજે સાંજે નીકળીએ છીએ.. હું તૈયાર હતી.

એ દિવસ મારો ભાઈ બપોરની બેની એસટીસમાં પાસે રહેતા દોલતભાઈને વાત માટે બોલાવા ગયો હતો. દોલતભાઈનો દિકરો મનુ કુંવારો હતો. કોર્ટમાં નોકરી કરતો હતો પણ મને પસંદ ન હતો.

ધોધમાર વરસાદના એ દિવસે અમે માસીના ઘેર ઉતર્યા.. આખીય વાત જણાવી પછી હું રોઈ પડી. માસીએ પોતાનો હાથ મારા માથે મુકતાં કહ્યું તારે કોઈ વાતે ગભરાવાનું નથી. ભલે હું સ્ત્રી છું પણ વાઘ જેવી છું. .એથી વધુ મારા કુંજબિહારીની તું પત્ની છે તારો વાળ વાંકો નહીં થવા દઉં.. તું તારે સુખેથી રહે.. માસીની હિંમતે ઘરનો આધાર મળ્યો, જીંદગી આગળ વધી કુંજબિહારીના પ્રેમે એ શાંતી આપી.

આજકાલ કરતાં છોકરાના કહેવા પર મામાના ઘેર વેકેશનમાં જવાનું નક્કી તો કર્યું પણ મને એક બીક હતી. મારૂં તો અપમાન થશે સાથે સાથે મારા પતિ કુંજબિહારીનું અને એના લીધે જ હું મારા ઘેર જવા માગતી ન હતી. વાત ટાળતી હતી પરંતુ છોકરાં જીદ કરતા હતા.

છોકરાને બીજે ફરવા લઈ જવા હું તૈયાર થઈ પણ મામાના ઘેર નહી.મને મારા એ ઘરમાં મોટા બાપાની ખુબ જ બીક લાગતી હતી.એમનો શો ભરોસો ? એક તો એમને, એમનો મારા માટેનો છુપો.. હૈયે ક્રોધ અને એમાં બધાંને લઈને એ ઘેર.. એ આંગણે જાઉં તો.. મારા તેથી પગ પાછા પડતા હતા.

આખરે માસીએ એ વાત જાણી લીધી. ।આ કારણથી હું કે મારા સંતાનો કુંજબિહારીની સાથે જતી ન હતી. સામે છેડે મેં પણ એકવાર એ તરફ લમણા ના કર્યા તો ના કર્યા. ના કશું જણાવ્યું હતુ કે હું અહીં છું.. ઘર, પરિવાર સાથે સુખી છું ત્યાં તો માસી સાથે આવવા તૈયાર થઈ. મેં ઘણી ના પાડી.. જાતજાતની વિગતો રજુ કરી.. માસી રોકાઈ જાય.. પણ..માસી ના માની તે ના માની.. ચાર પાંચ દિવસ પછી પહોંચ્યા.. મારૂં ઘર ખંડેર થઈ ગયું હતું. બા.. મેંમારા ઘરના બારણે જઈ મારી બા.. મારો સાદ સાંભળી હરખઘેલી થઈને બારણું ખોલ્યું.. સામે મા.. બા.. હતી. એ રડી પડી મને ભેટી પડી.. તું કયાં ચાલી ગઈ હતી? માસીની હિંમતે પગ મુકયા.. મારા પિતાજી.. મોટા બાપા ગુજરી ગયા હતા.. માસી અને બાએ મારી માએ પેટ ભરીને વાતો કરી..

-રેણુ વિષ્ણુકુમાર બારોટ (અમદાવાદ)

## નારી...

**અનુસંધાન ૫ નું ચાલુ**

જરા સમયમાં આગળ-પાછળ થાય તો ઘરના કેટલી ચિંતા કરે છે. તેની પાછળ આ બધાં કારણો જવાબદાર છે. આજે એવું કહેનારા પણ છે કે કોર્ટ તેનું કામ કરશે, મીડિયા શું કામ ગુનો પુરવાર થાય તે પહેલાં ગુનેગાર ગણે છે ? વાહ ભાઇ ! કોર્ટ ૧૫ વર્ષ પછી ગુનો પુરવાર કરે ત્યાં સુધી આ માણસ કેટલી મજા કરે ને આવા વધારે ગુના કરે. અને કોઇ કલ્પના પણ ન કરી શકે તેવા પ્રશ્નોના સામના પીડિતાએ પોલીસ અને કોર્ટના વકીલ સામે કરવાનો હોય છે એટલે કેટલાય લોકો આવા કિસ્સામાં પણ બહાર સામે આવતા નથી. ન્યાય મળે કે ન મળે પણ પીડિતાની જિંદગી રોળાઇ જાય છે. આ દેશની કરુણાંતિકા તે છે કે કોઇ પૂતળા ને કાંઇ કરે તેવા નજીવાં કારણોસર તોડફોડ, હિંસા, આંદોલનો થયા છે, બંધનું એલાન સાથે અબજો રૂપિયાની હોળી થાય છે અને કોઇ બાળકો કે સ્ત્રી વગર વાંકે વિંધાઇ જાય, મોતને ભેટે કે જીવન ધૂળધાણી થાય તો તે બાબત પર ઢાંકપીછોડો કરવામાં આવે.

લોકોનો સંપૂર્ણ સામાજિક બહિષ્કાર (શરૂઆત ઘરથી) કરવો જોઇએ. આ બહુ અસરકારક અહિંસક શસ્ત્ર છે, તેને બદલે પદાધિકારીઓ પદ પર રહે છે અને આવા નરાધમોની તરફેણમાં મોરચો નીકળે આનાથી વધારે બીજું ખરાબ શું હોઇ શકે?

સરકાર કોઇ પણ પક્ષની હોય, સામાજિક સમસ્યાની બાબતમાં જ્યારે સરકારનું નાક દબાય છે ત્યારે જ સરકારનું મોઢું ખૂલે છે. રાજકીય પક્ષો કાયદા ઘડી માને છે કે અમે સમસ્યાનું નિવારણ કરી લીધું છે. જ્યાં સુધી પુરુષની માનસિકતા બદલાશે નહીં ત્યાં સુધી આ બધું અટકશે નહીં. દેશ માટે ભય રહિત શાસન વ્યવસ્થા હોવી જોઇએ. એક અભ્યાસ મુજબ પુરુષ કરતાં અઢી ગણી સહનશક્તિ સ્ત્રીમાં છે. સ્ત્રીને આરક્ષણ પહેલાં સંરક્ષણની જરૂર છે. જ્યાં રક્ષક ભક્ષક બને તે દેશ ક્યાં જઇને અટકે.

## રૂપના રખોપા...

**અનુસંધાન ૫ નું ચાલુ**

વિશે.ટ્યુબ ડ્રેસ એટલે બેઝિકલી શોલ્ડરલેસ ડ્રેસીસ. જે ટી-શર્ટ, શર્ટ, લોન્ગ ડ્રેસ, કુર્તી અને શોર્ટ ડ્રેસના ફેમમાં ઉપલબ્ધ છે. શોલ્ડર લેસ ડ્રેસ મતલબ એવો ડ્રેસ કે જેની અંદર સ્લીવ આવે છે (અમુક સ્લીવલેસ પણ હોય છે) પણ તેને શોલ્ડર નીચેથી પહેરવામાં આવે છે. ઓફ શોલ્ડર અને કોલ્ડ શોલ્ડર બાદ હવે આ ડ્રેસની ફેશન આવી છે જેને ટ્યુબ ડ્રેસ કહેવામાં આવે છે.તમે ઓફિસવેરના ટ્યુબ સ્ટાઈલ પહેરવા માંગતા હોય અને તેને એકલું ન પહેરવું હોય તો આ પ્રકારના કુર્તા તેમજ લોન્ગ ગાઉન ઉપર તમે જેકેટ પહેરી શકો છો. વળી આ લોન્ગ શ્રગ અને જેકેટ પણ સુંદર લાગશે. ખાસ જ્યારે તડકામાં ટ્યુબ સ્ટાઈલ પહેરીને બહાર નીકળવાનું વિચારી રહ્યા હોય તો જેકેટ પહેરવું વધારે હિતાવહ રહેશે.ટ્યુબ ડ્રેસને તમે ચાહો એ રીતે પહેરી શકો છો, મતલબ કે જો તમે જિન્સ પહેરવાના શોખીન હોવ તો ટ્યુબ ટી-શર્ટ પહેરી શકાય છે, તેમજ ટ્યુબ શર્ટ અને ટ્યુબ ટી-શર્ટમાં હાલની ફેશન પ્રમાણે તમે ક્રોપ ટ્યુબ પણ પહેરી શકો છો. આ સિવાય સ્કર્ટ ઉપર પણ ટ્યુબ ટી અને ટ્યુબ ટોપ સારા લાગે છે. તમે કુર્તીમાં પણ ટ્યુબ સ્ટાઈલ અપનાવી શકો છો, અને લેટેસ્ટ ટ્રેન્ડ પ્રમાણે લોન્ગ ગાઉનમાં તેમજ ની લેંથ ફ્રોક કે શોર્ટ ફ્રોક્સમાં પણ ટ્યુબ સ્ટાઈલ શ્રેષ્ઠ ઓપશન બની રહેશે.

# કાળઝાળ ગરમીમાં પશુઓનો પાણી માટે રઝળપાટ

પાટણ

ઉનાળાની કાળઝાળ ગરમીમાં રોઝ પાણી પીવા માટે રઝળપાટ કરી રહ્યા છે ત્યારે ગામડાના લોકોને પાણીની સમસ્યા ઉભી થાય ત્યારે બુમરાડ પાડે છે ત્યારે આવી કાળઝાળ ગરમીમાં ગામડાના તળાવ ખાલી થઈ જવાથી વાગડોદ પંથકના રખાવ ગામ નજીક ૨૦ જેટલા રોઝનું ઝુંડ પાણી માટે વલખા મારી રહ્યું હતું. પરંતુ તેમની લાચારી કોઈ સાંભળશે ?

# શંખલપુર નૂતન હાઈસ્કુલનું ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં કન્યાઓનું ૧૦૦ ટકા પરિણામ

ચાણસ્મા

બહુચરાજી તાલુકાના શંખલપુર ગામની એસ.એચ. ગાર્ડી નૂતન હાઈસ્કુલનું ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૯૫ ટકા પરિણામ આવ્યું છે. પ્રિન્સીપાલ એ.ટી.પટેલના જણાવ્યા મુજબ, સોલંકી શીતલબા વિક્રમસિંહ ૯૬.૮૯ પર્સન્ટાઈલ સાથે શાળામાં પ્રથમ ક્રમે, તુરી મેહુલકુમાર ફરશુરામ અને ઠાકોર વિશાલ દશરથજી ૮૯.૪૯ ટકા સાથે બીજા ક્રમે તેમજ દરજી ધ્રુવિન અશ્વિનભાઈ ૮૭.૮૯ ટકા સાથે ત્રીજા ક્રમે ઉત્તીર્ણ થયેલ છે. શાળામાં કન્યાઓનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, શીતલબાએ ટ્યૂશન વિના શ્રેષ્ઠ પરિણામ હાંસલ કર્યું છે.

# અંબાસણમાં પરિણીતા પર દુષ્કર્મ આચરવાના પ્રયાસ સંદર્ભે ફરિયાદ

મહેસાણા

મહેસાણા તાલુકાના અંબાસણમાં એક મહિલા પર દુષ્કર્મ આચરવાનો પ્રયાસ કરવામાં આવતા ચકચાર મચી હતી. જો કે મહિલા આ આરોપીના તાબે ન થાય તો તેણીના પતિને મારી નાંખવાની ધમકી ઉચ્ચારમાં આવી હતી, આ અંગે લાંઘણજ પોલીસે આરોપી સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. જાણવા મુજબ અંબાસણની એક પરિણીત મહીલા સવારે ગામ ખાતેથી મહેસાણા નોકરી માટે આવી રહી ત્યારે ગામ નજીક અંબાસણના ત્રિકમલાલ તુલસીદાસ પરમારે અગાઉની અદાવતમાં તેણીનો હાથ પકડી દુષ્કર્મ આચરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે મહીલા તેના તાબે નહિં થાય તો તેણીના પતિને મોતને ઘાટ ઉતારવાની ધમકી આપી હતી. આ મામલે લાંઘણજ પોલીસ મથકમાં મહિલાએ આરોપી ત્રિકમલાલ પરમાર સામે ગુનો નોંધાવ્યો હતો.

# પાટણના ભદ્ર વિસ્તારમાં રિક્ષા અને બાઈક અથડાતા બેને ઈજા

પાટણ

પાટણમાં ભદ્ર વિસ્તારમાં આવેલી કે.કે.ગર્લ્સ હાઈસ્કૂલના વળાંક વાળા રસ્તે પાલિકા તરફ જવાના માર્ગ પર બાઈક અને રિક્ષા અથડાતા બે જણાને ઈજાઓ થઈ હતી. આ વળાંક વાળા રસ્તા પર આંતરે દિવસે અકસ્માતનો બનાવ બને છે. જાણવા મળતી વિગતો અનુસાર હારિજના ગલાજી રતુજી ઠાકોર પોતાની રિક્ષા લઈ પાટણ આવેલ અને તેઓ ભદ્રથી નગરપાલિકા જઈ રહ્યા હતા ત્યારે સામેથી વળાંકવાળા રસ્તેથી બાઈકચાલક સીધો રીક્ષાને અથડાતા રીક્ષામાં સવાર લોકોમાંથી બે જણાને સામાન્ય ઈજા થઈ હતી.

# વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | ડીસા | અસાલીયો | ૬૯૦ |
| એરંડા | ૭૬૫-૭૭૫ | ઘઉં | ૩૨૧-૪૦૯ |
| રાયડો | ૭૦૦-૭૨૯ | બાજરી | ૨૨૭-૨૬૫ |
| ઘઉં | ૩૨૧-૩૭૦ | જુવાર | ૭૪૫-૫૫૭ |
| બાજરી | ૨૨૧-૨૫૫ | સવા | ૮૯૦-૭૭૫ |
| જીરૂ | ૨૭૦૦ | | પાટણ |
| વરીયાળી | ૧૨૧૧ | જીરૂ | ૨૩૫૦-૨૮૭૭ |
| સુવા | ૮૪૨ | વરીયાળી | ૧૦૬૮-૧૩૬૭ |
| ઈસ. | ૧૧૨૧ | મેથી | ૪૦૦-૪૨૫ |
| રાજગરો | ૧૧૪૦-૧૨૬૫ | સુવા | ૭૦૦-૯૨૨ |
| મગફળી | ૭૬૦ | રાયડો | ૬૬૧-૭૬૪ |
| તમાકુ | ૧૧૦૦-૧૫૧૧ | એરંડા | ૭૫૧-૭૮૪ |
| | થરા | ઈસ. | ૧૦૭૫-૧૨૦૦ |
| જીરૂ | ૨૬૨૫-૩૧૮૦ | અજમો | ૮૦૦-૧૧૯૯ |
| એરંડા | ૭૭૦-૭૯૦ | ઘઉં | ૩૧૮-૩૮૦ |
| વરીયાળી | ૧૧૭૨-૧૭૮૧ | જુવાર | ૫૦૦ |
| ઘઉં | ૩૧૭-૩૯૨ | બાજરી | ૨૧૫-૨૭૧ |
| બાજરી | ૨૪૫-૨૫૫ | જવ | ૨૭૫ |
| | ભીલડી | ચીકુડી | ૮૦૦-૧૩૦૦ |
| એરંડા | ૭૭૦-૭૮૦ | રજકો | ૨૧૦૦-૨૭૭૫ |
| રાયડો | ૬૮૧-૭૧૭ | ગવાર | ૬૮૭-૭૦૬ |
| રાજગરો | ૧૧૨૫-૧૧૯૧ | | થરાદ |
| બાજરી | ૨૩૫-૨૫૩ | રાયડો | ૭૧૦-૭૪૮ |
| ઘઉં | ૩૦૫-૩૭૬ | એરંડા | ૭૬૦-૭૮૦ |
| જીરૂ | ૨૬૦૦-૨૮૦૦ | જીરુ | ૨૪૦૦-૩૦૦૦ |
| | ધાનેરા | ચિકુડી | ૧૨૦૦-૧૩૦૦ |
| ઘઉં | ૩૦૯-૩૫૯ | ઈસબગુલ | ૧૩૦૦-૧૬૦૦ |
| બાજરી | ૨૩૦-૨૬૪ | અજમો | ૧૦૫૦-૨૩૦૦ |
| ગવાર | ૬૯૬-૭૧૯ | રજકો | ૨૪૦૦-૨૭૦૦ |
| રજકો | ૨૬૪૦ | મેથી | ૪૦૦-૭૦૦ |
| સરસવ | ૭૩૧-૮૪૫ | સોવા | ૭૦૦-૮૮૦ |
| રાયડો | ૬૫૦-૭૩૪ | ગવાર | ૭૦૦-૭૧૨ |
| એરંડા | ૭૬૦-૭૮૧ | બાજરી | ૨૫૦-૨૫૭ |
| ઈસ. | ૧૧૦૦-૧૪૦૧ | | રાહ |
| જીરૂ | ૨૬૭૦-૨૯૭૦ | રાયડો | ૭૧૫-૭૩૫ |
| સુવા | ૭૭૦-૮૯૮ | એરંડા | ૭૬૦-૭૭૦ |
| વરીયાળી | ૯૮૦-૧૨૩૫ | ચિકુડી | ૧૧૬૦-૧૩૦૦ |
| રાજગરો | ૧૦૨૧-૧૧૦૦ | સોવા | ૮૦૦-૮૫૦ |
| અજમો | ૧૨૯૦-૧૫૦૦ | બાજરી | ૨૪૦-૨૬૫ |
| ચીકુડી | ૧૧૯૭-૧૨૯૫ | | પાંથાવાડા |
| અસાળીયો | ૭૪૦ | ઘઉં | ૨૮૫-૩૩૫ |
| ચણા | ૫૯૦-૬૩૦ | બાજરી | ૨૫૫-૨૫૫ |
| | સિધ્ધપુર | રાજગરો | ૧૧૬૩-૧૨૧૯ |
| જીરૂ | ૨૫૫૧-૨૮૦૦ | ઈ.ગુલ | ૧૧૨૫-૧૨૦૭ |
| વરીયાળી | ૧૨૫૬ | જીરુ | ૨૬૬૭-૨૭૬૩ |
| ઈસ. | ૯૦૦ | એરંડા | ૭૬૦-૭૮૪ |
| રાયડો | ૬૭૬-૭૨૭ | રાયડો | ૭૦૮-૭૩૩ |
| એરંડા | ૭૪૦-૭૮૪ | | |

# ચાણસ્મા તાલુકાના જસલપુર, કારોડા, પંચાસરા, છમીછા ગામોના તળાવો ઉંડા કરવાની કામગીરીનું નિરક્ષણ

પાટણ

રાજય સરકાર દ્વારા ગુજરાતના ખૂણે ખૂણે સુજલામ સુફલામ જળ સંચય અભિયાન ચાલી રહયું છે. તે અંતર્ગત પાટણ જીલ્લો પણ જનભાગીદારી અને મનરેગા હેઠળ ગામે ગામ જળ સંચય હેઠળ તળાવો ઊંડા કરવાની કામગીરી વિરાટ પુરૂષાર્થ તરફ આગળ વધી રહ્યા છે. જળ સંચયના કામોને પ્રોત્સાહિત કરવા રાજય સરકારના શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોર ચાણસ્મા તાલુકાના જસલપુર, કારોડા, પંચાસરા, છમીછા ગામોના તળાવ ઊંડા કરવા જળ સંચયના ચાલુ કામનું નિરિક્ષણ કર્યુ હતું. તેમજ છમીછા ખાતે રૂ. ૨૪ લાખના ખર્ચે તૈયાર થયેલ ઓવરહેડ ટાંકીનું લોકાર્પણ કર્યું હતું.



મંત્રીએ જણાવ્યું હતું કે, સુજલામ સુફલામ જળ અભિયાનથી સરહદના વઢિયાર પંથકના તળાવો ઝડપથી ઊંડા થશે અને વરસાદનું ટીંપે ટીંપુ પાણીનો સંગ્રહ કરી લોક ઉપયોગમાં લઈ શકાશે. દુષ્કાળ ભુતકાળ બને એ તરફ રાજય સરકાર તીવ્ર ગતિએ આગળ વધી રહી છે. એની તરસ બુઝાવવાનું કાર્ય રાજય સરકારે હાથ ધરીને ધરતીના છોરુંની જવાબદારી લીધી છે. જળ અભિયાન એ જ ભાવિ પેઢીનો વારસો બનશે. મનરેગા યોજના હેઠળ તળાવો ઊંડા કરવાની કામગીરીનું નિરીક્ષણ અને શ્રમિકો સાથે ચર્ચા કરી હતી.

આ કાર્યક્રમમાં પૂર્વ ધારાસભ્ય રજનીભાઈ પટેલ, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ મુકેશ પટેલ, તાલુકા ભાજપ પ્રમુખ બાબુભાઈ પટેલ, જળ અભિયાનના લાયઝન અધિકારી એસ.એ.વહીયા, ના.કા.ઈ. ટી.એફ.શ્રોફ, સંગઠ્ઠનના મનોજભાઈ, જસુભા દરબાર, વિક્રમ ઠાકોર, વિષ્ણુ પટેલ, દિલીપ જોષી, તાલુકા વિકાસ અધિકારી ત્રિવેદી, સંગઠનના સભ્યો, અધિકારીગણ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# સાબરકાંઠાના ઈડરના ચોટાસણ અને વિજયનગરના વિરેશ્વરના જળસંચય અભિયાન કામની મુલાકાત લેતાં પાણી પુરવઠામંત્રી

હિંમતનગર

સમગ્ર રાજયવ્યાપી આરંભાયેલા સુજલામ સુફલામ જળઅભિયાન અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં આરંભ થયેલા કામોનું નિરીક્ષણ જિલ્લા પ્રભારી તથા પાણી પુરવઠા અને સિંચાઈ મંત્રી શ્રી પરબતભાઈ પટેલે કર્યુ હતું.



સતીષ ભટ્ટ

જિલ્લાના ઈડર તાલુકાના ચોટાસણ ગામનું તળાવ અને વિજયનગરના વિરેશ્વરની વન તલાવડીના કામનું નિરીક્ષણ કર્યુ હતું.

આ પ્રસંગે ગ્રામજનોને સંબોધતા મંત્રીશ્રી પરબતભાઈ પટેલે જણાવ્યું હતું કે, જળ સંચય અભિયાન રાજયભરમાં જન આંદોલન બન્યું છે. સીમતળનું પાણી સીમમાં રહે અને વ્યર્થ વહી ન જાય તથા વરસાદી પાણી અટકાવવા ગ્રામજનો જાગૃત બન્યા છે. જે ખરેખર અભિનંદનને પાત્ર છે.

ગામની મુલાકાત વેળાએ જિલ્લા સમાહર્તા શ્રી પ્રવિણા ડી.કે. જિલ્લા વિકાસ અધિકારી શ્રી સ્તુતિ ચારણ, પૂર્વ ધારાસભ્ય શ્રીમતી રમીલાબેન બારા, અગ્રણી શ્રી તખતસિંહ હડીયોલ, અશોક જોષી સહિત અમલીકરણ અધિકારીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મહેસાણાના રામપુરા-કડવાસણ વચ્ચે પૂર્વ અદાવતમાં કારચાલક પર હુમલો

મહેસાણા

મહેસાણા તાલુકાના રામપુરા-કડવાસણ વચ્ચે કારચાલક પર હુમલો કરી તેનું અમદાવતમાં અપહરણ કરી માર મારવામાં આવતા ચકચાર મચી જવા પામી છે. આ અંગે તેને પાંચ વ્યક્તિ સામે મહેસાણા તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

મહેસાણાના સાંગણપુરના લાભુભાઈ બાબુભાઈ નાયીએ ગોઝારિયાના વિશાલ અરવીંદભાઈ પટેલ, જયદીપ પટેલ, અને એક અજાણ્યા વ્યક્તિ સામે શનિવારે મહેસાણા તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. લાભુભાઈ નાયી ગત શનિવારે કારવાં મહેસાણાથી સાંગણપુર જઈ રહ્યા હતા ત્યારે રામપુરાથી કડવાસણ વચ્ચે આરોપીઓએ બાઈક-કારમાં આવી પાઈપથી હુમલો કરી મારમારી ગાડીમાં તેને ઉઠાવી જઈ વિસનગર રોડ પર તોરણીયા પરા નજીક ઉતારી રોકડ અને મોબાઈલ પડાવી લીધેલ. ઈજાગ્રસ્ત લાભુભાઈ નાયી ત્યારબાદ મહેસાણા સિવીલમાં સારવાર અર્થે પહોંચ્યા હતા. લાભુભાઈ નાયીના દિકરાએ પ્રેમ લગ્ન કરેલ હોઈ અને તે અમેરિકા રહેતો તેની અદાવતમાં આ હુમલો કરાયો હોવાનું પોલીસને જણાવેલ.

# સુણક પાસે અકસ્માત બનાવમાં ઈજાગ્રસ્ત બાળકનું પણ મોત

ઉંઝા

ઉંઝા તાલુકાના સુણક ખાતે થોડા દિવસો અગાઉ એકટીવા અને સ્કૂટર વચ્ચે થયેલા અકસ્માતમાં બે વ્યક્તિઓના મોત નિપજયાં હતા. તેમજ આ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ માસુમ બાળકને વધુ સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જેમાં સારવાર દરમ્યાન તેનું મોત નિપજયું હતું.

અકસ્માતમાં મરણ પામનાર સદગતી માટે સુણક ગામ તરફથી ગત રવિવારે અકસ્માત સ્થળ પર એક યજ્ઞ કરવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા. અને તમામ મૃતકોને શ્રધ્ધાંજલિ પાઠવવામાં આવી હતી.

# વારાહી દેના બેંકમાં પૈસા ચોરાયા

વારાહી

વારાહી દેના બેંકમાં સોમવારે બપોરે ૧૨ કલાકના અરસામાં બરારા ગામના આહીર જહાભાઈ ડાહ્યાભાઈ તેમની પાક ધિરાણના રૂ.૧.૪૦ લાખ ભરવા માટે પ્લાસ્ટીકની કોથળીમાં રૂ.૬૮ હજારની બે હજારની નોટ અને બીજા ૧૦૦ નોટના બંડલ લઈને દેના બેંકમાં આવ્યા હતા. ત્યારે તેઓ કેશીયરની બારી પાસે ગયા ત્યારે તેમની પાસે કેશિયરે પાનકાર્ડની માંગણી કરતાં તેઓ તેમની કોથળીમાંથી પાનકાર્ડ કાઢવા જતાં થેલીને ચેકો મારેલ છે તેવું જણાતા થેલીમાં તપાસ કરતા થેલીમાંથી રૂ.૬૮ હજારની બે હજારની નોટો ચોરી થઈ તેવું માલુમ પડતાં તેમણે પૈસા ચોરાયા તેવું દેના બેંકના અધિકારીઓને જણાવ્યું હતું.

દેના બેંકના અધિકારીઓ પોલીસને જાણ કરાતા પોલીસ દ્વારા તપાસ હાથ ધરી હતી. દેના બેંકના સીસીટીવી જોતા ત્રણ-ચાર છોકરા બેંકમાં આંટા મારતા નજરે પડ્યા હતા પણ બેંકમા ભીડ હોવાને કારણે ચહેરા ઓળખાતા ન હતા. તે વિસ્તાર આવતા તમામ સીસીટીવી ફુટેજ ચેક કરાઈ રહ્યા છે. તેવું વારાહી પીએસઆઈ ચૌધરીએ જણાવ્યુ હતું.આમીર ખાન મલેક તેમજ વિજય દરજી એ જણાવ્યુ કે ઉલ્લેખનીય છે કે વારાહીમાં એસબીઆઈમાંથી ગડસઈના આધેડના ૪૦ હજાર અને જારુસાની મહિલા ૪૩ હજાર ચોરાયા હતા આ ઘટના સીસીટીવી હોવા છતાં ચોર પોલીસ પકડથી બહાર છે.

# રાધનપુર તાલુકા પંચાયતની આયોજનની બેઠક મુલતવી રાખવા રજુઆત

રાધનપુર

રાધનપુર તાલુકા પંચાયતની વર્ષમાં એકવાર મળતી આયોજનની બેઠક સોમવારે મળી હતી,જેમાં કોંગ્રેસના ધારાસભ્ય,જિલ્લા પંચાયતના બે સદસ્યો અને તાલુકા પંચાયતના સામાજિક ન્યાય સમિતિના ચેરમેન સહીત ચાર સદસ્યોએ તેમને બેઠકના એજન્ડા ખુબ જ મોડા મળ્યા હોવાથી તેમના વિસ્તારના લોકોના કયાં વિકાસ કામોને બેઠકમાં રજુ કરવા તે માટે સમય ના મળ્યો હોવાથી આ બેઠક મુલતવી રાખીને નવી તારીખ જાહેર કરવા લેખિતમાં રજુઆત કરી હતી,જો કે ત્યારબાદ આ બેઠકમાં સવા કરોડ રૂપિયાના વિકાસ કાર્યોનો સમાવેશ કરીને તમામ રેકર્ડ જિલ્લા આયોજન અધિકારીને મોકલી આપવામાં આવ્યું હોવાનું તાલુકા વિકાસ અધિકારીએ જણાવ્યું હતું.

તાલુકા પંચાયતમાં પ્રમુખની અઢી વર્ષની ટર્મ પુરી થઈ રહી છે,અને કોંગ્રેસના જ સદસ્યોમાં ભાગલા પડેલા છે,તેવા સંજોગોમાં વર્ષમાં એક વાર મળતી આયોજનની બેઠક સોમવારે મળી હતી,જેમાં ઉપાધ્યક્ષ પ્રાંત અધિકારી એસ.ડી.ગિલવા,સભ્ય સચિવ તાલુકા વિકાસ અધિકારી રઘુભાઈ એચ.ચૌધરી,તાલુકા પંચાયતના પ્રમુખ બધીબેન આહીર સહિતની ઉપસ્થિતિમાં બેઠક શરુ થાય તે પહેલા જિલ્લા પંચાયતના સદસ્ય જગદીશભાઈ રાઠોડ,જિલ્લા પંચાયતના સદસ્ય ચૌધરી હેમાબેન કરશનભાઈ,તાલુકા પંચાયતના સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ ખેમીબેન ખેતાભાઈ રાણા અને ધારાસભ્ય અલ્પેશ ઠાકોરના પ્રતિનિધિએ આ બેઠકને મુલતવી રાખીને નવી બેઠકની તારીખ જાહેર કરવા લેખિતમાં રજુઆત કરીને નીકળી ગયા હતા.અને બેઠકમાં ભાગ લીધો નહતો.ત્યારબાદ બેઠકમાં સવા કરોડના વિકાસકાર્યોને સર્વાનુમતે બહાલી આપીને ઠરાવ કરીને જિલ્લા આયોજન અધિકારીને મોકલી દેવામાં આવ્યો હતો.જેની સાથે આયોજન સમિતિના સદસ્યોની રજૂઆતોના પત્રો પણ મોકલી આપવામાં આવ્યા હતા. સદસ્યોએ કરેલી રજૂઆતોમાં જણાવ્યા મુજબ બેઠકના એજન્ડાની જાણ યોગ્ય સમયે કરવામાં આવી નથી અને અમારી અવગણના કરવામાં આવી હોવાનું તેમજ આયોજન મિટિંગમાં એજન્ડા ઉપરના કામોની યાદી અગાઉથી આપવામાં આવી નથી જેથી અમારા વિસ્તારના લોકોના વિકાસના કામોની કોઈ રજુઆત કરી શકીએ તેમ નથી તેવું જણાવવામાં આવ્યું છે.

### કોઈ પાવર નથી

તાલુકા વિકાસ અધિકારી અને આયોજન સમિતિના સભ્ય સચિવ આર.એચ.ચૌધરીએ જણાવ્યું હતું કે આયોજનની બેઠકમાં શું કરવું તેનો મને કોઈ અધિકાર નથી,પ્રમુખના કહેવા મુજબ કરવામાં આવ્યું છે.આ બેઠકનો તમામ રેકર્ડ અને બેઠક મુલતવી રાખવાની સદસ્યોની રજૂઆતોના પત્રો જિલ્લા આયોજન અધિકારીને મોકલી આપવામાં આવ્યા છે.

### ધારાસભ્યની ચીમકી

આયોજન સમિતિના સદસ્ય અને ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે ત્રણ સદસ્યો સાથે લેખિતમાં રજુઆત કરીને બેઠક નવેસરથી બોલાવવા જણાવ્યું છે.તેમણે આ રજુઆતમાં તાલુકા વિકાસ અધિકારીને જણાવ્યું છે કે જો અમારી રજૂઆતોને ધ્યાનમાં લેવામાં નહિ આવે તો અને આજની આયોજનની બેઠક રદ કરીને નવેસરથી મિટિંગ બોલાવવામાં નહિ આવે તો અમોને તમારી ફરજ-જવાબદારીઓ પ્રત્યે બેદરકારી અને નિષ્ક્રિયતા રાખીને અમારી અવગણના કરેલ હોઈ જણાઈ આવેલ હોઈ નાછૂટકે આપશ્રી સામે યોગ્ય પગલાં લેવા અંગે રાજ્ય સરકારશ્રીને રજુઆત કરવી પડશે.અને આગળની ઘટતી કાર્યવાહી કરવામાં આવશે.

# મહેસાણામાંથી ગુમ યુવતીને શોધી કાઢવા પોલીસને કોર્ટનો હુકમ

મહેસાણા

મહેસાણા શહેરમાંથી દોઢ માસ પૂર્વે એક કોલેજીયન યુવતીને લાખવડનો યુવાન લગ્નની લાલચે ભગાડી ગયો હતો. આ અંગે યુવતી ગુમ થવાની ફરિયાદ પરિવાર જનોએ નોંધાવી હતી.

જેમાં પોલીસ દ્વારા તપાસ ધીમી કરવામાં આવતાં યુવતીના પિતાએ મહેસાણા કોર્ટમાં યુવતીની શોધખોળમાં તપાસ યોગ્ય કરાવવા અરજ ગુજારતા ચીફ કોર્ટે મહેસાણા તાલુકા પોલીસ મથકમાં ઈન્ચાર્જ પી.આઈ.ને દિન-સાતમાં તપાસ પૂર્ણ કરી યુવતીને શોધીને કોર્ટમાં રજૂ કરવા હુકમ કર્યો છે.

મહેસાણાના લાખવડનો પ્રિયમ પટેલ નામનો યુવક શહેરની કોલેજીયન યુવતીને લગ્નની લાલચ આપી ગત ૪ એપ્રિલના રોજ ભગાડી ગયો હતો અને પ્રેમ લગ્ન કરી લીધા હતા. જો કે યુવકે લગ્નનું સર્ટી કોર્ટમાં રજૂ કરતા તેમાં ત્રુટીનો આક્ષેપ કરી યુવતીના પિતાએ આ મામલે તપાસ માટે મહેસાણા ચીફ કોર્ટમાં અરજી કરી ત્યારે કોર્ટે સર્વ વોરંરંટ ઈસ્યુ કર્યું હતું. તેમાં ધીમી તપાસને લઈ યુવતીના પરિવારે મહેસાણા ચીફ કોર્ટમાં અરજ ગુજારતા જયુ.મેજીસ્ટ્રેટ જી.પી.સોઢાએ મહેસાણા તાલુકા પોલીસ મથકના પીઆઈને જાતે તપાસ ચલાવી સાત દિવસમાં યુવતીને કોર્ટમાં રજુકરવા જણાવેલ છે.

# ઉંઝાની સ્ટેટ બેંકમાં અપૂરતા સ્ટાફથી બેંક ગ્રાહકોને ભારે હાલાકી

ઉંઝા

ઉંઝા નજીકના સુપ્રસિધ્ધ યાત્રાસ્થળ ઉનાવા ખાતે ભારતીય સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની શાખામાં અપૂરતા સ્ટાફને કારણે ગ્રાહકોને મુશ્કેલી વેઠવી પડે છે.

ઉનાવા ગામ લગભગ વીસ હજારની વસતિ ધરાવતું સુપ્રસિધ્ધ યાત્રાસ્થળ છે. અત્રે છેલ્લા ઘણા વર્ષાથી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા બેંકની શાખા કાર્યરત છે. બેંકની આ શાખામાં છેલ્લા ઘણા વખતથી જરૂરી સ્ટાફથી નિયુક્તિ કરવામાં આવી નથી. આમ બેંકમાં કેટલીક ખાલી જગ્યાઓ પર કર્મચારી અધિકારીની નિયુક્તિ ન થતાં હાલમાં ફક્ત બે ટાણ કર્મચારીઓથી કામકાજ ચાલી રહ્યું છે.બેંકમાં ખાલી જગ્યાઓના કારણે બેંકના કર્મચારી અધિકારી પર કામનું ભારણ વધી ગયેલ છે. આ ઉપરાંત પૂરતા સ્ટાફના અભાવે બેંકના ગ્રાહકોને પણ મુશ્કેલી વેઠવી પડે છે. આ બાબતે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના વરિષ્ઠ સત્તાધિશોએ સત્વરે ઉનાવા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની શાખામાં જરૂરી કર્મચારીઓની સત્વરે નિમણુંક કરવી જરૂરી બન્યું છે.

# મહેસાણા રેલવે સ્ટેશનના પાર્કિંગમાંથી જ રિક્ષાના પાર્ટસની તસ્કરી

મહેસાણા

મહેસાણા રેલવે સ્ટેશનના પાર્કિંગમાં પાર્ક કરવામાં આવેલી રિક્ષામાંથી ટાયર સહિતના વિવિધ પાર્ટસની ચોરી કરી અજાણ્યા તસ્કરો ફરાર થઈ ગયા હતા. આ બાબતે રેલવે પોલીસ મથકે ફરિયાદ નોંધાવામાં આવતા પોલીસે ગુનો દાખલ કરીને તપાસ હાથ ધરી છે. જો કે રેલવે પોલીસે બાતમીના આધારે એક ઈસમને ચોરાયેલા પાર્ટસ સાથે ઝડપી લીધો છે.

કડી તાલુકાના બુડાસણમાં રહેતા દિનેશ પશાભાઈ રિક્ષા ભાડે ફેરવીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે, ગત બુધવારે મુસાફરો ભરીને રિક્ષા લઈ મહેસાણા રેલવે સ્ટેશને આવ્યા હતા, મુસાફરોને ઉતાર્યા બાદ મોડું થઈ જતાં તેઓએ પોતાની નંબરની રિક્ષા રેલવે સ્ટેશનના પાર્કિંગમાં મુકી રાત્રે નજીકના ગેસ્ટહાઉસમાં સુઈ ગયેલ. સવારે રિક્ષા લેવા આવ્યા ત્યારે રિક્ષામાંથી ટાયર, સીટો, બેટરી સહિત ૭ હજારનો પાર્ટસ ચોરી થવાની જાણ થતાં મહેસાણા રેલવે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, અને સબ ઈન્સ્પેક્ટર પાનમખાને વધુ તપાસ હાથ ધરી છે, આ અંગે રેલ્વે પોલીસે બાતમીના આધારે શાલીમાર સોસાયટીમાં રહેતા આરીફ શેખના ઘરેથી ચોરાયેલ રિક્ષાનો સામાન મળી આવેલ છે.

## ચેક રિટર્ન કેસમાં પિરોજપુરાના શખ્સને એક વર્ષની સજા

મહેસાણા

વિજાપુરના રણશીપુર ગામે રહેતા અને કિસાન ફર્ટિલાઈઝરના નામે દુકાન ધરાવતા વેપારી પટેલ પુરૂષોત્તમભાઈ રુગનાથભાઈએ તેમના ભત્રીજા રમણભાઈ પટેલની સાથે નોકરી કરતા પીરોજપુરા ગામના પટેલ મહેન્દ્રભાઈ મણીલાલને બે વર્ષ પૂર્વે સામાજીક કાર્ય માટે પૈસાની જરૂરિયાત ઉભી થતાં ૨૦ માર્ચ ૨૦૧૬ ના રોજ રૂા.૫ લાખ હાથ ઉછીના આપ્યા હતા. જેના બદલામાં વેપારી પુરૂષોત્તમભાઈ પટેલને તેમણે એકસીસ બેંકનો ચેક લખી આપ્યો હતો.

જે ચેક બેંકમાં ભરતા પરત ફર્યો હતો. જે કેસ પિજાપુરના જયુ.મેજી.ફર્સ્ટકલાસ બી.એન.પરમારની કોર્ટમાં ચાલી જતાં આરોપી મહેન્દ્રભાઈ પટેલને દોષિત ગણી એક વર્ષની જેલની સજા બને રૂા.પાંચ લાખ ચૂકવી આપવા હુકમ કર્યો હતો.

# બનાસકાંઠામાં ઘાસચારો ભરેલી ટ્રકો સળગવાનો સિલસિલો જારી


ભરત સુંદેશા

## કંસારી નજીક ઘાસ ભરેલી વધુ એક ટ્રક સળગી ઉઠી

ડીસા

બનાસકાંઠા જિલ્લાની શેરપુરા ગૌશાળામાં જતી વધુ એક ઘાસચારો ભરેલી ટ્રક અચાનક સળગી ઉઠતા જિલ્લામાં સરકારી ઘાસચારો ભરેલી ટ્રકો સળગવાનો સિલસિલો અકબંધ રહેવા પામ્યો છે.

સરહદી જિલ્લામાં ઘાસચારાની તીવ્ર અછત વચ્ચે ગૌશાળા અને પાંજરાપોળના સંચાલકોએ અબોલ પશુઓના હીતમાં સરકાર વિરૂધ્ધ આંદોલન છેડ્યું હતું. જેથી સરકાર ગાય દીઠ ૪ કિલો ઘાસચારો અને એક કિલો દાણ આપવા સંમત થઈ હતી. જે અનુસંધાને સરકાર દ્વારા ગૌશાળા અને પાંજરાપોળોને ઘાસચારો આપવાનું શરૂ કરી દેવાયું છે. મુખ્યત્વે સૌરાષ્ટ્ર વિસ્તારમાંથી ઘાસચારો ભરીને ટ્રકો આવે છે ત્યારે બે દિવસ અગાઉ દિયોદર અને શિહોરી નજીક ઘાસચારો ભરેલી બે ટ્રકો સળગી ઉઠી હતી. તેના બીજા દિવસે ટેટોડા ગૌશાળા નજીક એક ટ્રક સળગી ઉઠી હતી. અને હવે ગઈકાલે શેરપુરા ગૌશાળા તરફ જતી ઘાસચારો ભરેલી ટ્રકનો કંસારી નજીક વિજ વાયર અડકી જતા ટ્રક ભડભડ સળગવા લાગી હતી. તેથી ટ્રક ચાલક હારૂનભાઈ શેખ સમય **અનુસંધાન પાના નં.૬**

# દાંતામાં આધારકાર્ડના નામે ઉઘાડી લૂંટ



(પ્રતિ.) દાંતા

દાંતા મામલતદાર ખાતે આધાર કાર્ડના નામે ઊઘાડી લૂંટ ચલાવી રહ્યા છે. દાંતા તાલુકો એ ટ્રાયબલ વિસ્તાર તરીકે ઓળખાય છે અને અહી શિક્ષણ મા પછાત ગણાતો તાલુકો ઓળખાય છે અને અહી ગરીબ લોકોને આધારકાર્ડ બનાવવા માટે રૂપિયા ૩૦ ની લૂંટ કરવામાં આવે છે અને જે લોકો પૈસા આપવાનો ઈન્કાર કરે તો બહાના કાઢીને પરત મોકલવામાં આવે છે. આ કીટ જીલ્લા ઈ-સેવા સોસાયટી આધારકાર્ડ મામલતદાર ઓફિસ દાંતાના નામની છે સરકારી કીટનો ઊપયોગ કરી અરજદારો પાસેથી સરેઆમ દાંતા મામલતદારમાં આધારકાર્ડના નામે ઊઘાડી લૂંટ ચલાવવામાં આવી રહી છે દાંતા મામલતદાર કચેરી ખાતે કોઈ પણ પ્રકારના આધારકાર્ડ ફીના બોર્ડ પણ લગાવવામાં આવેલ નથી. સરકાર દ્વારા એક બાજુ મોટા મોટા ફણગા ફૂકવામાં આવે છે કે આધારકાર્ડ મફતમાં નિકાળવામાં આવે છે અને બીજી બાજુ દાંતા મામલતદાર કચેરીએ ઊઘાડી લૂંટ ચાલે છે આ બાબતે દાંતા મામલતદાર મૌન તોડીને અરજદારોને ન્યાય અપાવે તેવી લોક માંગ ઉઠી છે.

# દાંતીવાડા રેન્જ ફોરેસ્ટ ઓફીસર બાર હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપાયા

## લાકડાના ટ્રેક્ટરો બે રોકટોક જવા દેવા મામલે લાંચ માંગી હતી

ડીસા

રાજયમાં લાંચીયા અધિકારીઓ સામે એ.સી.બી.એ અસરકારક કામગીરી કરી અનેક સરકારી બાબુઓને લાંચ લેતા રંગેહાથ ઝડપી જેલ ભેગા કર્યા છે. ત્યારે ડીસામાં નાયબ કલેકટર ઉપાધ્યાયને લાંચ કેસમાં ઝડપ્યા બાદ બીજી મોટી સફળતામાં દાંતીવાડા રેન્જ ફોરેસ્ટ ઓફિસરને ૧૨,૦૦૦ લાંચ કેસમાં એ.સી.બી. પાલનપુર ટીમે ઝડપ્યા છે. જો કે અન્ડર ઈન્વેસ્ટીગેશનમાં આ લાંચીયા અધિકારીના પ્રત્યક્ષ પરોક્ષ કબજામાંથી વધુ ૧૪ લાખ જેટલી મત્તા ઝડપાઈ હોવાનું આધારભૂત સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. જેનાથી લાંચીયા અધિકારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

આ અંગેની વિગત જોઈએ તો, બનાસકાંઠામાં થોડા સમય અગાઉ નાયબ કલેકટર વી.કે. ઉપાધ્યાય ખનીજ મામલે કકડાઈ દાખવી વાહન ચાલકો પાસેથી લાંચ લેતાં ઝડપાયા હતાં. એ.સી.બી.એ નાયબ કલેકટર વી.કે. ઉપાધ્યાય વિરૂધ્ધ કુલ બે એફ.આઈ.આર. નોંધી હતી. ત્યારે ગતરોજ મંગળવારે આવાજ એક બનાવમાં દાંતીવાડા રેન્જ ફોરેસ્ટ અધિકારી ચંદ્રકાન્ત જોષીએ એક ફરીયાદી પાસે લાકડાના ટ્રેક્ટરને બે રોકટોક જવા દેવાના કરાર તળે રૂા.૧૨,૦૦૦ ની લાંચ માંગી હતી, જે મામલે પીડીત ફરીયાદીએ પાલનપુર એ.સી.બી. કચેરીનો સંપર્ક સાંધ્યો હતો. જે બાદ આ લાંચીયા અધિકારીને ઝડપી પાડવા એ.સી.બી.પી. આઈ.કે.જે પટેલ અને તેમની ટીમે પંચો રૂબરૂ છટકું ગોઠવ્યું હતું.

આ છટકામાં દાંતીવાડા કોલોની ખાતે રેન્જ ફોરેસ્ટ અધિકારી ચંદ્રકાન્ત જોષી લાંચ લેતાં રંગેહાથ ઝડપાઈ ગયા હતાં, એ.સી.બી.ની પ્રાથમિક તપાસમાં આ ઝડપાયેલ અધિકારીએ પોતાની આવકના સ્ત્રોતો કરતા વધુ સંપતિ વસાવી હોવાની પણ વિગતો મળતા તેમના રહેણાંક અને કબજા ભોગવટાની અન્ય જગ્યાઓએ પણ તપાસ હાથ ધરી હતી. આ તપાસમાં સુત્રોનું માનીયે તો વધુ ૧૩,૭૫,૯૩૦ રોકડ જેટલી અકસ્માયતો અને રોકડ રકમ આ લાંચીયા અધિકારીના પ્રત્યક્ષ અને પરોક્ષ કબજામાંથી મળી હતી. જે મામલે એ.સી.બી.એ તપાસ હાથ ધરી છે.

## પાંજરાપોળ સંચાલકો યુ.જી.વી.સી.એલ. અને અન્ય અધિકારીઓ સાથે

# ઘાસચારો ભરેલી ટ્રકોમાં આગના બનાવો અટકાવવા સંકલન સધાયું

## ડીસા નાયબ કલેક્ટર કચેરીએ ઘાસચારા ટ્રક સુરક્ષા મામલે બેઠક યોજાઇ


(ભરત સુંદેશા)

ડીસા

બનાસકાંઠામાં સતત ત્રણ દિવસમાં ઘાસચારાની ચાર ટ્રકો અકસ્માતે આંગને હવાલે થતાં સફાળુ વહીવટી તંત્ર ઘાસચારાની ટ્રકોની સુરક્ષા માટે જાગ્યું છે. જેમાં આજે ડીસાના નાયબ કલેકટર કચેરીએ ડીસા તાલુકાના ગૌશાળા સંચાલકો, મામલતદાર, વિજ વિભાગ અને અન્ય અધિકારીઓ સાથે બેઠક યોજાઇ હતી. જેમાં ઘાસચારાની ટ્રકો અકસ્માતે સળગી ન જાય તે માટે તકેદારી રાખવાની વિસ્તૃત ચર્ચા થઇ હતી.

ડીસા નાયબ કલેકટર કચેરીએ યોજાયેલી આ બેઠકમાં યુ.વી.સી.એલ. અધિકારી ઓના કોન્ટેક્ટ નંબર પણ ફાળવામાં આવ્યાં હતાં અને જે વિસ્તારોમાં વિજ વાયરો લટકતાં હોય અથવા અન્ય સમસ્યા હોય ત્યારે સબંધીત વિજ અધિકારીનો સંપર્ક કરી વિજ પુરવઠો બંધ કરી ગાડી પસાર કરવી જેવી ગાઈડલાઈન નક્કી થઇ હતી. જ્યારે બનાસકાંઠાના અમુક સરકારી ગોડાઉનમાં ઘાસની ગુણવત્તા હલકી સારી હોવાની ચર્ચા હોઇ દરેક સંસ્થાને વિવિધ ગોડાઉનો માંથી ઘાસચારો મોકલવાની રજુઆત ટેટોડા ગૌશાળા સંચાલક રામદત્તક મહારાજે નાયબ કલેક્ટર સમક્ષ કરી હતી. બેઠકમાં ડીસા તાલુકાના ૧૦ થી વધારે પાંજરાપોળના સંચાલકો હાજર રહ્યાં હતાં. જો કે, નાયબ કલેક્ટર ડીસાએ ચાર ટ્રકો ઘાસચારાથી આંગણે હવાલે થયા બાદની સ્થિતિમાં સુધાર લાવવા અધિકારીઓ, વિજ વિભાગ અને પાંજરાપોળ સંચાલકો સાથેનું સંકલન થતાં આ બાબતે હવે ઘાસ ચારાની ટ્રકોમાં અકસ્માતે આંગ લાગવાના બનાવોમાં રાહત થશે તેવો આશાવાદ જીવદયા પ્રેમી ભરતભાઇ કોઠારીએ કર્યો હતો.

## ગરમીએ વધુ એકનો ભોગ લીધો

# ડીસામાં ૪૫ વર્ષીય આધેડનું ગરમીમાં ચક્કર આવતાં મોત



ડીસા

સમગ્ર રાજયમાં અત્યારે ગરમી તેનો કહેર વર્તાવી રહી છે ત્યારે બનાસકાંઠા જીલ્લાના ડીસામાં ગરમીના લીધે વધુ એક મોત થયું હોવાની ઘટના સામે આવી છે. સૌથી વધુ ગરમી અને સૌથી વધુ ઠંડી માટે જાણીતા ડીસા શહેરની વાત જ કઈક અલગ છે. અહી શિયાળા દરમ્યાન હાડ થીજવી નાંખે તેવી ઠંડી પડતી હોય છે તો ઉનાળામાં કાળઝાળ ગરમી આ વખતે ડીસામાં ગરમીનો આતંક એટલો વધી ગયો છે કે એપ્રિલ મહિનાની શરૂઆતથી જ તાપમાનનો પારો ૪૦ ડીગ્રીને પાર પહોંચી ગયો હતો અને મે મહિનામાં તો આકાશમાંથી રીતસરના અગનગોળા વરસતા હોય તેવી ગરમી પડી રહી છે. વાત કરીએ ડીસાની ગરમીની તો એક જ અઠવાડિયામાં ડીસામાં ગરમીના લીધે બે લોકોના મોત થયા હોવાનું સામે આવ્યું છે. એક અઠવાડિયા અગાઉ ડીસાના વડાવલ નજીક એક ટ્રક ડ્રાયવરનું ગરમીના લીધે ચક્કર આવી જતા મોત થયું હતું. ત્યારે આજે બપોરના સમયે ડીસા શહેરના સાઈબાબા મંદિર **અનુસંધાન પાના નં.૬**

# પાલનપુરની મહાલક્ષ્મી સોસાયટીમાં દોઢ લાખની ચોરી

## સોના- ચાંદીના દાગીના સહિત રૂપિયા ૧.૫૦ લાખના મુદ્દામાલની ચોરી કરી તસ્કરો ફરાર

પાલનપુર

પાલનપુર ખાતે બેચરપુરા વિસ્તારમાં આવેલી મહાલક્ષ્મી સોસાયટીમાં સોમવારે રાત્રે તસ્કરો ત્રાટકયા હતા. જ્યાં એક રહેણાંક મકાનને નિશાન બનાવી સોના- ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ મળી કુલ રૂપિયા ૧.૫૦ લાખના મુદ્દામાલની ચોરી કરી નાસી ગયા હતા. આ અંગે મકાન માલિકે પાલનપુર પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી હતી.

પાલનપુર ખાતે જિલ્લા પંચાયત પાછળ બેચરપુરા વિસ્તારમાં આવેલી મહાલક્ષ્મી સોસાયટીમાં સોમવારે રાત્રે તસ્કરો ત્રાટક્યા હતા. જેમણે સોસાયટીમાં રહેતા શૈલેષભાઇ બાબુભાઇ પટેલના મકાનને નિશાન બનાવ્યું હતુ. જ્યાં મકાનની બારી તોડી અંદર પ્રવેશ કર્યો હતો. અને તિજોરી તોડી અંદર પડેલા રોકડા રૂપિયા ૩૫ હજાર તેમજ સોના- ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા ૧.૫૦ લાખના મુદ્દામાલની ચોરી કરી નાસી ગયા હતા. મંગળવારે વહેલી સવારે ચોરી થયાની જાણ થતાં પરિવારજનો તેમજ સોસાયટીના રહિશોમાં ફફડાટ પ્રસરી જવા પામ્યો હતો. આ અંગે શૈલેષભાઇ પટેલે પોલીસ મથકે ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી છે.

# પાલનપુરમાં પાણીના ભૂતિયા જોડાણ કાપી બિલ્ડર સામે કાર્યવાહી કરવાની પાલિકાની ચીમકી


(સંજય જોષી)

પાલનપુર

પાલનપુર ખાતે હમીરબાગ વિસ્તારમાં નવી બની રહેલી સોસાયટીના બિલ્ડરે નગરપાલિકાને જાણ કર્યા વિના જ પાણીની મેઈન લાઈનમાંથી ગેરકાયદે એકનું કનેકશન લઇ લીધુ હતુ. આ અંગે પાલિકાને જાણ થતાં પાણી પુરવઠા સમિતિના ચેરમેન દ્વારા આ ગેરકાયદે કનેકશન કાપી બિલ્ડર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની ચીમકી ઉચ્ચારી હતી.

પાલનપુર નગરપાલિકા દ્વારા શહેરીજનોને ધરોઇ તેમજ સ્થાનિક બોરના પાણીનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. જેના માટે રહીશોને કનેકશનો આપવામાં આવ્યા છે. જેનો કર પાલિકા વસુલે છે.

જોકે, કેટલાક શખ્સો પાલિકાની જાણ બહાર ભૂતિયા કનેકશનો જોડી દેતા હોય છે. આ અંગે નગરપાલિકાની પાણી પુરવઠા સમિતિના ચેરમેન શાંતિલાલ પઢિયારે જણાવ્યું હતુ કે, શહેરના હમીરબાગ વિસ્તારમાં નવી બની રહેલી સોસાયટીના બિલ્ડરે નગરપાલિકાને જાણ કર્યા વિના જ પાણીની મેઈન લાઈનમાંથી ગેરકાયદે એકનું કનેકશન લઇ લીધુ હતુ. આ અંગે પાલિકાને જાણ થતાં આ ગેરકાયદે કનેકશન કાપી બિલ્ડર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની ચીમકી આપવામાં આવી છે.

# ડીસાના બનાસ નદીના પુલ પર ગાડી પલ્ટી : બેને ઇજા


(ભરત સુંદેશા)

ડીસા

બનાસકાંઠામાં માર્ગ અકસ્માતોની વણજાર ચાલુ છે. ત્યારે બે ડીસાનો બનાસનદીનો પુર અકસ્માત જોન બન્યો છે. આ પુર પર આજે બપોરના સમયે ગાડીના ચાલકે સ્ટેરિંગ પરનો કાબુ ગુમાવતાં ગાડી પલ્ટી ખાઇ ગઇ હતી. જ્યારે સદનસીબે કોઇ જાનહાથી થવા પામી ન હતી. જો કે, બે વ્યક્તિને ઈજાઓ થતાં તેમને સારવાર અર્થે ડીસા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં.

આ અકસ્માતની ઘટનાની વિગત જોઇએ તો, ડીસાના બનાસ નદીના પુર પર વારંવાર અકસ્માતની ઘટનાઓમાં બનતી જોવા મળતી હોય છે. ત્યારે ગઇકાલે એક અકસ્માતમાં એક વ્યક્તિને ગંભીર ઈજાઓ થઇ હતી. જ્યારે આજે ગાડીના ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતાં ગાડી રોડ ઉપર પલ્ટી ખાઇ ગઇ હતી. જેનાથી ગાડીમાં બેઠેલા બે વ્યક્તિઓને ઈજાઓ થવા પામી હતી. જો કે, સદનસીબે કોઇ જાનહાની થવા પામી હતી. જ્યારે બે વ્યક્તીઓને સામાન્ય ઈજાઓ થતાં તેમને સારવાર અર્થે ડીસાની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં.

# વડગામ તાલુકા પંચાયતની સામાન્ય સભામાં ડખો

## કોંગ્રેસના બે ડેલિગેટ ગેરહાજર રહેતાં કારોબારી અધ્યક્ષ અને ન્યાય સમિતિ ચેરમનનું સિંહાસન ડગુમગુ થયું

તા.પ્રતિ. વડગામ

ગઈકાલ મંગળવાર તા.૨૨ મી મે ૨૦૧૮ બપોરે ૧૨/૦૦ કલાકે તા.પં. સભાખંડમાં પ્રમુખ રાબિયાબેન અસલમ ભાઈ પટેલની અધ્યક્ષતામાં સામાન્ય સભાની બેઠક યોજાઈ હતી. તા.વિ.અધિકારી એ.એમ.પરમારે સ્વાગત પ્રવચન કર્યું હતું. સદરહું બેઠકમાં ભાજપના ૧૨ ડેલિગેટો અને કોંગ્રેસના ૧૦ ડેલિગેટો ઉપસ્થિત રહ્યા હતા. દરમ્યાન ગત સભાની કાર્યવાહી વંચાણે લઈ સામાજીક ન્યાય સમિતિ ચેરમેન અને કારોબારી અધ્યક્ષની નિમણૂંકોને બહાલી આપવા ડેલિગેટોને જણાવતાં ૧૨ વિરૂધ્ધ ૧૦ તરફેણમાં આંગળી ઉંચી થતાં તાજેતરમાં નિમણૂંક પામેલ કારોબારી અધ્યક્ષ અને સામાજીક ન્યાય સમિતિ ચેરમેનનું સિંહાસન ડગુમગુ થતાં રાજકીય ગતિવિધિઓ તેજ બની હતી. તા.પં.ના આ જટીલ મુદાને હલ કરવા ઠરાવબુક સહિત સાહિત્ય સાથે તા.વિકાસ અધિકારીએ ડી.ડી.ઓ.ની સલાહ સુચન માટે પાલનપુરની વાટ પકડી હતી.

# ધાનેરાના થાવર પાસે વિદેશી દારૂ સાથે બાઈક ચાલક પકડાયો


એન.કે.મોદી

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા પોલીસે બાતમી આધારે થાવર ચેક પોસ્ટ નજીકથી એક બાઈક ચાલકને ઝડપી તપાસ કરતાં ૫૪ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. જેથી આરોપી ચાલકની ધરપકડ કરી હતી. ટુંકી હકીકત એવી છે ધાનેરા પોલીસ મથકના પી.આઈ. આર.કે.પાઠક, રવિ કુમાર, ઈશ્વરભાઈ, હરગોવન ભાઈ તથા ઈશ્વરભાઈ વગેરે બાતમીવાળુ બાઈક નંબર જી.જે. ૦૮ બીએ ૬૦૨૩ ની ઝડતી લેતાં બાજુમાં સાઈડમાં લટકાવેલ થેલામાંથી વિદેશી દારૂ બોટલ નંગ - ૫૪ (કિંમત રૂા. ૫૪૦૦૦) તથા ૨૫૦૦૦ નું બજાજ મોટર સાયકલ સાથે આરોપી ચાલક મુકેશભાઈ નથાભાઈ પરમાર (રહે. થાવર) ની અટક કરી વધુ તપાસ પોલીસ ચલાવી રહી છે.

# મેપડા સરપંચ વિરૂધ્ધ અવિશ્વાસની દરખાસ્તનો ફિયાસ્કો

તા.પ્રતિ. વડગામ

વડગામના મેપડા સરપંચ રાકેશભાઈ ભીખાભાઈ પ્રજાપતિ વિરૂધ્ધ પંચાયતના ૬ સભ્યોએ અવિશ્વાસની દરખાસ્ત રજુ કરી હતી જે સંદર્ભે ગતરોજ મંગળવારે સર્કલ ઈન્સપેક્ટર વિજયભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં ગ્રા.પં. ની સામાન્ય સભા યોજાઈ હતી જેમાં અવિશ્વાસની દરખાસ્ત દાખલ કરનાર કુલ છ સભ્યો પૈકી એક સભ્ય ગેરહાજર રહેતાં અવિશ્વાસની દરખાસ્ત પસાર નહીં થતાં ફિયાસકો થયો હતો. તેવું તાલુકા પંચાયત વડગામ, પંચાયત શાખાના વિસ્તરણ અધિકારીએ જણાવ્યું હતું.

# બનાસકાંઠા જિલ્લા સહકારી સંઘ ધાનેરા ઝોન-૪ ની ચૂંટણી યોજાઈ

## ૧૨૭ સભ્યો પૈકી ૧૨૪ સભ્યોએ મતદાન કર્યુ : બે ઉમેદવારોનું ભાવિ મતપેટીમાં સિલ

તા.પ્રતિનિધિ ધાનેરા

બનાસકાંઠા જિલ્લા સહકારી સંઘ, પાલનપુરની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી ઝોન-૪ ધાનેરાની ચૂંટણી મામલતદાર કચેરીમાં યોજાઈ હતી.

જેમાં ૧૨૭ સહકારી સંઘના પ્રતિનિધિ (સભ્યો) પૈકી ૧૨૪ મતદાતાઓએ મતદાન કરેલ. ધાનેરા ઝોન-૪ માં ઉમેદવાર પટેલ માસુંગભાઈ એફ. (માલોતરા) તથા માળવી શંકરભાઈ પ્રેમાભાઈ (સામરવાડા) બન્ને ઉમેદવારોનું ભાવિ મામલતદાર કચેરીના મતપત્રમાં શીલ થઈ ગયું છે.

ચૂંટણી અધિકારી અને ચૂંટણી મદદનીશ અધિકારી મામલતદાર વી.એસ.ખરાડી તથા જિલ્લા ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર પાલનપુર હાજર રહી ચૂંટણી પ્રક્રિયા પૂરી કરી હતી. તેમ નાયબ મામલતદાર ડી.કે.પટેલે જણાવ્યું હતું.

અત્રે એ નોંધવું જરૂરી છે કે સહકારી સંઘમાં ૨૦ સભ્યો પૈકી ૧૯ સભ્યો જિલ્લાના બિનહરીફ થયેલ છે. જેમાં અણદાભાઈ પટેલની બહુમતી છે જ્યારે ધાનેરાની એક સીટ માટે જે. કે.પટેલ ગૃપ તથા નથાભાઈ પટેલ ગ્રુપના બંન્ને સભ્યોની ચૂંટણીમાં સમાધાન ન થતાં આજે ચૂંટણી યોજાઈ હતી.

# પાલનપુરથી વધુ એક બાઇકની ઉઠાંતરી

પાલનપુર

બનાસકાંઠામાં વાહન ચોરીના વધતા જતા બનાવો વચ્ચે જીલ્લા મથક પાલનપુર ખાતેથી વધુ એક બાઈકની ઉઠાંતરી થઈ ગઈ છે.જોકે બાઈકચોરની આ હરકત કેમેરામાં કેદ થઈ ગઈ છે.

જિલ્લા મથક પાલનપુર શહેરમાં પણ ચોરીઓની ઘટનાઓ દિનપ્રતિદિન વધી રહી છે. ત્યારે ગઇ રાત્રે પાલનપુરના આકેસણ રોડ પર આવેલ ગુરુકૃપા સોસાયટીના એક રહેણાંક મકાનની બહાર પાર્ક કરાયેલ યામાહા કંપનીના બાઇકની કોઈ અજાણ્યા શખ્સો ઉઠાંતરી કરી ગયા છે.જો કે બાઈકચોરીની આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે.આ બનાવ અંગે બાઇક માલિકે પોલીસ ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

# બનાસકાંઠા જિલ્લામાં સિઝનની સૌથી વધુ ગરમી ડીસાનું તાપમાન ૪૪.૧ ડીગ્રીએ પહોચ્યું !

પ્રતિ. વડાવળ

ગરમીનો પારો દિવસે દિવસે વધી રહ્યો છે જેના કારણે દેહ દઝાડતી ગરમીથી લોકો તોબા પોકારી ઉઠયા છે. મંગળવારના રોજ સીઝનનું સૌથી ઉચું તાપમાન ૪૪.૧ ડીગ્રી નોંધાયું હતું જેથી જિલ્લામાં હીટવેવના કારણે જનજીવન પર ભારે અસર વર્તાઈ છે.

ચાલુ સિઝનમાં ગરમીએ માઝા મુકતાં દિન - પ્રતિદિન પારો વધીને ૪૪.૧ ડીગ્રીએ પહોંચી જતા ગરમીના આ રોદ્ર સ્વરૂપથી રસ્તાઓ પણ સુમસામ બની જવા પામ્યા હતા. ગ્રામિણ સહિત શહેરી વિસ્તારના જાહેર રસ્તા અને સતત ટ્રાફિકથી ધમધમતા હાઈવે પણ બપોરના સમયે સુમસામ બની ગયા હતા. માર્ગો પર વાહનોની અવરજવરમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો. આકરી ગરમીને પગલે લોકો દિવસભર ઘરમાંથી નિકળવાનું ટાળી રહ્યા છે. સરહદી વિસ્તારોમાં ગરમ ફુંકાતા પવનોના કારણે લુ ઝરતી ગરમી પડી રહી છે. જેથી ઘરના રહેલા પંખાઓ સહિત કુલર વગેરે પણ ગરમ હવા ફેંકતા ગ્રામજનો તોબા પોકારી ઉઠી છે. અસહ્ય ગરમીને કારણે પશુ - પંખીઓ પણ કફોડી હાલતમાં મુકાઈ ગયા છે અને છાંયડાની શોધમાં પશુ - પંખીઓ આશરો લેવા મથામણમાં જોવા મળી રહ્યા છે.

ડીસામાં સિઝનની સૌથી વધુ ગરમીનો પારો નોંધાતા સમગ્ર પંથક ગરમીની ચપેટમાં આવી ગયું છે ત્યારે ગ્રામીણ વિસ્તારોમાં ખેતીની સિઝન ચાલતી હોવાથી ખેડુત સહિત મજુર વર્ગની હાલત પણ કફોડી થવા પામી છે. હવામાન વિભાગ દ્વારા જાણવા મળેલ પ્રમાણે મંગળવારના રોજ ડીસાનું મહત્તમ તાપમાન ૪૪.૧ ડીગ્રી જયારે લઘુત્તમ ૨૭.૭ ડીગ્રી નોંધાયું હતું.

## બેસણું/ઘડા



**સ્વ.રામલાલ સગાળચંદ ઠક્કર**
**(મર્દ મસાલાવાળા)**

અમારા પરમ પૂજ્ય પિતાશ્રી સ્વ.રામલાલ સગાળચંદ જોબનપુત્રા (ઠક્કર) નું તા.૧૫-૦૫-૨૦૧૮ ને મંગળવારે દુ:ખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થનું બેસણું તા.૨૫-૦૫-૨૦૧૮ ને શુક્રવારે બપોરે ૩ થી ૬ કલાકે અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

સ્થળ : વડ સામે મું.પો.કોટડા તા.લાખણી જિ.બ.કાં.
મો.૯૮૨૫૯૩૮૮૪૧, ૯૭૨૬૧૨૭૫૨૧

નોંધ : ઘડા સમાજના રીત-રીવાજ મુજબ તા.૨૬-૦૫-૨૦૧૮ શનિવારે સવારે રાખેલ છે.

લિ.

સુભાષભાઇ રામલાલ જોબનપુત્રા
(કોંગ્રેસ અગ્રણી લાખણી) (તંત્રી, સ્ટાન્ડર્ડ સાપ્તાહિક)
વાસુદેવ રામલાલ જોબનપુત્રા
કિર્તીલાલ રામલાલ જોબનપુત્રા
ધીમાગભાઇ વાસુદેવ જોબનપુત્રા
ઉમંગભાઈ સુભાષભાઈ જોબનપુત્રા
પ્રતાપભાઇ વાઘજીભાઈ જોબનપુત્રા
અજયભાઈ પ્રતાપભાઈ જોબનપુત્રા
અંકુરભાઈ પ્રતાપભાઈ જોબનપુત્રા
(સમસ્ત જોબનપુત્રા પરિવાર)

ફર્મ : ધીમાગ ધારા પેપ્સી / ઉમંગ રજવાડી મસાલા (કોટડા)